કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૬મું નવેમ્બર ૧૯૯૩ સળંગ અંક ૭૯૦


તંત્રી

ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક



દાડમ (કલાકાર : ડગ્લાસ પિકરિંગ)



ખંડેરની બારી
ફોટો : અશ્વિન મહેતા

કુમાર

કુમાર સળંગ અંક ૭૯૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશન : અશોકભાઈ બચુભાઈ રાવત. ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી, ભાલચંદ્ર ર. શાહ, બિહારીલાલ પો. શાહ પ્રકાશનસ્થાન : કુમારકાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કૉમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦ છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ.ખ. રૂ. ૨.૦૦

એક આયુ મહીં/શશિશિવમ્

(વિસંતતિલકા૦સૉનેટ)

આયુષ્યની ક્ષિતિજ આભ વિશે સમાતી,
ના અંતરો નજરથી પરિમેય, ઝાંખાં
આકાશ ને પથ દિશા, સઘળુંય શૂન્ય ;
ને ધૂંધળી નજર આથડતી અબોલ.
દીઠી ઋતુ શિશિર માત્ર સદૈવ એક,
પામું નહીં કશું છતાં ગતિ કેમ થાતી
છાલાં પડેલ ચરણે, વિણ લક્ષ્યઆશ ;
કોઈ અદીઠ દિશ કોક અદમ્ય ખેંચે.

કૈં કેટલી ખબર કેમ પ્રદક્ષિણાઓ
પૃથ્વીપટે થઈ હશે લખકોટિમાંથી !
શેં જાણવું ! મનુજ અલ્પ મતિ સદાય
જે અંધ ને તિમિરમાં ડગલાં ભરંત.
ક્યાંથી ઊઠ્યો સ્વર અચાનક આ બુલંદ :
'આ એક આયુ મહીં ના લખકોટિ જીવ્યો !'

અસલ અમલે /દિવેન્દ્ર દવે

(શિખરિણી૦સૉનેટ)

ઝડી સંગે ઝીણું ઝરમરી ગયું વ્હાલ નભનું !
હવામાં ફોરાણી મખમલ સમી મ્હેંક મધ-શી !
પછી તો પૃથ્વીનું પડ પલળી પોચું થયું જરી,
મયૂરોની કેકા, રજનીભરી દાદુર ડમક્યા !
ઉદાસીનાં ઘેરાં પડળ ખસક્યાં - કૈંક હળવાં
મિજાજે માતેલી કુદરત રહી શ્વાસ નરવા
ભરી, લ્યો લીલેરી ખૂબ સૂરત ઓઢી ચુનરીને
ધરાને અંગાંગે તૃણ તૃણત રોમાંચ ગરવા !

રહસ્યો આ કેવાં, પ્રહર પૂરવે પ્હાડ-વગડા
ધખેલા, અંઘોળે નભ શત કરે શીતળ કરે !
રહ્યા વાતા શીળા પવન, વન વૃંદાવન બન્યાં !
ઉમંગે ઓચિંતા પલટઈ ગયાં દૃશ્ય સઘળાં :
જુદાઈ વેળાના જડ, કુરૂપ ચ્હેરા સજ ઘણી
રહ્યા સૌંદર્યોના અસલ અમલે ઘૂંટ ભરવા....

ભૂલસુધાર : ગતાંકમાં શ્રી જયન્ત પાઠકના કાવ્યમાં નવમી પંક્તિ આ પ્રમાણે વાંચવી :

ફરી ગાડા-ચીલો કીચડ-તૃણઢાંકેલ ઊઘડ્યો;

મંન તારું પ્રિય/રતિલાલ છાયા

(ગાન)

(૧)

મંન તારું પ્રિય નિત્ય મ્હોરન્તું
વસન્તનું ઉપવન
મધુપ થઈ ત્યાં ખેલવા ચાહું
મુક્ત કરી ગુંજન.

(૨)

મંન તારું પ્રિય આ તો કોળતું
વ્રજરજનું મધુવન
વાંસળી થઈ ત્યાં વરસી જાઉં
હૈયાનું સૂર-ધન.

(૩)

મંન તારું પ્રિય ચિર જાગન્તું
પ્રીતિનું ભાવલોચન,
નીંદ બની ત્યાં પાંપણે પૂરું
શોણલાના નવરંગ.

(૪)

મંન તારું પ્રિય છોળતો આ તો
નિધિનો મત્ત તરંગ.
ફીણ બની ત્યાં ઝૂલતાં ઝૂલતાં
ઓગળી જાઉં સંગ !

વેરાન છે/મેહુલ ત્રિવેદી

(ગઝલ)

ક્યાં બોલવું - ના બોલવું, એવું મને ક્યાં ભાન છે ?
ને સાંભળ્યાનું આ જગત તો નામનું આસાન છે.
છે ચાલવાની ટેવ બહુ ભીંતો તણા છાંયા લઈ,
તે વાત કાને ના ધરી કે ભીંત ને પણ કાન છે.
ઘૂસી જઈ ફફડાટ દ્વારેથી જગાડે આંખને !
આ ઊગતાં ભીના ગગનનો ખૂબ સુંદર વાન છે !
જીવી જઈ ચપટી વરસ કુરબાન જાતે જે થતાં
તે યુગ બની ફોરે સદા - લોકો કહે નાદાન છે !
માનવ બધાં મેળો થઈ લીલી ઘટા ના શોધશો
લાચાર તરુઓની વ્યથા કે મૂળમાં વેરાન છે !

આજીવન શિક્ષક અને ખગોળવિદ



શ્રી છોટુભાઈ શં. સુથાર

ડૉ. સુશ્રુત પટેલ

એ સમયે મારી ઉંમર હશે છએક વર્ષની. આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટીના શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ સાથે ઘરોબો ધરાવતા મારા પિતાશ્રીએ એક દિવસ આણંદથી પાછા ફરીને મારા હાથમાં એક નાનકડું પુસ્તક મૂક્યું. મોટા ટાઈપ, પુષ્કળ છબીઓ અને સરસ સફેદ કાગળ, પૂંઠા પર સુંદર મઝાનું પણ વિવિધ ઝાંય ધરાવતા ભૂરા રંગનું ચિત્ર. એ ચિત્ર કાગળ પર ઉતારવાની કોશિશો પણ ત્યારે કરેલી. એમાં ચંદ્રની આસપાસ મોટા કૂંડાળા જેવી રચના હતી તેનું ભારે કુતૂહલ. આજે તો ખબર છે કે ચંદ્રની ફરતે ક્યારેક રચાતા કૂંડાળાને ચંદ્રના જળકૂંડાળા (પરિવેષ) કહેવાય છે. જો આવું કૂંડાળું નાનું હોય તો 'ખળ', અને મોટું હોય તો તેને 'તળ' કહેવાય છે. ખગોળની વાતોથી સભર એ પુસ્તક એકથી વધુ વખત વાંચ્યું હશે. એના લેખક શ્રી છોટુભાઈ સુથાર સાથેનો એ પહેલો પરિચય. પુસ્તકનું નામ 'આભ અને ધરતી'. ખગોળ તરફ ઝુકાવ પણ કદાચ એ પુસ્તકે જ આપ્યો. એ પછી તો એમનાં લખેલાં 'ધૂમકેતુ', 'ચંદ્ર' વગેરે પુસ્તકો વાંચ્યાં અને એના લેખક સાથે માનસિક દોસ્તી બંધાઈ.

આશરે ૩૩ વર્ષનો સમયગાળો પસાર થયો. એ દરમિયાન મારા વિજ્ઞાનલેખો અને ખાસ તો ખગોળ પરના લેખો વાંચીને અમારી વચ્ચે આછો પત્રવ્યવહાર આરંભાયો. પણ 'બ્લેક હોલ શું છે ?' એ નામની મારી ખગોળવિષયક પુસ્તિકા એમને મેં મોકલી આપી તેના પ્રત્યુત્તરમાં ૧૯ જુલાઈ ૧૯૮૨ના રોજનો, મોતીના દાણા જેવા અક્ષરવાળો એમનો પત્ર વાંચીને હું પોરસાયો. અલબત્ત, એમાં ચિત્રો ન હોવાની ફરિયાદ એમણે કરી હતી, તો કેટલીક સૂક્ષ્મ ત્રુટિ તરફ મારું ધ્યાન દોર્યું હતું, પણ એમાંના આ શબ્દો તો જાણે 'ટૉનિક' બની રહ્યા. '...પુસ્તિકા વાંચીને ખૂબ આનંદ થયો. એની માંડણી વ્યવસ્થિત અને સ્વાભાવિક ક્રમવાળી છે... તમારી પુસ્તિકામાં વિષયનું જે રીતે નિરૂપણ થયું છે એવું કદાચ હું ન કરી શક્યો હોત. ખાસ કરીને પૃ. ૧૦ થી ૧૫ અને પૃ. ૨૧ થી ૨૪ની વિગતો સરસ રીતે રજૂ કરી શકાઈ છે, એ માટે ધન્યવાદ... અમારા જેવાનું અધૂરું કામ તમારા દ્વારા થઈ રહ્યું છે એ અત્યંત સંતોષની વાત છે. મુ. હરિહરભાઈ (એટલે હરિહર પ્રાણશંકર ભટ્ટ) જીવંત હોત તો આ પુસ્તિકા વાંચી ખૂબ પ્રસન્ન થયા હોત...'

કોઈપણ લેખકની પ્રથમ કૃતિને એ વિષયના નિષ્ણાત તરફથી આનાથી વધારે સારું પ્રમાણપત્ર શું હોઈ શકે ? પછી તો અમારી વચ્ચે ઠીકઠીક પત્રવ્યવહાર ચાલ્યો. એમના એ પત્રો મોંઘી મિરાત છે.

'આભ અને ધરતી' જેવાં સંખ્યાબંધ પુસ્તકો અને અસંખ્ય લેખો દ્વારા અનેક લોકોમાં ખગોળનો શોખ વિકસાવનાર છોટુભાઈને ખુદને ખગોળમાં કેવી રીતે શોખ જાગ્યો તે જાણવું રસપ્રદ રહેશે. તેમના જ શબ્દોમાં :

"૧૯૩૨ની સાલની વાત છે. વડોદરાની કૉલેજમાં શ્રી ગોરધનભાઈ (પૂરું નામ : ગોરધનભાઈ શનાભાઈ પટેલ)નો હું સહાધ્યાયી હતો. અમે બંને વિજ્ઞાનના વિદ્યાર્થી હતા. અમારી ઇચ્છા અવકાશી સૃષ્ટિનો પરિચય મેળવવાની હતી. આકાશી સૌંદર્ય અંગેના શ્રી કાકાસાહેબના તેમજ બીજાઓના અલ્પ લખાણે અમારા મન પર ભૂરકી નાખી હતી. આકાશી જ્યોતિઓમાં પ્રખ્યાત વ્યાધ (યા લુબ્ધક) તારાની પ્રશસ્તિ વાંચી હતી અને એના દ્વારા તારાઓનો પરિચય મેળવવાની અમારી ઇચ્છા હતી, જે પૂરી કરવાનો યોગ અમને સાંપડ્યો ન હતો. અમારી મુશ્કેલી હતી તારાઓને ઓળખવાની વિધિની. અમને ઓળખાવે કોણ ? અમે વાંચેલાં તારાત્મક વર્ણનો ચિત્રવિહીન હતાં... આ પરિસ્થિતિમાં શું કરવું તેની વિમાસણ હતી. એવામાં એક પ્રસંગ બન્યો." 'એ પ્રસંગ એટલે કૉલેજનું વાંચનાલય. અહીં અંગ્રેજી સામાહિક 'હિન્દુ'નો અંક જોયો, એમાં છપાયેલા વર્તુળાકાર તારાનકશા પર અચાનક નજર પડવી, અને એ સામયિક મેળવવાની ઉત્કંઠા અને અઠવાડિયા પછી અંતે એ અંક મેળવવો અને એની મદદથી રાતના આઠેક વાગે સંતરામ મંદિરની અગાશીમાં બેસીને વ્યાધને શોધવાની જે કામગીરી આરંભાઈ તેની કથા. આગળ એમના જ શબ્દોમાં : "...પણ ગુરુ વિનાના શિષ્યોને આકાશે યારી ન આપી. અમારે હાર કબૂલવાની હતી જ નહીં. બે-ત્રણ દિવસસુધી પ્રયત્ન કરતા જ રહ્યા. લખાણ વારેવારે વાંચી મર્મ સમજતા રહ્યા અને એક દિવસે, અમારા મનને પ્રસન્નતા બક્ષતો વ્યાધ તારો

ઓળખાઈ આવ્યો. વ્યાધ પછી એણે જેને બાણ માર્યું છે તે મૃગમંડળને પણ ઓળખી કાઢ્યું અને એ રીતે આકાશનાં સુંદરતમ જ્યોતિરત્નોના દર્શનથી અમારા તારકપરિચયના શ્રી ગણેશ મંડાઈ ગયા. જ્ઞાનપ્રાપ્તિનો ઉક્ત સહકાર અમારી મૈત્રીનું સુદૃઢ સોપાન બની ગયું.''

આ ગોરધનભાઈ અને છોટુભાઈની મૈત્રી બરાબર જામી અને એના સુફળ ગુજરાતને મળ્યાં. ૧૯૪૪માં છોટુભાઈ આણંદની દાદાભાઈ નવરોજી હાઈ સ્કૂલમાં વિજ્ઞાનના શિક્ષક તરીકે આવ્યા અને તે સાથે ગોરધનભાઈના પડોશમાં રહેવાનું મકાન મળ્યું. જીવજંતુ, પતંગિયાં, પંખીઓ વગેરેનો સંયુક્ત અભ્યાસ આરંભાયો. હવામાનની આગાહી કરી ચરોતરના ખેડૂતોને મદદરૂપ થવાય એ હેતુથી આણંદમાં એ માટેનું કેન્દ્ર સ્થાપવાનું વિચારાયું. એ માટે મુંબઈની વાયુવેધશાળાની સૂચના અને પરવાનગી મંગાવી. કોલાબાની વેધશાળાની (જુઓ 'કોલાબા' વેધશાળા... ડૉ. સુશ્રુત પટેલ, 'કુમાર' ઑક્ટોબર ૧૯૭૩, સળંગ અંક ૫૯૮) સૂચના અનુસાર હવામાનની નોંધો લઈ શકનાર સાધનો વસાવવા ઉપરાંત પવનની ગતિ, દિશા તથા વાદળના પ્રકાર જાણવા માટે આઠ મીટર ઊંચો એક લોહમંચ પણ ઊભો કરાયો. રોજેરોજનો રિપોર્ટ મુંબઈની કોલાબા વેધશાળાને મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો. થોડા મહિના કામગીરી બરાબર ચાલી, પણ પછી આ કેન્દ્રનું કામ ચકાસવા મુંબઈથી અધિકારી આવ્યા અને વેધશાળા-કેન્દ્રનું સ્થળ ખુલ્લી જગામાં ન હોવાને કારણે, તેમજ બીજે ક્યાંય એ માટે જગા અને વ્યવસ્થા થઈ ન શકવાને કારણે, એમણે ભારે હૈયે મંજૂરી ન આપી એટલે એ પ્રવૃત્તિ સમેટી લેવામાં આવી.

આ બંનેએ ઇ. ૧૯૪૫ના માર્ચમાં આણંદ ખાતે 'તારક મંડળ-આણંદ'ની સ્થાપના કરી અને એ રીતે વડોદરામાં આરંભાયેલા આકાશદર્શનના શોખને લોકો સુધી લઈ જવાનો મનસૂબો અમલમાં મૂક્યો. નરી આંખનું અવલોકન વિકસીને ટેલિસ્કોપ સુધી પહોંચ્યું અને પછી નાના પાયે ટેલિસ્કોપ બનાવવાની દિશામાં પણ પ્રગતિ સાધી. આ સંસ્થાએ ગુજરાતમાં જે કામ કર્યું તેના પરિપાક રૂપે, કેટલાંક વર્ષ બાદ અમદાવાદમાં વેધશાળા સ્થપાઈ. 'તારકમંડળે' ખગોળજ્ઞાનના પ્રચાર માટે 'આકાશગંગા' નામના ખગોળના સચિત્ર દ્વિમાસિકનો આરંભ કર્યો. એનો પહેલો અંક ઑક્ટોબર ૧૯૪૬માં પ્રસિદ્ધ થયો. હકીકતે આકાશગંગાને પૃથ્વી પર અવતરણ કરાવવા જેવી ભગીરથ આ કામગીરી હતી; કારણ કે આજે પણ માત્ર ખગોળને જ ધ્યાનમાં લઈને કોઈ દીવાનો જ આવું સામયિક અને એ પણ ગુજરાતીમાં કાઢે ! માત્ર ખગોળને જ કેન્દ્રમાં રાખીને પ્રસિદ્ધ થતું એ ગુજરાતનું અને કદાચ ભારતભરનું સર્વપ્રથમ સામયિક હતું. સંજોગોવશાત્, 'આકાશગંગા'ના ચાળીસેક અંકો પ્રસિદ્ધ થયા પછી એ ધસમસતો પ્રવાહ અટકી ગયો, પણ એમાંની અમુક સામગ્રીનું માત્ર ચાંગળુક આચમન આજે પણ એટલું જ ઉપયોગી છે. એક ઉત્તમ ખગોળશાસ્ત્રી અને જાણીતા કવિ શ્રી હરિહરભાઈ ભટ્ટ (૧૮૯૫-૧૯૭૮) પણ આ સામયિક સાથે સંકળાયેલા હતા અને તારકમંડળના પ્રમુખ રહ્યા હતા. 'આકાશગંગા'માં છોટુભાઈના એકથી વધુ ઉપનામે (દા.ત. અનિકેત જેપાબીઆ, ઇ. સુ. રમાકાન્ત શર્મા વગેરે) લખાયેલા લેખો જોવા મળે છે.

આવા આજીવન શિક્ષક, ખગોળવિદ્યાના આપણા ઉત્તમ વિજ્ઞાન- લેખક અને અણીશુદ્ધ ખગોળશાસ્ત્રી ડૉ. છોટુભાઈ સુથાર હવે આપણી વચ્ચે નથી. જીવનની અંતિમ ઘડી સુધી ખગોળ એમને મન મુખ્ય પ્રવૃત્તિ હતી. ખરેખર તો એમ કહેવું જોઈએ કે તેઓ ખગોળ જીવતા હતા. સં. ૨૦૪૯ના બીજા ભાદરવા વદ ૧૦ને સોમવારે સવારે આશરે ૪-૪૫થી પાંચની વચ્ચે તા. ૧૧-૧૦-૧૯૯૩ના રોજ આણંદ ખાતે એમનું અવસાન થયું ત્યારે એમના નિત્યના પ્રિય સાથી એવા વ્યાધ અને મૃગમંડળ છેલ્લેછેલ્લે ગુફતેગો કરી લેવા મધ્યાકાશે ઝળૂંબી રહ્યાં હતાં. જેમ ઉત્તમ ગવૈયો પ્રાણ છોડતી વખતે અંતિમ શ્વાસ પણ સમના ઠેકા પર જ છોડે તે રીતે તંતોતંત એવા આ ખગોળપ્રેમીએ આકાશી આ મિત્રોના સાંનિધ્યમાં જ અંતિમ શ્વાસ લીધો.

ડૉ. છોટુભાઈ શંકરભાઈ સુથારનો જન્મ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ચકલાસી (-શી) ગામે ૨૧ સપ્ટેમ્બર ૧૯૧૧ના રોજ થયો હતો. અહીં એક વાત નોંધવી રસપ્રદ થશે કે આ ગામમાં સન ૧૮૯૦માં શાહ મનસુખલાલ જમનાદાસે ઍંગ્લો ઇન્ડિયન કન્ડેન્સ્ડ મિલ્ક કંપની શરૂ કરેલી અને આ ડેરી તે વખતે કદાચ હિંદભરમાં પ્રથમ ડેરી હતી. મૂળે રાજસ્થાનનાં જાંગીડ બ્રાહ્મણ એટલે કે કસબીકલાકાર અને ગોત્ર જપાબિયા, સુથાર જ્ઞાતિ, પિતા રાજસ્થાનથી આવી ચકલાસી વસેલા. એમનો વ્યવસાય વૃક્ષો કાપી, લાકડા જમીનમાં દાટી-બાળી એમાંથી કોલસા બનાવવાનો. આવી જ એક કામગીરીમાં વૃક્ષ એમના પર તૂટી પડતા એમનું અવસાન થયું, ત્યારે છોટુભાઈની વય હશે ૮-૯ વર્ષની. બાળપણ ગામમાં જ, લક્ષ્મણ-વાડીમાં.

પ્રાથમિક શિક્ષણ ચકલાસીમાં અને માધ્યમિક શિક્ષણ નડિયાદમાં લઈ ૧૯૩૧માં મૅટ્રિક પસાર કરી. ઉચ્ચ શિક્ષણ વડોદરા અને પૂનામાં. ૧૯૩૫માં મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન પૂનાની ફરગ્યુસન કૉલેજમાંથી બી.એસસી.ની ડિગ્રી મેળવી અને ૧૯૩૯માં એસ.ટી.સી. થયા. એ પછી ૧૯૪૦માં પ્રયાગ હિંદી વિશારદની ઉપાધિ પણ મેળવી.

ભૌતિકવિજ્ઞાનના વિષય સાથે બી.એસસી. કર્યા બાદ છોટુભાઈએ સૂરત, નડિયાદ, આણંદ વગેરે ગામોની શાળાઓમાં વિજ્ઞાનશિક્ષક તરીકે અને એ પછી ચાંગા, સુણાવ અને છેલ્લે વલ્લભવિદ્યાનગરના ચારુતર વિદ્યામંડળ સંચાલિત ચારેક શાળાઓમાં આચાર્ય તરીકે સેવાઓ આપી. ૩૩ વર્ષની શૈક્ષણિક કારકિર્દી બાદ ૧૯૬૮માં એ નિવૃત્ત તો થયા, પણ એ આજીવન વિદ્યાર્થી જ રહ્યા એનો પુરાવો એ છે કે ૧૯૬૪માં એટલે કે ૫૩ વર્ષની વયે સામાન્ય માનવી સહેજ પોરો ખાવા રોકાય ત્યારે એમણે પ્રાધ્યાપક હરિહરભાઈ ભટ્ટ અને કાંઈક અંશે ગણિતશાસ્ત્રી ડૉ. પ્રહ્‌લાદભાઈ ચુ. વૈદ્યની રાહબરી નીચે સંશોધન કરી ખગોળના ઇતિહાસમાં શોધનિબંધ

લખીને ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવીહાંસલ કરી. ગુજરાતીમાં લખાયેલો આ શોધનિબંધ 'ભારતીય ખગોળશાસ્ત્ર : મૌલિક કે પરપ્રાપ્ત' એ નામે ૧૯૬૬માં પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ પણ થયો હતો. ભારતીય ખગોળના ઇતિહાસમાં આપણું પ્રદાન કેટલું અને પારકાનું કેટલું તેનું સરસ વિશ્લેષણ આમાં કરેલું જોવા મળે છે.

૧૯૬૮માં શાળાના આચાર્યપદેથી નિવૃત્ત થયા પછી ૧લી જૂન ૧૯૬૮ના રોજ અમદાવાદમાં નવી તૈયાર થતી વેધશાળાના પ્રથમ નિયામક તરીકેનો હોદ્દો સંભાળ્યો અને આ પદે ૧-૧૧-૧૯૭૦ સુધી રહ્યા. લગભગ અઢી વર્ષની અવધિ દરમિયાન એમણે ખગોળના પ્રચાર માટે ઘણું મહત્ત્વનું કામ કર્યું અને ખગોળશિક્ષણ માતૃભાષામાં સુલભ બને અને ડિગ્રી કોર્સ પણ માતૃભાષામાં જ કરી શકાય તે માટેના પ્રયત્નો આદર્યા અને તેના પરિપાકરૂપે ૧૯૭૪માં 'અવકાશની સૃષ્ટિ' નામનું ખગોળનું એક પાઠ્યપુસ્તક પણ લખ્યું. વેધશાળામાં ખગોળીય પુસ્તકોની પ્રકાશન પ્રવૃત્તિ પણ ચાલુ કરાવી.

પાઠ્યપુસ્તકની વાત નીકળી છે તો છોટુભાઈએ લખેલાં ત્રણેક પાઠ્યપુસ્તકોનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. 'કિશોર ગણિત', 'ક્રિયાત્મક ભૂમિતિ' અને ધોરણ ૧૧ માટે 'આપણી ભૂગોળ' વર્ષો સુધી ગુજરાતની શાળાઓમાં ચાલેલાં. છોટુભાઈ જ્યારે વલ્લભવિદ્યાનગરમાં આચાર્ય હતા ત્યારે એમને શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાષ્ટ્રપતિપદક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૬૭માં જ્ઞાન-ગંગોત્રી ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક 'બ્રહ્માંડ દર્શન' એમના હસ્તે લખાયું હતું એ પછી એમને ગુજરાતમાં વિજ્ઞાનની સેવા બદલ રાષ્ટ્રિય એવૉર્ડ પણ અપાયો હતો. આ ગ્રંથનો ૧૯૬૮માં એ જ નામે હિંદીમાં પણ અનુવાદ પ્રસિદ્ધ થયો અને અનુવાદની કામગીરી છોટુભાઈએ જ સુપેરે બજાવી.

આ સંદર્ભે છોટુભાઈની રાષ્ટ્રભાષા હિંદીના પ્રચારક તરીકેની વિવિધ કામગીરી પૈકી કેટલીકનો ઉલ્લેખ કરવો જોઈએ. ઇ.સ. ૧૯૩૮થી ૧૯૫૩ સુધી એમણે રાષ્ટ્રભાષાના પ્રચારક તરીકે કામ કર્યું. આમ, હિંદીના પ્રચારકો પૈકીના તે એક જૂના સેવક હતા. સન ૧૯૩૮માં વર્ધા ખાતે 'રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ'ની સ્થાપના થઈ, પણ એની પરીક્ષાઓ માટેનું મુખ્ય કેન્દ્ર એ કાળે અમદાવાદ હોઈ અને પોતે તે વખતે નડિયાદની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હોઈ પરીક્ષા આપવા જઈ શકયા નહીં. તેથી નડિયાદ કેન્દ્ર થાય તો બધી અગવડો દૂર થાય એમ સમજી છોટુભાઈએ વર્ધાસમિતિ સાથે પત્રવ્યવહાર કર્યો, જેને પરિણામે સન ૧૯૩૮થી નડિયાદ હિંદીની પરીક્ષાઓનું કેન્દ્ર બન્યું. એ રીતે રાષ્ટ્રભાષા હિંદીના પ્રચાર-પ્રવૃત્તિના ચરોતર પ્રદેશમાં છોટુભાઈ દ્વારા ગણેશ મંડાયા. વળી, એમણે સ્થાનિક પ્રચારકોની મદદથી હિંદીના વર્ગો ચલાવવા માટે 'ભારતી વિદ્યામંદિર' નામની સંસ્થા પણ ઊભી કરી અને તેની સાથે એક નાનું પુસ્તકાલય પણ ઊભું કર્યું. આ જ ઉદ્દેશથી ૧૯૪૮માં એમણે હિંદીમાં બોધપ્રદ વાર્તાઓની સચિત્ર પુસ્તિકા 'છિપા ખજાના' લખીને પ્રસિદ્ધ કરાવી.

છોટુભાઈ ખરેખરા અર્થમાં 'વર્સેટાઈલ'-બહુશ્રુત-હતા, અને અનેક વિષયોનું તલસ્પર્શી જ્ઞાન ધરાવતા હતા. એમને ચિત્રકામનો પણ એટલો જ શોખ હતો અને એમણે દોરેલાં ચિત્રો એમની રૂમમાં આજે પણ જોઈ શકાય છે. એમના ગુરુ શ્રી હરિહરભાઈ 'એક જ દે ચિનગારી' જેવા અમર કાવ્યથી પ્રસિદ્ધ પામ્યા તો શિષ્ય છોટુભાઈ પણ એ જ રસ્તે ચાલ્યા. બહુ ઓછા લોકોને એ ખબર હશે કે છોટુભાઈએ પણ ઠીકઠીક સંખ્યામાં ગુજરાતીમાં કાવ્યો લખ્યાં છે, જે ટૂંક સમયમાં જ એમના પ્રકાશક મિત્ર બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટના શ્રી વ્રજલાલભાઈ પરીખ પ્રકટ કરવાના છે. છોટુભાઈનું લખાણ હંમેશાં જોડણીશુદ્ધ, વ્યાકરણશુદ્ધ અને તર્કબદ્ધ રહેતું. એમને ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ઉપરાંત, ઉર્દૂ, બંગાળી, ફ્રેન્ચ અને જર્મન એમ કુલ સાતેક ભાષાઓ આવડતી હતી. આ બહુભાષાવિદને જોકે સંસ્કૃત ન આવડવાનો ઘણો વસવસો રહ્યો હતો. ઉર્દૂ શીખવા માટે તૈયાર કરેલી પુસ્તિકાની એક હસ્તપ્રત તથા 'અભિવ્યક્તિ' નામની ખગોળની વાતો કહેતી એક અન્ય હસ્તપ્રત પણ એમના અવસાન બાદ મળી આવી છે. સંભવ છે કે બીજી હસ્તપ્રતો પણ મળે.

હરિહરભાઈ અને છોટુભાઈ, ગુરુશિષ્યની, આ બેલડીએ ૧૯૪૯માં 'ભૂમંડલીય સૂર્યગ્રહણ-ગણિત' અને 'લાઘવાંક' (લૉગેરિધમ) નામનાં બે પુસ્તકો સાથે લખ્યાં છે. તેવી જ રીતે, ૧૯૭૫માં 'ખગોળ પારિભાષિક કોષ' નામની પુસ્તિકા પણ સાથે મળીને લખી છે. આ પૈકીનું પહેલું પુસ્તક બંને પંડિતોનું ખગોળ-ગણિતમાં આગવું પ્રદાન ગણી શકાય. આપણે જાણીએ છીએ કે ચંદ્ર-ગ્રહણની અપેક્ષાએ સૂર્ય-ગ્રહણની ગણતરી વધુ અઘરી છે. આપણા પ્રાચીન ખગોળવેત્તાઓએ જે ગણતરી આપી છે તેમાં જરૂરી સંશોધન કરી એને સંસ્કારીને ભારતીય પંચાંગકારો માટે સૂર્યગ્રહણનું ગણિત આ બંનેએ તેમાં આપ્યું છે. તેમના આ પ્રદાનને ભારતભરના પંચાંગકારોએ સ્વીકાર્યું છે.

છોટુભાઈના પીએચ.ડી.ના એક માર્ગદર્શક અને જેમના અંગે 'કુમાર'ના ઓગસ્ટ ૧૯૯૩ (સળંગ અંક ૭૮૭)માં વિસ્તૃત માહિતી આવી ગઈ તેવા એમના જૂના મિત્ર ડૉ. પી. સી. વૈદ્ય જેવાએ પણ ખૂબ જ નમ્રતાથી એકવાર કહેલું કે, 'ડૉ. છોટુભાઈ તો મારા કરતા પણ વિદ્વાન છે.' એવા વિદ્યાવ્યાસંગી છોટુભાઈ અત્યંત સ્પષ્ટ વકતા અને સ્પષ્ટ વિચારના આદમી હતા. એમણે જીવનભર ખાદી જ પહેરી અને પોતાના મૃત્યુ અગાઉ લખેલી 'મૃત્યુ બાદની સાત સૂચનાઓ'માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે પોતાના મતૃદેહને પણ ખાદીનું કફન જ વીંટાળવું. તેઓ ઇશ્વરમાં માનતા, પણ ધર્મના દેખાડામાં માનતા ન હતા. પોતાના મૃત્યુબાદ પોતાને શરીરે પોતાના વતન ચકલાસીમાંથી મેળવેલી માટીનો લેપ થાય તેવી મહેચ્છા સેવેલી અને પોતાની પાછળ કોઈ જ ધાર્મિક ક્રિયા ન કરવાની સ્પષ્ટ સૂચના કરેલી.

એમનાં લગ્ન ૧૯૪૦માં શ્રી રમાબહેન સાથે થયાં હતાં અને તેમના પરિવારમાં સુરેન, સુબોધ, સુનીલ અને કિરીટ એમ ચાર પુત્રો અને વિશાખા નામે એક પુત્રી છે. એમાંથી વિશાખાબહેન અને સુનીલભાઈ સિવાય સૌ અમેરિકામાં સ્થાયી થયા છે.

ડૉ. છોટુભાઈ છેલ્લાં કેટલાંક વર્ષોથી 'વિજ્ઞાન-દર્શન' નામના વિજ્ઞાનના એક સચિત્ર સામયિક સાથે સંકળાયેલા હતા અને એના તંત્રી

તરીકેની જવાબદારી અદા કરતા હતા. 'આકાશગંગા'માંના પોતાના કેટલાક લેખો યા લેખમાળાઓને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની કામગીરી છેલ્લેછેલ્લે એમણે ઉપાડી હતી. 'કુમાર' સહિત વિવિધ સામયિકોમાંના તથા વર્ષો પહેલાં 'સુગણિતમ્'માં પ્રસિદ્ધ થયેલા એમના લેખો પણ પુસ્તકાકારે આપવા જેવા છે.

ગુજરાત પ્રકૃતિ મંડળના તેઓ સભ્ય હતા અને એના કર્તાહર્તા શ્રી હરિનારાયણભાઈ આચાર્યના જ્ઞાનનો લાભ લેતા હતા. આ ઋણ ફેડવા એમણે ૧૯૬૭માં 'આપણાં પંખીઓ' અને ૧૯૭૭માં 'આપણાં પક્ષીઓ' એ શીર્ષક હેઠળ બે દળદાર પુસ્તકો લખ્યાં, જેનાં ચિત્રો શ્રી સોમાલાલ શાહે દોરેલાં છે. આ ઉપરાંત, વિજ્ઞાનવિષયક અને મુખ્યત્વે તો ખગોળ ઉપરનાં એમનાં ગુજરાતી પુસ્તકોની કુલ સંખ્યા આશરે ૩૫ જેટલી થવા જાય છે. 'આભ અને ધરતી' હિંદીમાં અને મરાઠીમાં પણ અનુવાદ પામ્યું છે. હિંદીમાં સ્વતંત્ર તથા ગુજરાતીમાંથી અનુવાદ થઈ એમનાં કુલ પાંચેક પુસ્તકો એમના પ્રસિદ્ધિ થયાં છે. 'પંચાંગ સુધારણા સમિતિનો રિપોર્ટ', 'પરમાણુ આજે અને આવતીકાલે' (મૂ.લે. માર્ગરિટ ઓ. હાઈડ) એ બંને અંગ્રેજીમાંથી અનુવાદ અને ૧૯૮૦માં 'અંતરિક્ષયાત્રા' (મૂ.લે. ભગવતીપ્રસાદ શ્રીવાસ્તવ) એ હિંદીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરેલાં એમનાં ત્રણ પુસ્તકો છે. આ ઉપરાંત, અન્ય વક્તાઓએ આપેલાં વ્યાખ્યાનોના 'વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો' નામના ૧૯૭૩માં પ્રસિદ્ધિ થયેલા એક સંગ્રહમાં એમનું પણ એક વ્યાખ્યાન સામેલ છે. આમ ડૉ. છોટુભાઈના કુલ પુસ્તકોની સંખ્યા એમના મૃત્યુ પૂર્વે આશરે ૪૬ થી ૫૦ જેટલી થવા જાય છે.

જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ પડશે એ આશયથી આ સાથે ડૉ. છોટુભાઈ શંકરભાઈ સુથારનાં પુસ્તકોની એક યાદી, એના પ્રકાશન વર્ષ સાથે આપી છે.

છોટુભાઈ પર આ લેખ તૈયાર કરવા માટે 'લોકસાહિત્યાલય' (આણંદ)ના શ્રી હરેન્દ્રભાઈ પ્ર. ભટ્ટ, ડૉ. પી. સી. વૈદ્ય અને 'વેસ્ટર્ન ટાઈમ્સ' જેવા અખબાર પર તથા એમના પુત્ર શ્રી સુનીલભાઈ સુથાર પર તથા અન્ય સંદર્ભો પર આજે મારે આધાર રાખવાનો વારો આવ્યો છે. આ સૌનો હું આભારી છું, પણ આથી વધુ માહિતી આપી શકયો હોત. ગયે વર્ષે એમની પાસે બેસી ખગોળ અંગેની વાતો જાણવી હતી અને એમના અનુભવો એમના જ મોંએ સાંભળીને ઉતારી લેવા હતા ને એમના અંગે એક સરસ લેખ થઈ શકે એ આશયથી એક વિસ્તૃત પ્રશ્નાવલી પણ એમને આપી હતી, પણ કેટલાંક કારણોસર હું તેમ કરી ન શકયો એનો અફસોસ આજે હવે મહેસૂસ થાય છે.

છોટુભાઈ જેવી વ્યક્તિના જવાથી આપણા સંસ્કારજગતે જે ગુમાવ્યું છે તેની કળ વળતાં ઘણો સમય લાગશે. આવા તંતોતંત વિદ્યાપુરુષ વિજ્ઞાનના પ્રખર લેખકની વિદાય સાથે જૂની પેઢીની વિદ્યાપરાયણ વિદ્વાનોની પંક્તિ ઉપર પૂર્ણવિરામ મુકાઈ જતું અનુભવાય છે. અંગત રીતે પણ મને ખોટ પડી છે. સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પી રહો.

ડૉ. છોટુભાઈ સુથારનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

૧. આકાશના તારાનકશા (૧૯૪૫)
૨. વિશ્વદર્શન (પ્રથમ આવૃત્તિ, ૧૯૪૫; દ્વિતીય સુધારેલી ૧૯૫૨)
૩. ખગોળપ્રવેશ (૧૯૪૬)
૪. ચંદ્ર (૧૯૪૭)
૫. 'છિપા ખજાના' (હિંદીમાં, ૧૯૪૮)
૬. ભૂમંડલીય સૂર્યગ્રહણ-ગણિત (૧૯૪૯, હરિહરભાઈ ભટ્ટ સાથે)
૭. લાઘવાંક (લોગેરિધમ, ૧૯૪૯; હરિહરભાઈ ભટ્ટ સાથે)
૮. આભ અને ધરતી (૧૯૪૯) હિંદી અને મરાઠીમાં અનુવાદ
૯. ધૂમકેતુ (૧૯૫૦)
૧૦. અવકાશનું રહસ્ય (૧૯૫૧)
૧૧. તારા અને વિશ્વ (૧૯૫૮-'૫૯)
૧૨. અનંતની ભીતરમાં (૧૯૬૦)
૧૩. આકાશદર્શન (સંપાદન-હિંદીમાં)
૧૪. આપણું વિશ્વ (૧૯૬૦)
૧૫. નક્ષત્ર પરિચય (૧૯૬૧)
૧૬. બ્રહ્માંડ અને જીવસૃષ્ટિ (૧૯૬૨)
૧૭. 'હમારા આકાશ' (૧૯૬૪-હિંદીમાં)
૧૮. બ્રહ્માંડ : વિકસતું કે વિશ્રાંત (૧૯૬૪)
૧૯. તારા અને ગ્રહો (૧૯૬૫)
૨૦. ભારતીય ખગોળશાસ્ત્ર : મૌલિક કે પરપ્રાપ્ત (૧૯૬૬)
૨૧. બ્રહ્માંડદર્શન (૧૯૬૭), ૧૯૬૮માં હિંદીમાં
૨૨. આપણાં પંખીઓ (૧૯૬૭)
૨૩. તારાવિશ્વોની સંપત્તિ (૧૯૬૮)
૨૪. તારકતેજ અને રંગ (૧૯૭૧)
૨૫. માનવી આંખ પ્રસારે છે. (૧૯૭૨)
૨૬. વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો (છો.સુ. : 'માનવ અંતરિક્ષની ખોજમાં' (૧૯૭૩)
૨૭. અવકાશની સૃષ્ટિ (૧૯૭૪)
૨૮. ઊંડાણનો તાગ (૧૯૭૫)
૨૯. ખગોળ પારિભાષિક કોષ (૧૯૭૫, હરિહરભાઈ ભટ્ટ સાથે)
૩૦. આપણાં પક્ષીઓ (૧૯૭૭)
૩૧. પ્રાચીન ભારતમાં ગણિત (૧૯૭૮)
૩૨. તારાદર્શન (૧૯૭૯)
૩૩. અંતરિક્ષયાત્રા (હિંદીમાંથી અનુવાદ, ૧૯૮૦)
૩૪. આકાશ અવલોકન (૧૯૮૭)
૩૫. ખગોળ પ્રાયોગિકી (૧૯૮૮)
૩૬. પંચાંગ સમજીએ (૧૯૯૦)
૩૭. છાયાયંત્ર અને તારાઘડી (૧૯૯૦)
૩૮. રાશિ અને નક્ષત્ર (૧૯૯૧)

અનુવાદ
- પરમાણુ આજે ને આવતી કાલે (અંગ્રેજીમાંથી)
- પંચાંગ સુધારણા સમિતિનો રિપોર્ટ (અંગ્રેજીમાંથી)
- અંતરિક્ષયાત્રા (હિંદીમાંથી)

હિંદીમાં
- છિપા ખજાના (૧૯૪૮)
- આકાશદર્શન (૧૯૬૦)
- હમારા આકાશ (૧૯૬૪)
- ધરતી ઔર આકાશ
- બ્રહ્માંડદર્શન (૧૯૬૮)

મરાઠીમાં
- ધરતી વ આકાશ (ગુજરાતી 'આભ અને ધરતી')

ઝંખના

રાઘવજી માધડ

પછી એકાદ ક્ષણમાં જ તેની સાવરણા જેવી નજર વડે મારા, સ્મૃતિમાં ઝાંખા થયેલા, ચહેરાને ફંફોસી લે છે ! પણ ચાર આંખો નું સંધાન થાય એ પહેલાં જ તેની પાંપણો, કરમાયેલા પાનની જેમ બિડાઈ જાય છે. ને હળવે હળવે એ બિડાયેલી પાંપણોની તિરાડમાંથી ગરમ ગરમ પાણીના પરપોટા ફૂટવા લાગે છે.

ભલેને રડે....ડે તો છાતીમાં બાઝી ગયેલો ડૂમો ઓછો થાય!

તેના મોં સામે મીટ માંડવાની ઇચ્છાને હું રોકી શકતો નથી.

અવસ્થાની ઊધઈએ તેને કોરી ખાધી છે. શરીર સાવ કંતાઈ ગયું છે. ચહેરો ચીમળાઈને સાવ બદલાઈ ગયેલો લાગે છે. ને છતાંય અણસાર આવે છે, પણ તેની આંખો દ્વારા જ....

'મુણે....મારો વીરો આજ દહ્ય ભૂલ્યો તે આંય આવી પુગ્યો !'

મારી માથે કોઈ ફળફળતું પાણી રેડી ગયું હોય તેવું લાગે છે. અકળામણ અનુભવતો હું ઝટ બોલું છું : 'ના એવું કાંઈ નથી...ખાસ આંયા જ આવ્યો છું...'

' મારા વીરા...! આ દહ-દહ વરહનાં વાણાં વાયાં...!' કહીને તે મારા સામું જુએ છે.

પણ હું તેની ભારઝલ્લી નજર જીરવી શકતો નથી, એટલે આડુંઅવળું જોવા લાગું છું.

વાત સાચી જ છે. આ ગામ છોડ્યાને એક દાયકો થયો. વચ્ચે, એકાદ વખત આવવાનું બનેલું, પણ અલપઝલપ. બાકી, નિરાંતે બેસીને સુખ-દુ:ખની વાતો કરી હોય તેવું કયારેય બન્યું નહોતું. એટલે જ તેનો લાગણીભર્યો આ ધોખો હતો. મેં મનોમન પચાવી લીધો.

અહીં ખાસ કોઈ સંબંધનો સરવાળો કરવા બેસું તો સરવાળે લગભગ શૂન્ય જ આવે. પણ લાગણીનું એકાદ ટપકું , અંતરના ઓરડે લીંપણની જેમ લીંપાઈ ગયું હશે તે, આજ સુધી તે કે હું એકબીજાને ભૂલી શકયાં નથી.

રાત જંપી ગઈ હોય અને હું પથારીમાં તરફડતો હોઉં ત્યારે મારી આંખોમાં કંઈ - કેટલું ઊગી નીકળતું હોય ને તેમાં સૌથી અગ્રેસર હોય તો બસ, એક જ દશ્ય.....

ઊગતો પહોર હોય, ને ખળખળ વહેતી પથરાળી નદી શિંગવડોમાંથી પાણીનું બેડું ભરીને સોનબાઈ આવતી હોય ! એ જોવાનું તો હું લગભગ ચૂકતો નહિ. જાણે મને એ દશ્યનું બંધાણ થઈ ગયું ન હોય !

સાગના સોટા જેવો પાતળો અને ઊંચો દેહ, પાકલ વાન,કારેલાના ફાડા જેવી કાળી ને પાણીદાર આંખો, ઈંઢોણી થાય તેવો અંબોડો, ફાટમફાટ થતાં જોબનને માંડમાંડ સાચવી રાખતું હોય તેવું તડાતૂડ કાપડું, સ્હેજ ઊંચો કછોટો મારેલી કાળી જીમી....ને માથે લાલ ગવન જેનો એક છેડો માથા પર અને એક છેડો પેડુ પરથી કેડ ફરતા વીંટળાયેલો હોય.

નદીમાંથી, ગામમાં આવવાના રસ્તે તે સામી મળે ! તેની નખરાળી આંખોનું મારકલું, મરઘલી જેવો ઠસ્સો ને હિલોળા લેતી ચાલ,... મારા મનને, પાણી કરતાંય પાતળું બનાવી દે.

ત્યારે સાવ અજાણ્યો અને પાછો એકલો - વગર પરણેલો ! કોણ આપે મકાન !? પણ, સોનબાઈએ મકાન આપવાની હા વાળેલી ત્યારે તો જગ જીતી ગયો હોઉં તેવો આનંદ થયેલો. આવો મોટો સવાલ, માત્ર આંખોની ઓળખાણથી જ પાર પડ્યો. મારે મન એ બહુ મોટી વાત હતી. હું સોનબાઈ પ્રત્યે અહોભાવિત થયો હતો. પણ જ્યારે લોકોએ જાણ્યું કે, હું સોનબાઈના મકાનમાં રહેવા જાઉં છું ત્યારે કેટલાંયે મોં બગાડેલું ને ત્યાં ન જવાની વણમાગી સલાહ આપેલી.

ત્યારે હું મૂંઝાયેલો. મન, 'હા' અને 'ના' વચ્ચે ઝોલા ખાવા લાગેલું. ત્યારે મારું મન પારખી લેતાં તેણે કહેલું : 'મુદ્દલેય મૂંઝાતા નંઈ...તમણું હાત વખત મન માને - રદો રિઝે તો જ મારા આંગણામાં પગ માંડજ્યો... તમીં નંઈ આવો તો મુંણે સેજેય ઓસપ નંઈ આવે....

-ને હા, તમીં ઘર વગર્યના નંઈ યાં...તમીં કેહો તીયાં ઘર રાખી દેહ્ય...!

મારા મનનો ઓ છુટ્ટી ગયેલો. થયેલું કે લોકને જે કહેવું હોય તે કહે, પણ રહેવું તો બસ, સોનબાઈના મકાનમાંજ. બળબળતી લૂ વચ્ચે હિમનો ગાંગડો ગોઠવેલો હોય તેવા તીખા પણ અંદરથી ટાઢપ ભરેલા અવાજે સોનબાઈ કહે છે : ધેર્યથી બોલવાની ના પાડીછ...તીં મૂંગા મૂંગા જ...?

મારી માથે પાણીની છાલક પડી હોય તેવું લાગે છે. હું થોડો સંકોચ અનુભવવા લાગું છું ને પછી સોનબાઈના ખવાઈ ગયેલા ચહેરા સામે, આંખોના ખીલા ધરબું છું. પણ એ સાથે જ તેની આંખો, પટારાના ઢાંકણા માફક બિડાઈ જાય છે. ને તેનું આ લજ્જાળપણું મારા અંતરને

તરબતર કરી જાય છે. કોઈ સુખદ ઘડીની અનુભૂતિ થાય છે. છતાંય એ ખોવાયેલી વાસ્તવિકતાને સ્વીકારવા મન તૈયાર થતું નથી.

અષાઢી આકાશ સતત ગોરંભાતું રહે તેમ મારું મન ગોરંભાતું રહે છે, સોનબાઈની જેમ. પણ મન, મન મૂકીને વરસતું નથી. આ અકળામણમાં સાંજ પડે છે.

વાળુ કર્યા પછી હું ફળિયામાં ઢાળેલા પલંગ પર બેસું છું. તેનો ઘરવાળો શામજી, સીમમાંથી આવી ગયો છે. પણ તે સાંતી અને બળદોની કડાકૂટમાં છે. જ્યારે સોનબાઈ હજું રસોડું પરવારી નથી. એટલે હું સાવ નવરો ધૂપ...મનના અશ્વ પર આરૂઢ થઈને આ મલકથી પેલે મલક હડિયું કાઢવા લાગું છું. પણ જે હવાને શ્વસવા વરસોથી તડપતો હતો, ઝંખતો હતો, એ હાથવગી હોવા છતાંય તેને શ્વસી શકતો નથી.

શિંગવડો તરફથી આવતો શીળો વાયુ, સોળે કળાએ ખીલેલી ચાંદની, એ જ પરિવેશ, એ જ માયાળુ માનવીઓ...ને છતાંય હું કેમ અતડો- અતડો ? મને જ સમજાતું નથી. અને સમજાય છે તો સ્વીકારી શકતો નથી. લાગે છે કે, મારા પર 'હુંપણા'નું કવચ લપેટાઈ ગયું છે!

શામજી મારી પાસે આવીને હળવેકથી બેસી જાય છે. મને થાય છે કે શામજી કંઈક બોલશે ! પણ તેને ય અબોલતાનો વા લાગ્યો છે. તે મૂંગો- મંતર બેઠો બીડીઓ પર બીડીઓ ફૂંકે છે !

'મૂંગા તે હાવ મૂંગા....જાણે મોંમાં મગ ભર્યા હોય !' ગવનના છેડાથી હાથ લૂછતી સોનબાઈ, ઓસરીની કોર પર મારી સામેના ભાગે બેસે છે.

ખરેખર કંઈ બોલવું જોઈએ....ને બોલવા માટેના મુદ્દાઓ/વિષયો પણ ઘણા હતા. છતાંય જીભ, સળવળવાનું નામ જ લેતી નથી. વચ્ચે તો એકાદ-બે વખત થયેલું કે કયાંક ભળતી જગ્યાએ તો આવી જવાયું નથીને !?

હું અહીં આવ્યો છું, તેવી જાણ થતાં વાસમાંથી બે-ચાર જણ બેસવા આવે છે. એકાબીજાના ખબર-અંતર પુછાય છે...ને સાથે આડાઅવળી વાતો.

પણ મારું મન તો સોનબાઈના ચિત્તમાં અટવાઈ પડ્યું છે ! સોનબાઈને, ઘણુંય કહેવું છે.... મારી આગળ હૈયું ખોલવું છે...તે વાતનો સ્પષ્ટ નિર્દેશ તેની તગતગતી આંખોમાંથી સાંપડે છે...ને કયારેક તો તેના ચહેરાને જોવામાં એટલો તો તલ્લીન થઈ જાઉં છું કે આંખનું મટકુંય મારવાનું ભૂલી જાઉં છું.

ગૃહસ્થીનો દોઢ દાયકો, સાવ કોરોકટ જવાથી, શામજી બીજું ઘર માંડે છે, શોકય ઘરમાં આવે છે. ત્યારે મનને વાળવાનો પ્રયાસ કરેલો. પણ મનના ઘોડા, ચોકડાં તોડાવવા લાગેલા ત્યારે સોનબાઈએ, તેના ઘરની બાજુમાં ઝૂંપડું કરીને અલગ રહેવું શરૂ કરેલું. આમ્રવનની કોયલ, સૂકા બાવળિયાના કાંટાઓમાં પીંખાવા લાગે તેમ સોનબાઈને એકલવાયાપણું પીંખવા લાગ્યું હશે ! કેવી હશે એ વેદના ? એ તો સોનબાઈ જ જાણે; છતાંય મન કાઠું કરેલું પણ ઘોડી, સામાન સોતી ભાગે તેમ શોકય તેના પુત્ર સાથે ભાગેલી...તે દિ'ને આજની રાત...હજુય પાછી ફરી નથી. સોનબાઈએ ફરી એ ઘરમાં પગ મૂકયો....પૂર્વવત થવાનો પ્રયાસ કરેલો, પણ દિલમાં પડેલી તિરાડ ને સાંધી શકી નહિ. ને એ તિરાડ રાજકુંવરીની જેમ દિવસ ને રાત વધતી ચાલી !

મારું લાંબું બગાસું સૌને સમયનું ભાન કરાવે છે. એક જણ કહે છે: કરીહું'ને હખરાત્ય !'

સૌ વિખેરાય છે. પણ સોનબાઈ તો ઓસરીની કોરે, બેઠી હતી એમજ, બેઠી છે. તે લગભગ અબોલ જ રહી છે. નહિતર તો સોનબાઈ કાગડો ન બેસવા દે, એટલું બોલે ! પણ સમયની ઊધઈએ સૌને કોરી ખાધાં હતાં.

સોનબાઈને બોલવું છે, મારી આગળ હૈયું ઠાલવવું છે...તેવું તેના સફેદાયેલા ચહેરા પર સાવ સ્પષ્ટપણે ઉકલેય છે. પણ હું પથારીમાં લંબાવું છું. મને ઊંઘ નથી આવતી પણ સોનબાઈ તેની વ્યથાકથા મારી આગળ રજૂ કરે ....ને કયાંક મારાથી લાગણીવેશમાં ડૂસકું નખાઈ જાય તો ? મારા 'હુંપણા'ને ઠેસ લાગે ...હું હવે મોટો માણસ છું ને !?

મને પથારીમાં લાંબો થતો જોઈને સોનબાઈ ઊભી થાય છે. ટગર ટગર મારી સામે જુએ છે ને પછી ફળફળતો નિઃશ્વાસ નાખીને અંદરના ઓરડામાં ચાલી જાય છે.

હું સમજું છું, પેટ ભરીને જાણું છું; પણ ઘણીય કથનીઓ અકથ્ય રહે તેમાં જ સાર હોય છે.

શામજી બાજુમાં જ ખાટલી ઢાળીને લંબાવે છે. ને બસ, થોડીવારમાં જ નસકોરાં તાણવા લાગે છે. આમ તો, શામજીનું સઘળું ઊંઘમાંજ ગયું છે ને ?

આંખો બંધ કરીને સૂવાનો પ્રયાસ કરું છું . પણ આંખો ફડાક કરતી ખૂલી જાય છે. ને પેલો ફળફળતો નિઃશ્વાસ તનમનમાં પ્રજળવા લાગે છે. હું દઝામણ અનુભવું છું, અકળાઉં છું ને એકદમ બેઠો થઈ જાઉં છું.

આ નિઃશ્વાસ સાવ પેલોવેલો નથી ! અગાઉ પણ મારા પુરુષાતન પર કઠોરાઘાત કરી ગયો છે...

અહીં રહેવા આવ્યો તેની બીજી રાત હતી. ઘરના બારણા પાસે પલંગ રાખીને હું સૂતો હતો. સોનબાઈ ઘર નું બારણું ખુલ્લું રાખીને વચ્ચોવચ સૂતી હતી. ને ઓસરીની જાળી બંધ હતી.

સોનબાઈની મથરાવટી મેલી છે એવું સાંભળેલું. એ વાતે ઊગતી યુવાનીનો આવેગ ઉછાળા મારવા લાગેલો. ને બહોળું એકાંત. તેમાંય શામજી ઘેર ન હતો. રાતનો ગજર ભાંગ્યે, સોનબાઈ તેનું તલસતું તન અને મન લઈને મારી પાસે આવેલી. હું પથારીમાંથી એકદમ બેઠો થઈ

ગયેલો. છાતીમાં શ્વાસ રુંધાવા લાગેલો. છતાંય તેની સામે જોવાનું ચૂકયો ન હતો. ઓઢણી ઓઢી ન હતી. ફાનસના આછા ઉજાશમાં સોનબાઈનો તામ્રવર્ણો ચહેરો ઈજન આપતો હતો. હું કોઈ કઠપૂતળીની માફક ખેંચાયો...ને બે ડગલાં આગળ ચાલ્યો . પણ ઘરના ઉંબરમાં પગ મેલું એ પહેલાં જ મારા કાને આવાજ અથડાય છે-

'મેરુ રે ડગે જેના
મન ના ડગે રે પાનબાઈ
મરને ભાંગી પડે ભરમાંડ...,

ઊંચી ટેકરી પર આવેલા રામદેવપીરના ઓટા પર એકતારા સાથે શામજી ભજન ગાતો હતો.

મારા પગ થંભી ગયા. હું એકચિત્તે પવનની લહેર સાથે દોડી આવતા અવાજને સાંભળવા લાગ્યો. ને પછી હળવે હળવે મારી નસોમાં લોહી ઠરવા લાગેલું. ત્યારે પથારીમાં ગૂંડલું વળી ગયેલો ને માથેથી ચોખીચણાક રાત પસાર થઈ ગયેલી.

દિવસો સુધી અમે આંખો મેળવી શકયાં નહોતાં. પણ જ્યારે આંખ મળી ત્યારે, એ આંખોમાં નિર્મળ લાગણીનાં ઝરણાં ખળખળતાં હતાં. સોનબાઈ જ નહિ તેની સમગ્ર જીવન રીતિ જ બદલાઈ ગયેલી. સાચાંખોટાં આળ પણ ઓછરી ગયેલાં.

ભળભાંખળું થવા આવ્યું છે. પંખીડાંઓનો કલબલાટ અને માણસોની ચહલપહલ સાથે નવું વાતાવરણ ભરાવા લાગ્યું છે. હું જાગીને જોઉં છું તો, સોનબાઈ હાથમાં દાતણ અને પાણીની ઝારી લઈને ઊભી છે. ઊગતા સૂરજના સોનેરી કિરણો તેના ચહેરા પર મઢાઈ ગયાં છે. નજર નો સંધાડિયો મળતાં જ, હોઠ વંકાઈને ઉદ્ભવેલા આછા સ્મિતની બોળી થાય છે.

સવારની ક્રિયાઓ આટોપીને હું મારા વતનમાં જવા ની તૈયારી કરું છું. તે દરમ્યાન સોનબાઈ મારી સઘળી ક્રિયાને એક બાજુ બેસીને નિહાળ્યા કરે છે.

હું આજનો દિવસ રોકાઈ જાઉં....તેવા કહેણ સાથે શામજી, વ્હેલી સવારે તેના ખેતરમાં પહોંચી ગયો છે. સોનબાઈ પણ ખેતર પહોંચી ગઈ હોત. પણ હું છું ને....!

'મારે જવું છે...એક દિવસની રજા તો માંડ માંડ.....'

કંઈ જ જવાબ મળતો નથી. પણ સજળ નેત્રે, મારી પાછળ પાછળ છેક બસ સ્ટેન્ડ સુધી આવે છે.

થોડીવારે બસ આવે છે. હું સોનબાઈ સામે જોઉં છું. તે બે-ચાર ડગલાં ઝડપભેર ચાલીને મારી ઉરાઉર આવે છે. પછી રૂંધાયેલા આવાજે કહે છે: પાછા કંઈ આવ્હયો !?

'પાછા તો....' પછી આગળ બોલી શકતો નથી, પણ મનમાં થાય છે કે કહી દઉં : 'આપણા હાથની વાત હોય તો તારા ઘેર દીકરો થઈ આવું! પણ બોલી શકતો નથી. તેમજ તેની નીતરતી આંખોમાં આંખો પણ મેળવી શકતો નથી.

-અને ઝડપથી, બસમાં ચઢી જાઉં છું... □

અનુસંધાન) કંકાવટી (પૃ. ૪૫૮ પરથી

આવા ગુલામ જીવન કરતાં તો મૃત્યુ ભલું. તેમાંનાં ઘણાં બધાં ભાગી છૂટવાનો પ્રયાસ કરવા જતાં મૃત્યુને વરે છે. પોતાની મા માટે મુકત શ્વાસ ખરીદી શકવાનું સ્વપ્ન જોનાર હેલેની પત્ની સેથ ત્રણ બાળકોની માતા છે. પોતાના પતિની જેમ તેને પણ મુકત હવામાં શ્વાસ લેવાના કોડ છે. પોતાનાં બાળકોને ગુલામીમાં સબડતાં જોવાં તે તૈયાર નથી. છેવટે જીવ કાઠો કરીને પોતાનાં ત્રણેય બાળકોને ઉત્તર તરફ જતી ટ્રેનમાં ચઢાવી દે છે. તેને શ્રદ્ધા છે કે આ ટ્રેન તેમને જરૂર મુકત વિશ્વમાં લઈ જશે-એક એવું વિશ્વ જયાં બાળકોને મુકત શ્વાસ લેવા મળશે, પણ માની હૂંફ નહીં મળે. સૌથી નાનું બાળક ગયું ત્યારે ભૂખ્યું હતું. તેનો જીવ ભૂખ્યા બાળકમાટે કકળે છે. અધમૂઈ થઈ ગયેલ સેથને એક શ્વેતસ્ત્રી બચાવે છે. થોડા જ વખતમાં તે એક બાળકીને જન્મ આપે છે, જે ગુલામીથી તે પોતાનાં બાળકોને છોડાવવા મથતી હતી તે ગુલામી ભોગવવા આ વળી કયાંથી આવી ? દીકરીને ભવિષ્યનાં અપમાનો, યાતનાઓ વગેરેથી બચાવવા સેથ તેની હત્યા કરે છે. સંતાનની હત્યાનું કૃત્ય આ નવલકથાના કેન્દ્રસ્થાને છે.

જો ફકત વાર્તાતત્ત્વ પર જ ધ્યાન આપીએ તો એમ લાગે કે 'બીલવ્ડ' એક મેલોડ્રામાથી વિશેષ કંઈ જ નહીં હોય. પરંતુ મોરિસનની કલા તેને નવું રૂપ આપે છે. મોરિસનની નવલકથામાં પ્રસંગો વર્ણવી જવા માટે હોતા નથી. પ્રસંગો તો જાણે મોરિસનનાં પાત્રોની બંધ કરેલ આંખનાં પોપચાંમાંથી સરે છે કે પછી પોતાની અંજલિમાંથી પાણીની જેમ ટપક ટપક ટપકે છે.

આ ક્રૂર ઘટનાના બરાબર ૧૮ વર્ષે ગુલામીની પ્રથાનો અંત આવે છે. ગુલામો મુકત થાય છે. પોતપોતાનાં ઘર વસાવીને રહે છે. સેથ હવે સ્વતંત્ર છે. પોતાના પતિ હેલેની ગેરહાજરીમાં તે ડેનવર નામના પુરુષ સાથે પોતાની સાસુના પૈતૃક મકાનમાં રહે છે. જિંદગીના અંતે જ્યારે હવે તેનું પોતાનું કહી શકાય તેવું એકેય પાત્ર તેના જીવનમાં નથી, ત્યારે ક્ષણેક્ષણ ઝંખેલી સ્વતંત્રતા તેને મળી છે. પરંતુ સ્મૃતિની ભૂતાવળ તેને જીવવા દેતી નથી.

સેથનું મકાન પ્રેતાત્માઓથી અભિશાપિત બન્યું છે. કોક વાર અરીસો તૂટેલ હોય તો કોક વાર સીથે તૈયાર કરીને મૂકેલી કેકના આઈસિંગ પર પ્રેતાત્માની નાની નાની હથેળીઓની નિશાની હોય ! ચોક્કસ આ પોતે મારી નાખેલ બાળકીનો પ્રેતાત્મા લાગે છે. 'મને કયાં ખબર હતી કે એ નાનકડી બાળકીમાં આટલો બધો રોષ હશે ?' સીથ કહે છે. તેની સાસુ તેને આશ્વાસન આપે છે, 'ભગવાનનો પા'ડ માન કે આ પ્રેતાત્મા બાળકનો છે. જો ભૂલેચૂકે તારાકે મારા પતિનો પ્રેતાત્મા આવત તો ? તો તો આપણું આવી જ બનત.''

અશ્વેત સમાજના લોકસાહિત્ય તથા અંધ- શ્રદ્ધાઓનો ઉપયોગ કરતી આ નવલકથાની વિશેષતા એ છે કે તે વાચકને પ્રેતયોનિથી માંડી મનુષ્યમનનાં ગહન ઊંડાણો સુધીની સફર કરાવી જાય છે. પ્રેતયોનિના પણ પોતાના નિયમો હોય છે. આહ્વાન વગર પ્રેતાત્મા આવાતો નથી. અહીં પાત્રોનાં મનમાં ઊંડે ઘર કરી ગયેલ ગુલામીની સ્મૃતિ પ્રેતાત્માઓનું આહ્વાન કરે છે. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બલરાજ સહાની

તા. ૧૬-૪-૭૩. ગયે શુક્રવારે બલરાજ સહાનીનું અવસાન થયું. સવારે હૃદયરોગનો હુમલો થયો. દવાખાને લઈ ગયા. ત્યાં કાંઈક ઠીક થયું. પણ સાંજે ૫-૩૦ વાગે બીજો હુમલો થયો અને ૬-૩૫ વાગે અવસાન થયું. ફિલ્મી અભિનેતાઓમાં 'બલરાજ સહાની' વિશિષ્ટ વ્યક્તિ હતા. 'દો બીઘા જમીન' ફિલ્મમાં તેમણે કલકતાના રિક્ષા ખેંચનારને જાણે પરદા ઉપર જીવન્ત આણી દીધો.

ઈ.સ. ૧૯૭૨નું દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટિનું દીક્ષાન્ત (કોન્વોકેશન) વ્યાખ્યાન બલરાજ સહાનીએ આપ્યું. આ વાતની છાપાંમાં બહુ ટીકા આવી. શું જમાનો આવ્યો છે! યુનિવર્સિટીના પદવીદાન સમારંભોમાં વિદ્વાનોને બદલે ફિલ્મી કલાકારોને આમંત્રણ મળે છે! 'ટાઈમ્સ ઑફ ઈન્ડીઆ' એ તો કટાક્ષ ભરેલો અગ્રલેખ લખ્યો. તેણે લખ્યું કે અત્યારે જે પ્રકારનું કોન્વોકેશન થાયછે તેમાં બલરાજ સહાનીને બદલે જોની વોકરને મુખ્ય મહેમાન તરીકે બોલાવવો જોઈએ. આમે કોન્વોકેશન ફારસ જેવાં થઈ ગયાં છે તેમાં જોની વોકર દીપી નીકળશે અને લોકોને હસવાનું કારણ મળી રહેશે. આ અગ્રલેખ પછી બીજે દિવસે એક વાચકે 'ટાઈમ્સ'ને પત્ર લખ્યો તેમાં લખ્યું કે અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. થયેલ વ્યક્તિ જે યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે રહી હોય અને પછી કળાના કોઈ ક્ષેત્ર માં નામના મેળવી હોય તેવી વ્યક્તિ જો યુનિવર્સિટીનું કોન્વોકેશન વ્યાખ્યાન આપે તો તો કોઈને વાંધો ન હોય ને? પત્ર લેખક લખે છે - 'ટાઈમ્સ ઑફ ઈન્ડીઆ' જેવું છાપું પણ પૂરતી તપાસ કર્યા વગર અગ્રલેખ લખે તે કેવું વિચિત્ર! બલરાજ સહાની ઈંગ્લિશ લિટરેચર સાથે એમ.એ. થયેલા છે, અને શાન્તિ નિકેતનમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે કામ કરતા હતા. પાછળથી ફિલ્મક્ષેત્રમાં નામના મેળવી. તે પહેલાં ઈંગ્લન્ડના બી.બી.સી. રેડીઓ પર અંગ્રેજીના એનાઉન્સર તરીકે પણ કામ કર્યું હતું.

'ટાઈમ્સ'માં આ પત્ર છપાયા પછી છાપાંવાળાઓને ભાન થયું કે આ તો કાચું કપાયું. પછી તો બલરાજ સહાનીનું દીક્ષાન્ત ભાષણ પણ છાપ્યું અને જ્યારે બલરાજ ગુજરી ગયા ત્યારે 'ટાઈમ્સ' સિવાયનાં છાપામાં આ કોન્વોકેશનવાળી વાતનો નિર્દેશ પણ આવ્યો.

દેશમાં ઈન્દિરા ગાંધીનો જુવાળ આવ્યો અને છેલ્લી ચૂંટણીમાં ઈન્દિરા કૉંગ્રેસનો જયજયકાર થયો તેમાં મોટાં શહેરોમાં બલરાજ સહાનીના ઈન્દિરા તરફી પ્રચારે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. સહાની પોતે ભારતીય કોમ્યૂનિસ્ટ પક્ષના સભ્ય હતા અને પોતાના મૃત્યુ સમયે કોઈ પણ જાતની ધાર્મિક વિધિ નહિ કરવાની અને મૃતદેહ પાસે લાલ ઝંડો તથા લેનીનની છબી મૂકવાની સૂચના તેમણે આપી રાખી હતી.

સાગરઘેલું ગુજરાત

તા. ૨૫-૧૧-૭૩. ગુજરાતના યુવાનોમાં સાહસિક પ્રવાસની પ્રણાલિ તો છે જ તેમાં એક ઊમેરો થયો છે. ૧લી નવેમ્બરે ગુજરાતના સાગરકાંઠાના દક્ષિણ છેડે આવેલા ઉંબરગાંવથી યુવાનોની ટુકડી (તેમાં બે બહેનો હતી) સઢ વહાણોમાં, હરિ ૐ આશ્રમના શ્રી મોટાના આશીર્વાદ લઈને નીકળી. ગુજરાતના આખા સાગરકાંઠાનો પ્રવાસ ખેડી ૨૦ દિવસે ૧૦૦૦ કિલોમીટરનું અંતર કાપી કંડલા પહોંચવાનું આયોજન હતું. ખંભાતના અખાત અને કચ્છના અખાતનાં ભરતીનાં મોજાં દુનિયાભરમાં આવતાં ઊંચાંમાં ઊંચાં મોજાંની ગણતરીમાં ગણાય છે, તે બધાંને હેમખેમ પાર કરીને આ ટુકડી ૨૪મી નવેમ્બરે વહેલી સવારે વહાણોના સઢ સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવતી કંડલા બંદરે પહોંચી. આયોજિત કાર્યક્રમ કરતાં ત્રણ દિવસ મોડું થયું, કારણ કે રાતના વખતે ટુકડીનાં બધાં જ વહાણોને સાથે રાખવાનું કામ અંધારામાં મુશ્કેલ થતું અને તેમાં દ્વારકા નજીક ટુકડીનાં ત્રણ વહાણ છૂટાં પડી જતાં એક આખો દિવસ તેમને શોધીને સાથે લાવવામાં જ ગયો!

સાગરઘેલું ગુજરાત હિમાલય ચઢવા દોડે અને સાગર ખૂંદવા ન નીકળે તે કાંઈ ચાલે?

પરમાણુ વિસ્ફોટ

તા. ૧૯-૫-૭૪. આજકાલ રેલવે હડતાળના દિવસો છે; પણ આજે રેલવે હડતાળના સમાચાર ને છાપાંના પહેલા પાના ઉપર માંડમાંડ એક ખૂણામાં સ્થાન મળ્યું છે, કારણ કે ભારતે તેનો પહેલો અણુ ધડાકો કર્યો તે સમાચારે આખું પહેલું પાનું રોકી લીધું છે. ૧૯૬૪માં નિર્ણય લેવાયો હતો કે પરમાણુ શક્તિનો શાન્તિમય હેતુ માટે ઉપયોગ કરવો હોય તો પણ તેને લગતી ટેકનોલોજિ આપણેજ વિકસાવવી જોઈએ. ઓ ટેકનોલોજિ કોઈ દેશ આપણને ઉછીની આપે નહિ કે ક્યાંયથી ખરીદી શકાય નહિ. વળી, આપણી નજીકમાં ચીને અણુઅખતરા કરી બૉમ્બ બનાવ્યા છે અને ચીન સાથેના આપણા સંબંધો સંતોષકારક નથી તે જોતાં પરમાણુ શક્તિના ઉપયોગની જાણકારીથી વંચિત રહેવું આપણને પોષાય નહિ. પરમાણુ- શક્તિના વિકાસમાં આપણે આગળ વધવું જ જોઈએ એવી મારી માન્યતા તો કેટલાં યે વર્ષથી બંધાઈ હતી. ૧૯૬૬માં અમદાવાદમાં હિરોશીમા દિન નિમિત્તે ગાંધી શાન્તિ પ્રતિષ્ઠાન ને આશ્રયે મળેલી સભામાં મેં આ વાત કહી હતી કે પરદેશી હકૂમત નીચે વિકસેલી આપણી શિક્ષણ વ્યવસ્થામાં મૌલિકતાને ગૌણ ગણવામાં આવી છે. પરિણામે વિજ્ઞાનમાં આપણને અનુકરણ કરવાની ટેવ પડી છે. આપણે

ત્યાં નવાં કારખાનાં નીકળે છે પણ નવી ટેકનોલૉજિ વિકસતી નથી. પરદેશમાં વિકસેલી ટેકનોલૉજિ ખરીદવાની વૃત્તિ જોવા મળે છે. એટલું જ નહિ પણ ફલાણું કારખાનું તો ફોરિન કોલાબોરેશનમાં ચાલે છે માટે તેનો માલ તો ઘણો સારો હશે એવી છાપ આપણામાં ઊભી થઈ છે.

આ પરિસ્થિતિમાં આપણે ત્યાં વિજ્ઞાન અને ટેકનોલોજિમાં મૂળભૂત પ્રગતિ ઓછી થાય છે, માત્ર અનુકરણોજ વધારે થાય છે. પણ પરમાણુ શક્તિ નું ક્ષેત્ર એવું છે જેમાં બહારથી કોઈ પણ જાતની મદદ શક્ય નથી. તેનો સંપૂર્ણ રીતે સ્વદેશી વિકાસ જ શક્ય છે. કોઈ ફોરિન કોલાબોરેશન શક્ય જ નથી. ખરું વિજ્ઞાન કોને કહેવાય તેની માહિતી દેશમાં મળે અને આપણા વિજ્ઞાનીઓને પડકાર રૂપ કામ મળે તે માટે પરમાણુ શક્તિનો વિકાસ આપણે કરવો જ જોઈએ.

૧૮મી મે ૧૯૭૪ની સવારે ૮-૦૫ વાગે પરમાણુ વિસ્ફોટ નો પ્રથમ પ્રયોગ ભારતમાં થયો તેની દેશના રાજકારણ પર, આન્તરરાષ્ટ્રિય સંબંધો પર તથા વિદેશોમાં દેશની આબરૂ વિષે જે અસર પડવી હોય તે પડે પણ દેશના વિજ્ઞાનશિક્ષણ પર તો તેની અસર ઘણી થશે એમ લાગે છે.

છાપામાં મહાભારતનું યુદ્ધ

તા. ૨૦-૧૦-૭૫. ઈન્દિરા ગાંધીએ રાષ્ટ્રિય કટોકટી જાહેર કરી અને ઈમર્જન્સી સત્તાઓ સરકારે હાથમાં લીધી તેના ૧૦૦ દિવસ થયા એટલે રેડીઓમાં 'રાષ્ટ્રિય કટોકટી'ના ૧૦૦ ફાયદાનાં વર્ણન આવવા લાગ્યાં છે. તે ૧૦૦ ફાયદાની પસંદગી તો રાજકીય દષ્ટિબિન્દુ નજર સમક્ષ રાખીને થઈ છે અને રાજકારણમાં જે અનેક નાટકો ભજવાય છે તેવું આ પણ એક નાટકજ લાગે છે.

પણ સંસ્કાર ક્ષેત્રે એક મોટો ફાયદો થયો તે રાજકારણીઓની નજરે નહિ પડે, પણ મારા જેવાની નજરે તરત જ પડે છે. પક્ષીય રાજકારણમાં છાપાં કોઈ એક પક્ષની કંઠી બાંધી એક બીજા રાજકીય પક્ષોનાં સીધાં કે આડકતરાં ટીકાટિપ્પણમાં રાચતાં રહે. આ રીતે જન-શિક્ષણ ના અમોઘ શસ્ત્ર દૈનિક છાપાંનો પક્ષના હિતાર્થે જ ઉપયોગ થતો રહે. હવે કટોકટી નીચે સરકારી પ્રવૃત્તિઓ સિવાય બીજા રાજકીય સમાચારો કે પ્રસંગો ઉદ્‌ભવતા જ નથી એટલે છાપાંવાળાઓને રાજકારણ સિવાયના ક્ષેત્રમાંથી વાચન- સામગ્રી ઊભી કરવી પડે છે.

હમણાં એકાદ મહિનાથી દેશનાં બધાં જ છાપાંમાં એક વિશિષ્ટ ચર્ચા ઊભી થઈ છે. ચર્ચાના વિષયો છે (૧) રામપ્રયાણની લંકા શ્રીલંકામાં કે મધ્ય પ્રદેશમાં ? (૨) મહાભારતનું યુદ્ધ ખરેખર લડાયું હતું કે કવિ કલ્પના છે ? વિદ્યાર્થીઓની પથ્થરબાજી, કર્મચારીઓનાં ધરણાં, જયપ્રકાશનો બિહાર સત્યાગ્રહ, ફલાણી ફિલ્મ અભિનેત્રી ઢીંકણા અભિનેતા સાથે લગ્ન- ગ્રંથીથી જોડાશે ? એવા સમાચારોમાં રાચતાં છાપાંઓ માટે ઉપરના પ્રશ્નોની શાસ્ત્રીય ચર્ચા એ કેટલું મોટું પ્રગતિનું પગલું ગણાય ?

અને આ રામાયણ કે મહાભારતની ચર્ચામાં રાજકારણીઓ ભાગ નથી લેતા પણ વિદ્વાનો ભાગ લે છે. અને તેમાં આખા દેશનું પ્રતિનિધિત્વ આવે છે. મહાભારત વિષેની ચર્ચા કલકત્તાના પ્રોફેસર સરકારે શરૂ કરી છે. તેમણે વિધાન કર્યું કે મહાભારતના યુદ્ધની વાત કપોળકલ્પિત છે અને મહાભારતની તારીખ પણ નક્કી થઈ શકી નથી. મહાભારતની જે તારીખ આપવામાં આવે છે તે જમાનામાં મોટાંમોટાં સૈન્યો રાખવાં, તેમને શસ્ત્રસજ્જ કરવાં અને યુદ્ધો ખેલવાંની કળા વિકસીજ નહોતી.

ભારતના અદના અશિક્ષિત નાગરિક માટે પણ જે સત્ય ઘટના છે તેને અસત્ય ઠરાવતા અભિપ્રાય સામે વિરોધ તો થાય જ, પણ તે વિરોધ રાજકીય કે સામાજિક નેતાઓ કે ધર્મગુરુઓ તરફથી સામાન્ય રીતે થાય, અને તેમ થાય તો નવું પણ ન લાગે. પણ કટોકટીના આ જમાનામાં ખરું નેતૃત્વ સંસ્કાર સ્વામીઓ પાસે છે. કુરુક્ષેત્ર યુનિવર્સિટીના પ્રો. દત્તે અને પ્રો. ફડકે એ પ્રો. સરકારના મતનું ખંડન કરતી ઈતિહાસવિદને જ સૂઝે તેવી દલીલો રજૂ કરી અને તે બધાં છાપાંએ છાપી. પૂણેની ડૅક્કન કૉલેજના ગુજરાતી પુરાતત્ત્વવિદ ડૉ. હસમુખ સાંકળીઆએ પુરાતત્ત્વના સામયિકમાં આ વિષે લખ્યું હતું. એક સમાચાર સંસ્થાએ ડૉ. સાંકળીઆનો આ લેખ શોધી કાઢ્યો અને તેમાંથી ઉદ્ધરણ કરીને છાપાંમાં સમાચાર રૂપે રેલાવ્યું.

નાગપુરના એક પ્રોફેસરે ડૉ. સરકાર અને ડૉ. સાંકળીઆનાં મંતવ્યોનું ખંડન કરતાં ઐતિહાસિક મુદ્દા રજૂ કર્યા. એટલે 'ટાઈમ્સ ઑફ ઈન્ડીઆ' એ ડૉ. સાંકળીઆને આ બધી અખિલ ભારતીય ચર્ચાને આવરી લે તેવો એક લેખ લખવા આમંત્રણ આપ્યું.

સાંકળીઆએ આખા પ્રશ્નને પુરાતત્ત્વવિદ્યાના સ્તરે લઈ જઈને કલ્પનાના ક્ષેત્રમાંથી ઊંચકી ઉત્ખનન દ્વારા મળતી નક્કર માહિતી અને સાબિતીના સ્તર ઉપર લાવી મૂક્યો છે. અને ચર્ચામાં ઋગ્વેદનો કાળ, પુરાતત્ત્વની ખોજમાં મળેલા અવશેષો આજની કારબન ડેટિંગ C-14 પદ્ધતિ વગેરેની વાતો ભારતનાં દૈનિક પત્રોમાં વાંચવી એ તો એક લ્હાવો છે.

દેશમાં નેતાગીરી તો ફક્ત રાજકીય કાર્યકરની હોય તેવી નાદુરસ્ત પ્રણાલિ આઝાદી પછી ઊભી થઈ છે. ૨૬ જૂનથી શરૂ થયેલી કટોકટી રાજકીય કાર્યકરને તેનું યોગ્ય સ્થાન બતાવે છે અને નેતાગીરી ત[illegible] રાજકીય સિવાયનાં અન્ય ક્ષેત્રોમાં પણ હોઈ શકે તેવી તન્દુરસ્ત પ્રણા[illegible] અનાયાસે ઊભી કરે છે.

રાજકારણે ઊભી કરેલી કટોકટી રાજકારણીઓને [illegible] લાગશે ત્યારે ઊઠી જશે, પણ ત્યાં સુધીમાં આ નવું વલણ [illegible] જાય તો દેશની એકતા અને સાંસ્કૃતિક ક્ષેત્ર માટે બહુ મોટું પગ[illegible] પણ હવે શેખચલ્લીના વિચારો બંધ કરીએ.

નાટ્યાનુભાવન-૧૪

રંગભૂમિની ભાષા-૩

હસમુખ બારાડી

સંભાવ્ય ક્રિયા અને સમય

''રંગભાષા'' માટે, નાટ્યલેખ અને મંચનલેખમાં જે સંકેતો અને નાટ્યપ્રણાલિઓ સર્જાય છે એનો અને એ બન્ને પર આધારિત નાટ્ય-માળખાનો ઉદ્દેશ પ્રેક્ષકોને નાટ્યરસ અનુભવવામાં સહાય કરવાનો છે. એ સંકેતો અને પ્રણાલિઓ નાટ્યવસ્તુની સબટેક્સ્ટ (નિહિત લેખ) નિર્દેશી નવું પરિમાણ ઊભું કરી આપે છે; પ્રસ્તુતિ દરમ્યાનની અનેક ભૌતિક ઘટનાઓ અને સાધનો (સંગીત, સન્નિવેશ, કમ્પોઝિશન્સ, લય વગેરે) પરસ્પરને સહાયક બની નાટ્યરસ સર્જી આપે છે. એના પાયામાં છે 'નાટ્ય'ની આખું 'જગત' સર્જી આપવાની ક્ષમતા. આ જગતમાત્ર નટથી રમણભૂમિમાં જ પ્રસ્તુત થયેલું છે, પ્રેક્ષક એ જોવા આવ્યો છે, એને ખબર છે કે એ જગત આ રમણભૂમિ અને આ સમયમાં જ બદ્ધ છે, છતાં એને એ વાસ્તવિક માને છે, તત્કાલીન અને તત્સ્થળે એને એ બનતું ભાસે છે.

જો કે આ 'વાસ્તવિક નથી જ' પણ એ સંભાવ્ય છે, શક્ય છે અને તેથી એ વાસ્તવિક માને છે; નજર સમક્ષ બનતું હોવાથી એને એ સત્ય ભાસે છે. દા.ત. 'રાઈનો પર્વત' (રમણભાઈ નીલકંઠ) નાટકમાં પર્વતરાયનો વધ રાઈને (જે ખરેખર ગાદીનો હકદાર જગદીપદેવ છે) હાથે જ થાય એ વાસ્તવિક જીવનમાં માત્ર અકસ્માત ગણાય, પણ એ તખ્તે 'શક્ય' છે; એથી પછીના પ્રસંગો (પર્વતરાયનો વેશ લઈ લીલાવતીને આંગણે જવું વગેરે) પણ પ્રેક્ષકનને સ્વીકાર્ય બને; લીલાવતીને સ્વીકારવી કે નહીં એની મનોવ્યથા સંભાવ્ય લાગે, એ માટે નટ મૂંઝાયેલો ફરે, ક્યારેક એકલો બોલી પડે, જાલકા (હકીકતે માતા અમૃત દેવી) સાથે, ખૂબ પ્રેમ આદર હોવા છતાં લડી પડે, લીલાવતીના આયનામાંથી પોતાને નીકળતો જુએ ('રાઈનો દર્પણરાય' - બારાડી); તીર છૂટી ગયા પછી કામઠું પોતાની પાસે રાખે અને એને લેખક મહત્ત્વનું પ્રતીક બનાવી રાઈની action વિશેની વિભાવનાનું સાધન બનાવે - આ બધુંય સંભાવ્ય, શક્ય અને તેથી વાસ્તવિક લાગે. અને એ રીતે રાઈનું આખું જગત સર્જાય - એનાં સ્થળ અને સમય, એનો સંદર્ભ રચાય. નાટ્યની આ શક્તિ તે 'જગત' સર્જવાની શક્તિ; 'રંગભાષા'નો એ એક મહત્ત્વનો પાયો.

પ્રેક્ષક પ્રસ્તુતિ દરમ્યાન પેલાં બધાં સાધનોને આધારે, એ તર્કબદ્ધ સંદર્ભ અને ક્રમમાં રજૂ થયાં હોય તો અને ત્યારે રંગભાષા **ઉકેલતો** જાય. એ માટે સઘળું વાસ્તવિક જ હોય તો ય એને ચાલે. દા. ત. ભારે મનોદ્વિધા અનુભવતો રાઈ એક પળે જાલકા સાથે ઉદ્યાનમાં વાત કરતો હોય, અને ત્યારે એને લીલાવતી યાદ આવે તો લીલાવતી તખ્તે દેખાય , અને એની સાથેય રાઈ વાત કરે તો પણ પ્રેક્ષક એને સંભાવ્ય માને, અહીં સ્થળ અને સમય બદલાતાં/એકબીજામાં ભળતાં હોવા છતાં એ અવાસ્તવિક ન બને; ઊલટું એ વધુ નાટ્યાત્મક લાગે; **નવી વાસ્તવિકતા** સર્જાતી લાગે, રાઈનું પાત્ર સ્પર્શ્ય, નક્કર લાગે. એની મનોવ્યથાને ઊંડાણ મળે. એટલું જ, નહીં actionની લેખક- દિગ્દર્શકની વિભાવના પ્રેક્ષકને સમજાય - જે આખા પુસ્તકની દલીલો કરતાંય ક્યારેક વધુ પ્રભાવક બને.

આ માટે આવા સંકેતો, સંભાવ્ય જગતસર્જનની એની ક્ષમતા અને નાટ્ય પ્રણાલિઓ વગેરે ઉકેલવા/વાંચવાની પ્રેક્ષકની શક્તિ અહીં અપેક્ષિત છે. જોકે આપણને સહુને વધતેઓછે અંશે આવો અનુભવ હોય જ છે : ક્યારેક એક સાથે અનેક વ્યક્તિઓ સાથે, અનેક સ્થળોએ અનેક સમયો વળોટીને આપણેય ક્યાં વાત કરતાં નથી હોતાં ? પરંતુ એ સ્થિતિ માટેનું કારણ તર્ક હોય છે એટલે, અને આપણે ખુદ એમાં કેન્દ્રમાં હોઈએ એટલે, એ સત્ય/સ્વીકાર્ય લાગે છે. અને એનો અર્થ એ, કે રંગભૂમિમાંય પેલા સંભાવ્ય જગત માટે કારણ/તર્ક હોવાં જોઈએ, અને એની પ્રસ્તુતિ તર્કબદ્ધ થવી જોઈએ. તો લેખક/દિગ્દર્શકની રંગભાષા પ્રેક્ષક ઉકેલી શકે.

આર્થર મિલરના નાટક 'ધ ડેથ ઑફ એ સેલ્સમૅન'માં વિલી લોમેન વાસ્તવિક જીવન પ્રસંગમાં દીવાલો સ્વીકારી 'બારણે'થી આવનજાવન કરે, પણ કાલ્પનિક જીવનપ્રસંગમાં દીવાલોની આરપાર ગતિ કરે છે, પરંતુ પ્રેક્ષકોને એ સંભાવ્ય જણાયું હતું; ઊલટું કાલ્પનિક જીવન એના પાત્રને વધુ ઉપસાવી આપતું જણાયું હતું, દીવાલોની આરપારની આવનજાવન નાટ્યરસમાં ઉમેરો કરતી હતી. અને એ 'રંગભાષા' પ્રેક્ષકો વાંચી શક્યા હતા ! અલબત્ત, એવા પૂરતા તર્ક, પાત્રની કે કથાની સ્થિતિગતિ પેશ કર્યા વિના, કોઈ પણ નટ એવું કરે તો તે ન રંગભાષા સર્જાય ન પ્રેક્ષકો એને સ્વીકારે. પાત્રો/વિચારોના વિરોધાભાસના સંઘર્ષનું નાટ્ય હોય તો એનો તર્ક એ રીતે રજૂ થાય, અને તો પ્રેક્ષકો એને એ રીતે સ્વીકારે જ.

આ નાટ્યતર્ક એટલે 'જો' જાણેકેનો તર્ક; 'જો' હું એવો હોઉં , 'જો' હું એવું કરું, 'જો' મને આવુ થાય, 'જાણેકે' મને આવું બન્યું છે વગેરે. રુસી દિગ્દર્શક કન્સ્ટાન્તીન સ્તાનિસ્લાવ્સ્કીએ નટની તાલીમમાં આ જાદુઈ 'જો'થી, નટની કલ્પના શક્તિ ખીલવવા જણાવ્યું છે, કે 'જો'તમને આવું થાય, 'જો' આવી પરિસ્થિતિ હોય તો તમે જે કરો, તે કલ્પીને અભિનય કરો. આ પણ 'સંભાવ્ય જગત''ની રચના માં મદદ કરે છે, પ્રેક્ષક પણ એનાથી જ એને સ્વીકારે છે. અલબત્ત, પ્રેક્ષકો એમાં પોતાનો 'જો'ઉમેરી સંભાવ્ય જગતમાં ભાગીદાર બની શકે; એટલીસ્ટ એ સંભાવ્ય જગતને સ્વીકારી તો શકે જ. એટલેકે એને જે વાસ્તવિક લાગે છે (પાત્ર, પ્રસંગ, પ્રક્રિયા, સંવાદ, તર્ક, લાગણી) તે વાસ્તવિક ભલે ન હોય પણ સંભાવ્ય તો છે જ. અને આ જાગૃતિને લીધે જ, મંચ ઉપર કોઈનું ખૂન થયું હોય તો ય જો જાતે દોડી જઈને એને રોકતો નથી, માત્ર એનું દુઃખ/વેદના અનુભવી લે છે. એ જ રીતે તખ્તા પરની કોઈ રમાને પોતાની પરિચિત રમા માની બેસતો નથી. અલબત્ત, એવું બને કે, પેલી પરિચિત રમા કરતાં તખ્તાની રમાને એ કદાચ વધુ 'વાંચી' શક્યો હોય, સમજી શક્યો હોય !

ટૂંકમાં, તખ્તાની જગ્યા, એનો સમય, નટ અને એનાં સહાયક ઉપકરણો એવું સંભાવ્ય જગત સર્જી શકે, જે વાસ્તવિક કરતાંય વધુ વાસ્તવિક ભાસે, એનો ખેલ પ્રેક્ષકને ગમે , એ બાહ્ય જીવન પ્રેક્ષકને પોતાનું જીવન સમજવામાં સહાય કરે !

અહીં એડવર્ડ એલ્બીનું નાટક 'હુ ઈઝ અફ્રેડ ઑફ વર્જિનિયા વુલ્ફ' ? યાદ કરવા જેવું છે. એનાં બે પાત્રો માંર્થા અને જ્યૉર્જ વારેવારે

પોતાના પુત્રની વાત કરે છે; એની ટેવો, સિદ્ધિઓ, આંખનો રંગ વગેરે બધું જ. આ વાત પ્રેક્ષકો (નાટકમાં એમનાં મુલાકતી મિત્રો અને પ્રેક્ષાગારના એમ બેઉ પ્રેક્ષકો) સાંભળે અને સત્ય માને છે. ધીમેથી એવું જાહેર થાય છે કે એ દંપતીનો પુત્ર મૃત્યુ પામ્યો છે, અને પછી એવું, કે દંપતીને પુત્ર જ નહોતો? એ માત્ર કલ્પના જ હતી. પેલાં બન્ને પ્રેક્ષકો જે 'સંભાવ્ય જગત'ની રચનામાં ગૂંચવાયાં હતાં એનો નાશ થતાં , જેમણે એવું 'સંભાવ્ય જગત' રચીને પુત્રઝંખના વ્યકત કરી એ માર્થા-જ્યોર્જની સ્થિતિ સમજવા એલ્બીએ આ રંગભાષા દ્વારા જે પાત્રપરિસ્થિતિ સર્જી, નટોએ એ માટે જે આંગિકવાચિક ભાષામાં એ પ્રસ્તુત કર્યા, એ બેઉ પ્રેક્ષકો ઉકેલી શકયાં અને પોતાનો તંતુ સાંધી શક્યાં. એ દષ્ટિએ લૂઈજી પિરાન્દેલોનું 'સીકસ કેરેક્ટ' પણ તપાસવા જેવું છે. એમાં વાસ્તવ અને સંભાવ્ય જગતની રચના માટે પિરાન્દેલોએ નવી રંગભાષા યોજી છે.

વળી, નાટ્યનું આ સંભાવ્ય જગત કોઈ એક પાત્રસ્થિતિ કે સ્થિર ચિત્ર જેવું સરળ નથી હોતું, એને સમયનું પરિમાણ હોય છે; અનેક સ્થિતિઓનો એમાં ક્રમ હોય છે. દા.ત. 'રાઈનો પર્વત'માં માત્ર પાત્રો (જાલકા, પર્વતરાય, રાઈ, લીલાવતી)જ નથી, તેમ તેઓ માત્ર રાજા, રાણી, માળી એવી નામપદધારી વ્યક્તિઓ નથી, કે અમુક ઐતિહાસિક રાજકીય સ્થિતિક્રમ જ ધરાવતાં નથી. પરંતુ આ પાત્રો સાથે (અહીં) છઆઠ મહિનાના ગાળામાં કશુંક ઘટે છે, જેમાં એ પાત્રો 'સંભાવ્ય' લાગવા માંડે છે. એમના જીવનમાં કંઈક બને નહીં તો એ પાત્રો 'સંભાવ્ય' લાગે એટલાં વિકસે નહીં. 'નાટ્ય'ની રંગભાષામાં આ નાટ્યસમય આપણે વિચારવો પડે.

નાટ્ય પ્રસ્તુતિના વાસ્તવિક સમય ઉપરાંત પણ, નાટ્યજીવનના ચાર પ્રકારના સમયનો પ્રેક્ષકને અનુભવ થતો હોય છે: સૌથી પહેલો સમય તે 'હમણાં–અત્યારે–આ ક્ષણે આ ઘટી રહ્યું છે તેવું અનુભવાતો સમય, તખ્તે જે બને છે તે આ ક્ષણે જ બને છે એવી પ્રેક્ષકોની જાગ્રતિ – એમાં પાત્રનો સમય આપણે સ્વીકારીએ છીએ – 'એની સવારે' આ બન્યું, ભલે આપણે એ સાંજે નિહાળતાં હોઈએ. એ અવિરત વર્તમાનકાળ છે, એ સતત ભૂતકાળ બને છે, અને આપણા જીવનની જેમ પુનરાવર્તનીય પણ નથી. (એમાં 'ફ્લેશ બેક' હોય તો ય એ વર્તમાનની જેમ જ પેશ થાય છે; અને કોઈ ભૂતકાળની વાત કરે એ કરતાં એ જુદો છે.) એટલે તો નાટ્યના પાઠ્ય-લેખમાં રાઈ 'જાય છે', જાલકા ગુસ્સે થતાં 'બોલે છે' એવાં રંગસૂચનો હોય છે, જે રીતે નટોને આપણે નિહાળીએ છીએ. તખ્તે અવિરત વહેતો રહેતો સમય શ્રેણીબંધ વર્તમાનની ક્ષણો છે. દા.ત. રાઈ હાથમાં તીર લે છે, રાઈ પર્વત રાયનો વેશ ધરવાનું સ્વીકારે છે વગેરે.

હવે આવી અનેક વર્તમાનની ક્ષણો અને એમાં ઘટતી ક્રિયાઓ બંધાઈને આખો પ્રસંગ આપણને સમજાય છે. દા.ત. છ મહિના દરમ્યાન રાઈ રાજકાજની આખી વાત સમજી લે છે, એ માટે નગરચર્યા કરે છે, શીતલસિંહ સાથે ચર્ચા કરે છે વગેરે; પણ એના થોડાક જરૂરી અને પ્રતિનિધિરૂપ પ્રસંગો જ તખ્તે પેશ થાય છે (જેનો વાસ્તવિક સમય પણ પાંચેક જ મિનિટનો હોઈ શકે) પણ આપણે છ મહિનાનો સમય સ્વીકારી લઈએ છીએ. આ બીજો સમય છે. આ પ્રસંગો દરમ્યાન પર્વતરાયના ખૂનથી અવારનવાર ચર્ચા/સંદર્ભ/સમૃતિ/કારણ/પરિણામ પેશ થાય, એથી ભૂતકાળ બની ગયેલો પેલો વર્તમાન પ્રેક્ષકોને ફરી અનુભવાય એ ત્રીજા પ્રકારનો સમય છે. આ છેલ્લા બે સમયથી જ પ્રેક્ષકોને વાર્તા સમજાય છે, સમયના વહેણનો વિશિષ્ટ અનુભવ થાય છે. ઐતિહાસિક પાત્રોનું નાટક હોય અને આપણે એનો ક્રમ જાણતા હોઈએ તો એની પ્રસ્તુતિમાં લેખકે કે દિગ્દર્શકે જે ફેર કર્યો હોય તે વળી 'સમય'નો નવો અનુભવ પ્રેક્ષકોને કરાવે છે.

આ ઉપરાંત પણ, આ લેખની શરૂઆતમાં ચર્ચી ગયા તે મુજબ, સમયથી સ્થળ સર્જાય અનેસ્થળ પણ સમયના પરિમાણ ને સર્જીઆપે છે. વળી, કોઈ વાસ્તવિક ક્રિયાને ધારોકે એક મિનિટ લાગતી હોય, અને એને તખ્તે બેત્રણ મિનિટ સુધી રજૂ કરવામાં આવે તો એનો પ્રભાવ વધે, એ તીવ્ર બને, પ્રેક્ષકને એ ક્રિયાનું નવું પરિમાણ સમજાય. એમાં સમય ખેંચાય છે. એથી ઊલટું' અર્ધા કલાકના નાટકમાં ત્રણ મહિનાનું સતત વહેતું જીવન ('ટેલિફોન' નાટક-હસમુખ બારાડી) રજૂ થયું હોય તો એ 'સમય સંકોચ્યો' હોય એવો પ્રેક્ષકોને વિશિષ્ટ રસાનુભવ કરાવી શકે. આ પણ સંભાવ્ય જગતની રચના છે. સાર્થક ક્રિયાઓનો ક્રમ જળવાય તો એ સંભાવ્ય/સ્વીકાર્ય બને. આ જ લેખકના 'આખું આયખુંફરીથી' નાટકમાં ત્રણ પાત્રોના જીવનનાપ્રસંગો (અને અનેક વાર ક્રિયાઓ પણ) ક્રમબદ્ધ પ્રસ્તુત કરવામાં નથી આવી, છતાં એ પ્રેક્ષકોને સંભાવ્ય લાગી છે. (મોટે ભાગે એલ્બીના) 'બિટ્રેઅલ' નાટકમાંનાં આઠ દશ્યો ઊલટે ક્રમે લખાયેલાં છે. (એટલે કે પહેલા દશ્યમાં બે પાત્રો છૂટાં પડે છે, વચ્ચેના દશ્યોમાં એમનાં છૂટાં પડવાની પ્રક્રિયા/કારણો રજૂ થયા છે અને છેલ્લા દશ્યમાં એ બન્ને કેવી રીતે મળ્યાં એ પ્રસંગ છે, નાટકમાં સમયનો આ નવો અનુભવ છે.) 'એકલું આકાશ' નાટકમાં રમેશના જીવનમાં આવું બને છે: ગાણિતિક રીતે સમજાવું તો ૬૦ પોઈન્ટસુધીની વાર્તા આગળ વધ્યા પછી રમેશને લાગે છે કે ૫૦ સુધીનું બધું વાસ્તવિક હતું, પણ ૫૦ થી ૬૦ સુધીનું જીવન કાલ્પનિક હતું; એટલે નાટકમાં ફરીથી ૫૦ થી જીવન શરૂ થાય છે (એ જ કમ્પોઝિશન અને સંવાદથી) રમેશનું જીવન (અગાઉ કરતાં જુદી રીતે) ૭૦ પોઈન્ટ સુધી વહે છે ત્યારે એને ફરી ભાન થાય છે કે ૬૫ સુધીનું જીવન વાસ્તવિક હતું પણ છેલ્લાં ૫ પોઈન્ટનું જીવન કાલ્પનિક હતું; એટલે ફરીથી એ ૬૫થી શરૂ કરે છે. સમયની આ આગળપાછળની ગતિ એના તરંગનું પરિણામ હતી, કારણકે 'યુવાનો તરંગ કરવાની શક્તિ ગુમાવી બેઠા છે', એવું લેખકને અભિપ્રેત હતું. એના મંચપ્રયોગોમાં પ્રેક્ષકોએ સમયનો આવો ખેલ સંભાવ્ય માન્યો હતો.

આ તકે ઈંગ્માર બર્ગમેનની ફિલ્મ 'વાઈલ્ડ સ્ટ્રોબેરીઝ' પણ યાદ કરીએ : એમાં પિતા યુવાન પુત્રી સાથે વાત કરતાં એનું બાળપણ યાદ કરે છે, ત્યારે એ જ ફ્રેઈમના બેક ગ્રાઉન્ડમાં તત્કાલીન બાલિકા રમતી દેખાય છે. 'હિરોશીમા મોં આમોર' ફિલ્મમાં સ્ત્રી એક પુરુષને પ્રેમ કરતાં પોતાના ભૂતકાળના પ્રેમીના સંવાદો સાંભળે છે, અને સાઉન્ડ ટ્રેક થી નવો સમય સર્જાય છે. 'પ્રસ્તુતિની ભાષા' પાત્ર/કથા/વિભાવનાને આ રીતે અર્થભર બનાવી શકે. એટલે તો મંચનની ભાષાનું આટલું મહત્ત્વ છે. અને આ ભાષા એટલે લેખકે લખેલા માત્ર સંવાદો કે રંગસૂચનો નહીં, નહીં ને નહીં જ ! □

'સિલપ્પદિકારમ્'

(ગતાંકથી પૂરી)

ડૉ. રમણલાલ ચી. શાહ

આ બાજુ કોવાલનના ચાલ્યા જવાને કારણે કન્નગી ઘણી દુઃખી થઈ ગઈ હતી. એનું શરીર સુકાઈ ગયું હતું. એની મુખકાન્તિ હણાઈ ગઈ હતી. એની પાસે રહેલી ધનસંપત્તિ પણ વપરાતાં વપરાતાં ખલાસ થઈ જવા આવી હતી. કોવાલન માટે તે ઝૂરતી હતી. એનાં સાસુ-સસરા એનું ધ્યાન રાખતાં અને એને આશ્વાસન આપતાં. એક રાત્રે એને સ્વપ્ન આવ્યું કે પોતે કોવાલન સાથે કોઈ એક મોટા શહેરમાં ફરવા આવી છે. એવામાં કોઈ ખોટા આરોપસર રાજ્યના અધિકારીઓએ કોવાલનની ધરપકડ કરી. કન્નગી રાજા પાસે ગઈ અને પોતાનો પતિ નિર્દોષ છે એમ સાબિત કરી બતાવ્યું. એથી કોવાલનને છોડી દેવામાં આવ્યો, પરંતુ કોવાલનની ખોટી સતામણીને કારણે એ શહેરને માથે કુદરતી આપત્તિ આવી પડી. કન્નગીએ પોતાના આ સ્વપ્નની વાત પોતાની સખી દેવંદીને કહી. દેવંદીએ કહ્યું કે, 'આ તો એક શુભ સંકેત છે. કોવાલનનો તને વિયોગ થયો તે પૂર્વનાં કોઈ અશુભ કર્મને કારણે હશે. હવે કોવાલન સાથે તારો મેળાપ થવો જોઈએ.

એવામાં કન્નગીની એક દાસીએ આવીને સમાચાર આપ્યા કે કોવાલન ઘરે આવી રહ્યા છે. જાણે સ્વપ્ન સાચું પડ્યું. કન્નગીના હર્ષનો પાર રહ્યો નહીં. કોવાલન ઘરે આવ્યો. કન્નગીની હાલત જોઈને તે દિગ્મૂઢ થઈ ગયો. અરેરે, પોતાને લીધે બિચારીની કેવી દશા થઈ ગઈ છે. એણે કન્નગીની માફી માગી. ખોટી સ્ત્રીના ફંદામાં પોતે ફસાઈ ગયો અને બધું ધન ગુમાવી દીધું એ માટે એણે ઘણું દુઃખ વ્યકત કર્યું. તેણે કહ્યું, 'કન્નગી, હું તો સાવ નિર્ધન થઈ ગયો છું.'

કન્નગીએ કહ્યું, 'કોવાલન એ માટે જરા પણ ફિકર કરશો નહીં. આપણે સાદાઈથી રહીશું.' વળી, કન્નગીએ કહ્યું, 'મારા પતિદેવ, મારી પાસે મારાં આ સોનાનાં કીમતી ઝાંઝર છે. એ તમે ખુશીથી લઈ લો. એના સારાં નાણાં આવશે તે લઈને વેપાર કરો.'

કોવાલન એથી બહુ પ્રસન્ન થયો. એણે કહ્યું, 'કન્નગી, તું ખરેખર દેવી છે. આ ઝાંઝરનાં નાણાંથી તો હું ઘણું ધન કમાઈ શકીશ. પણ એવા વેપાર માટે મદુરાઈ જવું પડશે. અહીં હું બદનામ થઈ ગયો છું. આપણા શહેરમાં મને ફાવશે નહિ, પણ તું સાથે મદુરાઈ આવે તો જ હું જવા ઇચ્છું છું. આપણે માતાપિતાને કહ્યા વગર ચૂપચાપ ચાલ્યાં જઈએ.

કન્નગીએ તે દરખાસ્ત સ્વીકારી લીધી. બીજે દિવસે જ નીકળવાનું નક્કી કર્યું. વહેલી પરોઢે નીકળે તો નગરમાં કોઈને ખબર પણ ન પડે. એ રીતે તેઓ બંને ચૂપચાપ નગરની બહાર નીકળી મદુરાઈના રસ્તે ચાલવા લાગ્યાં.

મદુરાઈનો માર્ગ ઘણો કઠિન હતો. તેઓ કાવેરી નદીના કિનારે કિનારે પગદંડીએ ચાલવા લાગ્યાં. આગળ ચાલતાં ગાઢ વન આવ્યું. કન્નગી ચાલતાં ચાલતાં થાકી જતી હતી. એવામાં એક વાડી જેવું આવ્યું. તેઓ તેમાં દાખલ થયાં. ત્યાં એક જૈન ભિખ્ખુણી-આર્યાજી હતાં. તેમનું નામ કવુંદી હતું. તેઓ આર્યાજીને પગે લાગ્યાં. આર્યાજીએ તેઓને આરામ કરવા માટે કહ્યું. આર્યાજીએ પૂછતાં કોવાલને કહ્યું કે પોતાનું ભાગ્ય અજમાવવા તેઓ મદુરાઈ જઈ રહ્યાં છે. ભોજન-આરામ કર્યા પછી આર્યાજી સાથે વાત કરતાં કોવાલનને જાણવા મળ્યું કે મદુરાઈનો રસ્તો ઘણો વિકટ છે. આર્યાજી એ પ્રદેશના માહિતગાર હતાં. એમણે કહ્યું કે અમુક રસ્તો ટૂંકો છે, પરંતુ એ રસ્તે કન્નગીને ચાલતાં ઘણી મુશ્કેલી પડશે. એટલે બીજો લાંબો પણ સરળ રસ્તો લેવો જોઈએ, પરંતુ કયો રસ્તો સરળ અને કયો રસ્તો વિકટ છે એમ જો તે વખતે ખબર ન પડે તો ખોટે રસ્તે ચડી જવાનો સંભવ છે. કોવાલન અને કન્નગીની મૂઝવણ પારખીને આર્યાજીએ કહ્યું, 'ચાલો હું તમારી સાથે આવું છું. મારે એ બાજુ આમ પણ વિહાર કરવાનો છે. ગુરુ ભગવંત એ બાજુ વિચરી રહ્યા છે એમને મારે વંદન પણ કરવાં છે.'

આર્યાજીએ પોતાના કમંડળ, મોરપીંછ અને વસ્ત્રની પોટલી સાથે વિહાર કર્યો. કોવાલન અને કન્નગી સાથે ચાલ્યાં. માર્ગમાં મુકામ કરતાં કરતાં તેઓ ચાલ્યાં. અનુકૂળતા મળે ત્યારે આર્યાજી કોવાલન અને કન્નગીને જૈનધર્મ વિશે પ્રવચન પણ આપતાં. એમ કરતાં તેઓ કાવેરી નદીના કાંઠે આવેલા શ્રીરંગમ શહેરમાં પહોંચ્યાં. ત્યાં જૈન મંદિરોમાં દર્શન કર્યાં અને મુનિ ભગવંતનાં પ્રવચનો સાંભળ્યાં. રસ્તામાં તેમને એક બ્રાહ્મણ પથિક મળ્યો. તેણે મદુરાઈના પાંડિય રાજાનાં બહુ વખાણ કર્યાં. પાંડિય રાજાના રાજ્યોમાં ન્યાય પ્રવર્તે છે. ચોર, લૂંટારુની કોઈ બીક નથી. અરે, જંગલી જાનવરો પણ પથિકોને ત્રાસ આપતાં નથી. મદુરાઈના રાજ્યમાં પોતે કયાં કયાં ફર્યો તેની વાત એ પથિકે કહી અને મદુરાઈ પહોંચવા માટેના જુદા જુદા માર્ગમાંથી કયો સરળ છે તેની પણ એણે સમજણ પાડી.

આ વિહાર-પ્રવાસ દરમિયાન કોવાલન-કન્નગીને જાતજાતના અનુભવો થતા. સ્થાનિક આદિવાસી લોકોના અનુભવો પણ થતાં. ગરમી ઘણી પડતી હતી એટલે તેઓને તરસ પણ ઘણી લાગતી. કોવાલન દરેક સ્થળે પાણીની તપાસ કરી લાવતો. આગળ જતાં રણ જેવો પ્રદેશ આવ્યો. ગરમી ઘણી વધી ગઈ. કન્નગીથી એ સહન થતી નહોતી. આર્યાજીએ એનો ઉપાય સૂચવ્યો. એમણે કહ્યું કે, 'હવેથી આપણે સાંજ પછી રાત્રિ દરમિયાન અંતર કાપવું અને દિવસે પૂરો આરામ કરી લેવો. આ પાંડિય રાજાના રાજમાં રાત્રે કોઈ ભય નથી.' એ પ્રમાણે તેઓ આગળ વધવા લાગ્યાં.

એક વખત કોવાલન પાણી લેવા એકલો ગયો હતો ત્યાં એક માણસ એને મળ્યો. એનું નામ કૌસિગન હતું. એણે કોવાલનને ઓળખી

લીધો. એ કોવાલનની શોધમાં જ હતો, જોકે કોવાલનનો ચહેરો પહેલાં કરતાં ઘણો બદલાયો હતો. કૌસિગનને માધવીએ મોકલ્યો હતો. એણે માધવીનોસંદેશોકહ્યો. એમાંમુખ્યવાતતોએહતીકેમાતાપિતાનીરજાવગર કોવાલન કન્નગી સાથે નગર છોડીને નીકળી ગયો એથી માતાપિતા બહુ દુ:ખી થઈ ગયાં છે, સગાંસંબંધીઓ પણ દુ:ખી થયાં છે. કૌસિગને માધવીએ આપેલો પત્ર વાંચતા કોવાલનને થયું કે આ રીતે નગર છોડવામાં પોતાની ભૂલ થઈ છે. એણે માધવીની અને પોતાના માતાપિતાની પોતાના તરફથી ક્ષમા માગવા સંદેશવાહક કૌસિગનને વિનંતી કરી.

ત્યાર પછી કોવાલન કન્નગી અને આર્યાજી પાસે આવ્યો. ત્યાં તેમને કેટલાક માણસો મળ્યા કે જેઓ એક દેવીની આરાધના માટે ગાન ગાઈ રહ્યા હતા. તેઓને પૂછતા જાણવા મળ્યું કે મદુરાઈ હવે પાસે જ છે.

તેઓ રાતેરાતે ચાલતાં આગળ વધ્યાં. વહેલી પરોઢમાં તેઓ મદુરાઈની નજીક આવી પહોંચ્યાં. રાજમહેલ અને મંદિરોમાં થતા મધુર ધ્વનિઓ તેમને સાંભળવા મળ્યા. તેઓ મદુરાઈના એક પરામાં આવી પહોંચ્યાં. મદુરાઈ શહેરનું વાતાવરણ જ જુદું લાગતું હતું. નદીકિનારે જૈન મુનિઓના એક ધર્મસ્થાનમાં તેઓએ મુકામ કર્યો. ત્યાર પછી કોવાલને આર્યાજીને કહ્યું કે, હું હવે નગરમાં જઈને કેટલાક વેપારીઓને મળવા માગું છું. ત્યાં સુધી કન્નગીને તમારી પાસે રાખશો. મારે લીધે કન્નગીને ઘણું કષ્ટ વેઠવું પડ્યું છે. આર્યાજીએ કોવાલનને આશ્વાસન આપ્યું. સદાચારી જીવનનો મહિમા સમજાવ્યો. સાધુ જીવનની મહત્તા દર્શાવી અને નગરમાં જઈ વેપારીઓ સાથે વાટાઘાટ કરવા માટે જવાની રજા આપી.

કોવાલન મદુરાઈ નગરમાં ગયો. જુદીજુદી શેરીઓમાં તથા બજારોમાં ફર્યો, કેટલાક વેપારીઓ સાથે વેપાર અંગે કેટલાં નાણાંની જરૂર પડે તે અંગે વાટાઘાટો કરી. મદુરાઈનાં લોકોથી તે બહુ પ્રભાવિત થઈ ગયો. સાંજે તે મુનિઓના ધર્મસ્થાનમાં પાછો ફર્યો.

તે વખતે ત્યાં એક બ્રાહ્મણ યાત્રિક આવ્યો હતો. તેણે કોવાલનને તરત ઓળખી લીધો. તે કોવાલનના નગરનો જ હતો. તે કન્યાકુમારીની યાત્રાએ નીકળ્યો હતો. કોવાલન અનેક લોકોને મદદ કરતો હતો અને નગરનો સુપ્રતિષ્ઠિત શ્રીમંત યુવાન હતો. એ વાત એણે આર્યાજીને કરી. કોવાલનની વર્તમાન લાચાર દશા જોઈને તેમને ઘણું દુ:ખ થયું. તેણે કોલાવનને કહ્યું કે જરૂર તમારા કોઈ પૂર્વ કર્મને લીધે તમને આ દુ:ખ પડ્યું છે.

આ વાતચીત ચાલતી હતી ત્યારે કોવાલને કહ્યું કે, 'ગઈ કાલે રાત્રે મને એક ખરાબ સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નમાં મેં એવું જોયું કે નગરમાં કેટલાક બદમાશ માણસોએ મને પોતાની જાળમાં ફસાવ્યો. મારી પાસે જે કાંઈ હતું તે લૂંટી લીધું અને મને નગ્ન કરીને પાડા ઉપર બેસાડી ફેરવ્યો. વળી કન્નગીને પણ ઘણું દુ:ખ પડ્યું. વળી, મારી પુત્રી મણિમેખલાને ભિખ્ખુણી બનાવવા માટે કોઈક બૌદ્ધ ભિખ્ખુણીને સોંપી દીધી !'

આ દુ:સ્વપ્નની વાત સાંભળ્યા પછી આર્યાજીએ કોવાલનને કહ્યું કે 'તમારે અહીં મુનિઓના નિવાસસ્થાનમાં રહેવું યોગ્ય નથી. જો બીજે ક્યાંય વ્યવસ્થા કરો તો સારું'. એવામાં માદરી નામની એક ગોવાળણ ત્યાંથી નીકળી. આર્યાજીએ એને ભલામણ કરી કે, 'તું આ કોવાલન અને કન્નગીને તારા ઘરે થોડા દિવસ મહેમાન તરીકે રાખ, ત્યાં સુધીમાં તેઓ નગરમાં જઈને પોતાનાં સગાંસંબંધીનાં ઘર શોધી લેશે' માદરી એથી રાજી થઈ ગઈ અને કોવાલન-કન્નગીને પોતાને ઘરે લઈ ગઈ.

કન્નગી અને કોવાલનના આગમનના સમાચાર ગોવાળોના આવાસમાં પ્રસરી ગયા. માદરીને ખબર હતી કે કોવાલન અને કન્નગી જૈન શ્રાવક છે એટલે પોતાના ઘરનું રાંધેલું તેમને ખપશે નહીં. એટલે તેણે કન્નગીને વાસણ, અનાજ વગેરે આપ્યાં. ઘણા વખતે કન્નગીને વ્યવસ્થિત રીતે રસોઈ કરવાનો અવસર મળ્યો. રસોઈમાં તે ઘણી કુશળ હતી. રસોઈ જમીને બંનેએ આરામ કર્યો, બંનેએ સુખદુ:ખની વાતો કરી. આટલા વખતે પહેલી વાર કન્નગીએ માધવી ગણિકાને ઘરે કોવાલન ચાલ્યો ગયો હતો એ પ્રસંગની વાત કાઢી. કોવાલને એ માટે પોતાનો પશ્ચાત્તાપ દર્શાવ્યો.

બીજે દિવસે સવારે કોવાલને કન્નગીને કહ્યું, 'આજે હવે હું બજારમાં જઈ એક ઝાંઝર વેચી આવું કે જેથી એનાં નાણાંમાંથી કોઈ વેપાર કરી શકાય.' કન્નગીએ પોતાની પાસે પોટલીમાં બાંધી રાખેલાં સોનાનાં બે ઝાંઝરમાંથી એક આપ્યું. કોવાલન જેવો ઘરેથી નીકળ્યો કે સામેથી એક અપંગ આખલો મળ્યો. ગોવાળો પ્રમાણે આ સારા શુકન નહોતા, પરંતુ કોવાલન કે કન્નગીને એની ખબર નહોતી. કોવાલન ઝાંઝર પોતાની પોટલીમાં લઈને નગરમાં સોનીની એક મોટી દુકાને ગયો. નગરમાં એક મોટો સોની હતો અને રાજકુટુંબનાં ઘરેણાં એ બનાવતો હતો એટલે ભાવતાલમાં પણ અનુકૂળતા રહેશે એમ કોવાલનને લાગ્યું. એણે સોનીને ઝાંઝર બતાવી કહ્યું, 'મારે આ વેચવું છે. એની કેટલી કિંમત થાય ?'

સોનાનું સરસ કારીગીરીવાળું આટલું મોંઘું ઝાંઝર જોઈને સોની વિચારમાં પડી ગયો. બરાબર આવું જ ઝાંઝર રાણીનું છે. તેમાંથી સોનીએ પોતે એક ઝાંઝર ચોરી લીધું હતું એટલે એને આ એક સારી તક મળી ગઈ. એણે વિચાર કર્યો : 'આ માણસ પાસે એક જ ઝાંઝર છે. માણસ પણ અજાણ્યો લાગે છે. રાણીના ઝાંઝરનો આ જ ચોર છે એવું હું રાજારાણીને કહી આવું.

આવો વિચાર કરી કોવાલનને ઝાંઝર સાથે એક સ્થળે બેસાડી કહ્યું, 'ભાઈ, આવું મોંઘું ઝાંઝર તો રાજાની રાણી જ ખરીદી શકે. તમે અહીં ઝાંઝર સાથે બેસો. હું રાજમહેલમાં જઈ પૂછીને આવું છું.' એમ કહી સોની રાજમહેલમાં પહોંચ્યો, રાજાને એને બોલાવ્યો એટલે એણે કહ્યું કે, 'રાજન ! રાણીનું જે ઝાંઝર ચોરાઈ ગયું છે એનો ચોર એક સ્થળે સંતાઈને બેઠો છે.' આથી રાજાએ તરત આવેગમાં આવી જઈને સિપાઈઓને હુકમ કર્યો કે, 'જાવ, એ ચોરને દેહાંતદંડ આપો અને એની પાસેથી ઝાંઝર લઈ આવો.'

સોની સાથે સિપાઈઓ આવ્યા. સોનીએ કોવાલનને ઝાંઝર બતાવવા કહ્યું. જે રીતે કોવાલને સરળતાથી ઝાંઝર બતાવ્યું તે પરથી તથા ચહેરાની આકૃતિ અને હાવભાવ ઉપરથી સિપાઈઓને લાગ્યું કે આ કોઈ ચોર નથી. તેઓએ કોવાલનને મારવાની આનાકાની કરી. એટલામાં એક દારૂડિયા સિપાઈએ તલવાર વીંઝી, તલવાર વાગતાં કોવાલન ઘાયલ થયો, ઢળી પડ્યો, એના શરીરમાંથી ઘણું લોહી વહેવા લાગ્યું, એ મૃત્યુ પામ્યો.

ન્યાય અને નીતિ માટે પ્રખ્યાત એવા પાંડિય રાજાના રાજ્યમાં ઘોર અન્યાયનું એક ભંયકર અપકૃત્ય થયું. જાણે વિનાશની આગાહીરૂપ એંધાણી ન હોય !

એ વખતે ગોવાળોના આવાસમાં કંઈક અમંગળ વરતાવા લાગ્યું. વલોણું કરવા છતાં માખણ થતું નહોતું. ગાયો ધ્રૂજતી હતી. ઘેટાં-બકરાં શાંત બનીને બેસી ગયાં હતાં. પાળેલાં પશુઓમાં સૂનકાર વ્યાપી ગયો હતો. ગોવાળણ માદરીને અણસાર આવ્યો કે જરૂર કોઈ આપત્તિ આવી પડશે. એટલે તેણે બધી સ્ત્રીઓને એકત્ર કરી. તેઓએ ભગવાનની પ્રાર્થના ગાવી શરૂ કરી.

એવામાં એક છોકરી નગર બાજુથી દોડતી આવી. એણે ખબર આપ્યા કે પોતે વાત સાંભળી છે કે ચોરી કરવા માટે કન્નગીના પતિનું રાજરક્ષકોએ ખૂન કર્યું છે. આ સમાચાર સાંભળતાં કન્નગી ધ્રૂજી ઊઠી. તે બેભાન થઈ ગઈ. ભાનમાં આવતાં તે વિલાપ કરવા લાગી. એણે સૂર્યદેવને પ્રાર્થના કરી કે, મારો ધણી કોઈ દિવસ ચોરી કરે જ નહીં. આ તો મોટો અન્યાય થાય છે. એવામાં આકાશવાણી થઈ કે 'કોલાવન ચોર નથી. એણે ચોરી કરી નથી. આવા નિર્દોષ માણસનું ખૂન કરવા માટે મદુરાઈ શહેર આગમાં લપેટાઈ જશે.'

કન્નગી પછી પોતાની પાસે હતું તે ઝાંઝર લઈ નગરમાં ગઈ. પોતાના ઊંચે કરેલા હાથમાં ઝાંઝર બતાવતી બતાવતી લોકોને તે મોટેથી કહેવા લાગી કે પોતાના પતિને ખોટી રીતે મારી નાખવામાં આવ્યો છે. સાંજ પડવા આવી હતી. કેટલીક સ્ત્રીઓ એને કોવાલનના શબ પાસે લઈ ગઈ. ત્યાં બેસીને એણે ઘણું કલ્પાંત કર્યું. પછી નગરનાં લોકોને પણ આવા અકૃત્ય માટે ઉપાલંભ આપ્યો. તે કોવાલનના શબને ભેટી પડી. તે વખતે જાણે તેને કંઈક આભાસ થયો કે કોવાલને ઊભા થઈ કન્નગીની આંખમાંથી આંસુ લૂછ્યાં અને પછી તે દેવલોકમાં ચાલ્યો ગયો. પોતાના આ આભાસને કન્નગી થોડીવાર તો સાચો માની રહી, પણ પછી તે ત્યાંથી ઊભી થઈ.તે ઘણી ખિન્ન હતી, રોષે ભરાયેલી હતી. રાજા પાસે જવાબ માગવા તે રાજદરબારે ગઈ. તે દિવસે રાણીને પણ એક ખરાબ સ્વપ્ન આવેલું. રાજાને પોતાના સ્વપ્નની તે વાત કરતી હતી ત્યાં પહેરેગીરે સમાચાર આપ્યા કે કોઈ સ્ત્રી હાથમાં ઝાંઝર લઈને ગુસ્સામાં આવી છે. તેને અંદર બોલાવવામાં આવી. રાજાએ પુછ્યું, 'તું કોણ છે ?' કન્નગકીએ પોતાનો પરિચય આપ્યો, પોતાની વિતકકથા કહી અને પોતાના પતિને કેમ મારી નાખ્યો એ વિશે પ્રશ્ન કર્યો.

રાજાએ કહ્યું, 'ચોરને મારી નાખવામાં અન્યાય નથી.'

કન્નગીએ કહ્યું, 'પણ મારો પતિ ચોર નથી. એણે ઝાંઝર ચોર્યું નથી. એ ઝાંઝર મેં જ એને વેચવા આપ્યું હતું.'

રાજાએ કહ્યું, 'ના, એ ઝાંઝર તો રાણીનું છે. ચોરાઈ ગયું હતું.'

કન્નગીએ કહ્યું, 'ના. રાણીના ઝાંઝર કરતાં મારું ઝાંજર જુદું છે. મારા ઝાંઝરમાં અંદર રત્નો ભર્યાં છે. રાણીના ઝાંઝરમાં અંદર શું ભર્યું છે ?'

રાજાએ કહ્યું, 'હા, રાણીના ઝાંઝરમાં અંદર મોતી ભર્યાં છે.'

કન્નગીએ તરત પોતાનું ઝાંઝર ત્યાં તોડી નાખ્યું. અંદરથી રત્નો બહાર નીકળી આવ્યાં. એ જોતાં જ રાજા ડઘાઈ ગયો. પોતાને હાથે ભારે અન્યાય થઈ ગયો હતો. એક નિર્દોષ માણસની હત્યા થઈ ગઈ હતી. એટલામાં રાજાનું છત્ર પોતાની મેળે નમી પડ્યું. રાજાને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલ્યો, 'અરેરે, એક સોનીના જૂઠા વચન ઉપર વિશ્વાસ મૂકી મેં ઘોર પાપ કર્યું. મારા રાજ્યમાં આજે પહેલીવાર મારે હાથે હડહડતો અન્યાય થયો. મને જીવવાનો હવે કોઈ અધિકાર નથી.' આટલું બોલતાં બોલતાં તો રાજા ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો.

એટલામાં રાણી ધ્રૂજવા લાગી. 'એક સૌભાગ્યવતી સ્ત્રીને થયેલો આવો ભયંકર અન્યાય કેમ સહન થાય ?' એટલું બોલતાં બોલતાં તે પણ ઢળી પડી અને મૃત્યુ પામી. કન્નગીનો રોષ હજુ શાંત થયો નહોતો. તેણે બહાર આવી નગરજનોને ઉદ્દેશીને ઊંચાસ્વરે કહ્યું, 'હે નગરજનો ! આ તે કેવું તમારું નગર છે ? મારા જેવી એક નિર્દોષ સ્ત્રીની તમે આવી દશા કરી ? જાવ હું તમને શાપ આપું છું કે આ મદુરાઈ નગર ભડકે બળજો.' આટલું બોલતાં બોલતાં તેણે પોતાની છાતી ઉપરથી એક સ્તન જોરથી તોડીને નગર ઉપર ફેંક્યું. એ ફેંકતાં જ અગ્નિદેવતા પ્રકટ થયો. કન્નગીએ એને કહ્યું, 'જાવ, નગરને ભસ્મીભૂત કરો; પણ બ્રહ્મણો, સદાચારી માણસો, સાધુસન્યાસીઓ, સ્ત્રીઓ, વૃદ્ધજનો, બાળકો અને ગૌમાતાને કાંઈ થાય નહીં તેની સાવચેતી રાખજો.'

થોડી વારમાં જ સમગ્ર મદુરાઈ નગરમાં અગ્નિના ભડકા થવા લાગ્યા. એક સમૃદ્ધ શહેર વિનાશને પંથે વળ્યું. કન્નગી બાવરી બનીને નગરની શેરીઓમાં આમથી તેમ ભટકવા લાગી. એ વખતે નગરદેવતાની અદશ્ય વાણી એને સંભળાઈ. કન્નગી અને કોવાલન પૂર્વભવનાં પાપી છે એ જાણીને કન્નગીને વધારે દુ:ખ થયું. તે નગર બહાર જઈ નદીકિનારે ભટકવા લાગી. ચૌદ દિવસ એ પ્રમાણે ભટકીને એક ટેકરી ઉપર ચડી ત્યાંથી પડતું મૂકી તેણે જીવનનો અંત આણ્યો. કોવાલનની સાથે તે પણ દેવલોકમાં ગઈ.

આ બાજુ કોવાલનના અન્યાયી ખૂનના સમાચાર સાંભળીને ગોવાળણ માદરીને એટલું અસહ્ય દુ:ખ થયું કે એણે અગ્નિમાં પડતું મૂકી પોતાના જીવનનો અંત આણ્યો. આર્યાજી કવુંદીએ પણ અનશન વ્રત ધારણ કરી દેહ છોડ્યો.

કોવાલન અને કન્નગીની આ વાત બ્રાહ્મણ યાત્રિક મદાલનને જ્યારે જાણવા મળી ત્યારે તેણે પાછા ફરીને પોતાના નગરમાં બધાને એ વાત કરી. એ સાંભળીને માધવી ઘરસંસાર છોડી બૌદ્ધ ભિખ્ખુણી થઈ ગઈ.

પોતાના રાજ્યની એક પતિવ્રતા નારી કન્નગી દેવી થઈ એ સમાચાર સાંભળી ચેરા રાજ્યના રાજા ચેન્કુટુવને કન્નગીની મૂર્તિ બનાવી એક મંદિરમાં સ્થાપવાનો નિર્ણય કર્યો. એ માટે સારામાં સારો પથ્થર હિમાલયમાં મળે એટલે પોતે લશ્કર સાથે હિમાલય તરફ કૂચ કરી. રાજા સમર્થ અને બળવાન હતો એટલે ઘણાંખરાં રાજ્યોને એને પોતાના રાજ્યની હદમાંથી જવા દીધો. જેમણે આનાકાની કરી તેમને હરાવવામાં આવ્યાં. હિમાલયમાંથી સુંદર પથ્થર મેળવવામાં આવ્યો. ગંગા નદીના જળમાં પથ્થરને પવિત્ર કરવામાં આવ્યો. રસ્તામાં બ્રાહ્મણ યાત્રિક મદાલન મળ્યો. એ ગંગા નદીમાં સ્નાન કરી પોતાનાં પાપ ધોવા માટે જતો હતો. એણે શું પાપ કર્યું હતું ? એણે કાવિરિપટ્ટુમ્પટ્ટિનમ નગરમાં આવીને કોવાલન અને કન્નગીના જે સમાચાર આપ્યા એને પરિણામે કન્નગીની માતા અને કોવાલનની માતા આઘાતથી મૃત્યુ પામી.તે બંનેના પિતાઓ ઘરબાર છોડી મુનિ થઈ ગયા. માધવી માથું મુંડાવીને બૌદ્ધ ભિખ્ખુણી થઈ ગઈ. આથી મદાલનને લાગ્યું કે પોતે આ સમાચાર કહેવાનું પાપ કર્યું છે માટે તેના પ્રાયશ્ચિત્ત તરીકે ગંગા નદીમાં જઈને સ્નાન કરવું જોઈએ.

રાજા પોતાના નગરમાં રથ લઈને આવ્યો ત્યારે એનું પ્રજાએ ભવ્ય સ્વાગત કર્યું. કન્નગીની પ્રતિમા બનાવવામાં આવી અને નૂતન નિર્માણ થયેલા મંદિરમાં એની પ્રતિષ્ઠા કરવામાં આવી. એ ઉત્સવ પછી એક દિવસ રાજાએ આકાશમાં નજર કરી તો કન્નગીના હાથમાં ઝાંઝર સાથેની ભવ્ય આકૃતિ દેખાઈ. કન્નગીની દિવ્યવાણી સંભળાઈ. કન્નગીએ કહ્યું, 'પાંડિય રાજા નિર્દોષ છે. મૃત્યુ પામીને તે અહીં દેવલોકમાં આવ્યા છે. અહીં તો મારા પિતા છે.'

રાજાએ કન્નગીના મંદિરમાં ત્યારથી નિયમિત દર્શન, પ્રાર્થના, પૂજા આરતી વગેર ચાલુ કરી દીધાં. નગરજનો પણ મંદિરમાં જવા-આવવા લાગ્યાં. કન્નગી દેવીનો મહિનો ત્યારથી વધી ગયો.

★

કવિ ઇલંગો અડિગલે આ મહાકાવ્ય ત્રણ કાંડમાં લખ્યું છે. પ્રથમ કાંડનું નામ છે પુગારકાંડ. બીજાનું મદુરાઈકાંડ અને ત્રીજાનું વંજીકાંડ. દક્ષિણ ભારતનાં ત્રણ મુખ્ય રાજ્યો ચોલા રાજ્ય, પાંડિય રાજ્ય અને ચેર રાજ્યની રાજધાનીનાં નામો આ મહાકાવ્યના કાંડને અનુક્રમે આપવામાં આવ્યાં છે, કારણ કે કાવ્યની મુખ્ય મુખ્ય ઘટનાઓ તે તે રાજ્યમાં તે પ્રમાણે બને છે. કવિ ઇલંગો અડિગલ પોતે ચેર રાજ્યના હતા, છતાં તેમણે ત્રણે રાજાઓ અને તેમની પ્રજાનું વર્ણન પૂરા તટસ્થભાવથી કર્યું છે. કવિ રાજવંશી હતા એટલે રાજદરબાર, રાજ્યપ્રણાલિકા વગેરનું વર્ણન એમણે આબેહૂબ કર્યું છે. વળી, તેઓ જૈન સાધુમહારાજ હતા એટલે લોકોના વ્યવહારજીવનનું અને ધર્મજીવનનું તેમનું અવલોકન પણ સૂક્ષ્મ હતું. આ ત્રણે રાજ્યમાં પળાતા શૈવધર્મ, બૌદ્ધધર્મ અને જૈન ધર્મની ટીકાનિંદા કરી નથી. એ નિરૂપણમાં પણ એમણે સમત્વભાવ દર્શાવ્યો છે. એથી જ આ મહાકાવ્યમાં ખલનાયકનું પાત્ર નથી. કવિએ આ મહાકાવ્યમાં નીતિ અને સદાચાર ઉપર ઘણો જ ભાર મૂક્યો છે. અશુભ કર્મનાં એટલે કે પાપનાં ફળ માણસને આ ભવમાં નહીં તો પરભવમાં અવશ્ય ભોગવવાનાં આવે છે એ કર્મસિદ્ધાંત ઉપર એમણે ઘણો જ ભાર મૂક્યો છે. કવિની ભાષા સ્વાભાવિક છતાં અર્થગંભીર છે. કવિની પદ્યરચના પ્રવાહી અને મનોરમ છે. કવિ પાસે મૌલિક કલ્પનાશક્તિ છે. આ મહાકાવ્યમાં કવિની નિરાળી પ્રતિભાનો સરસ પરિચય થાય છે. આમ, વિવિધ દૃષ્ટિએ આ મહાકાવ્ય એવી ઊંચી ગુણવત્તા ધરાવે છે કે તે તમિળ ભાષાનાં પ્રાચીન મહાકાવ્યોમાં પ્રથમ અને આદરભર્યું સ્થાન ધરાવે છે. અઢારસો વર્ષ પછી પણ આ મહાકાવ્ય હજુ જીવંત છે અને સાહિત્યવિવેચકો એની પ્રશંસા કરતાં ધરાતા નથી એ જ એની અદ્વિતીયતા સિદ્ધ કરવા માટે પૂરતું છે. ('પ્રબુદ્ધ જીવન' માંથી સાભાર)

નવું લવાજમ

કુમારના પુનઃ પ્રકાશનનું ચોથું વર્ષ ઑગસ્ટ માસના અંક સાથે શરૂ થઈ ગયું છે. ચોથા વર્ષનો આ ત્રીજો અંક છે. આપે આ નવા વર્ષનું લવાજમ રૂપિયા ૧૦૦ ન મોકલી આપ્યું હોય તો તે સત્વરે મોકલી આપશો જેથી આપની 'કુમાર'ની ફાઈલ અતૂટ રહે. અંકો મર્યાદિત સંખ્યામાં છપાતા કોઈ વિલંબે લવાજમ ભરવાથી અગાઉના અંકો ગુમાવવા ન પડે તે જોશો.

પૂર અને પાણી

પ્રહ્‌લાદ છ. પટેલ

ભારતનું પ્રાદેશિક વૈવિધ્ય અને ભૌગોલિક વિષમતા અજીબો-ગરીબ છે, જે કેટલાક સામાજિક રાજકીય અને આર્થિક પ્રશ્નોના મૂળ સુધી વ્યાપેલ છે. ભારતના કેટલાક ભાગોમાં સૂકો દુષ્કાળ તો કેટલાક ભાગોમાં લીલો દુષ્કાળ એ હવે તો સામાન્ય ઘટના લાગે છે. ચાલુ સાલે કચ્છ, કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતમાં દુષ્કાળનાં ડાકલાં વાગી રહ્યાં છે તો પૂર્વ અને ઉત્તર ભારતમાં બેશુમાર વર્ષાથી પૂરપ્રેરિત વિનાશને નોતરું મળ્યું છે. કેટલીક જગાએ પૂરનું પાણી તો કેટલીક જગાએ પાણીની તંગી જનજીવન વેરવિખેર કરે છે.

૧૯૫૪માં પૂરને લીધે પાક, મકાન અને લોકોપયોગી ચીજોનું ૫૭.૨૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું અને ૧૯૮૫માં ૪૦૫૯.૨૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. ૧૯૫૪માં પૂરથી ૭.૪૯ મિલિયન હેક્ટર વિસ્તાર અસર પામેલો. છેલ્લાં પાંચેક વર્ષમાં ૧૦ મિ. હે. વિસ્તારને અસર થઈ છે. ૧૯૭૮નું વર્ષ અપવાદરૂપ છે, જ્યારે પૂરગ્રસ્ત વિસ્તાર ૧૭ મિ.હે. હતો. જાનહાનિનો આંકડો ઉત્તરોત્તર વધતો ગયો છે.. પરોક્ષ રીતે સંદેશા-વ્યવહાર પદ્ધતિ, રેલ, રસ્તા વગેરેમાં સર્જાયેલા ભંગાણથી થયેલું નુકસાન અહીં ગણતરીમાં સામેલ કરેલું નથી.

પૂર બે રીતે આવે છે : (૧) સમુદ્રતટીય પ્રદેશમાં વાવાઝોડાથી અને (૨) ભારે વરસાદથી નદીઓ ઊભરાવાથી. વાવાઝોડાથી પેદા થતાં પૂર સંપૂર્ણપણે કુદરતી ઘટના છે, જેના ઉપર માણસનો અંકુશ નથી. આંધ્રપ્રદેશ, ઓરિસ્સા તથા ગુજરાતનો દરિયાકિનારો વાવાઝોડા માટે સંવેદનશીલ વિસ્તાર છે. આધુનિક ટેક્નોલૉજીના પૂર્વાનુમાનને આધારે સાવચેતીનાં પગલાં લઈ સ્થળાંતર દ્વારા જાનહાની ઓછી થાય છે, અન્ય નુકસાન ખાસ નિવારી શકાતું નથી. નદીઓનાં પૂર માટે મહદંશે માણસ જવાબદાર છે. જંગલો અને ઘાસનાં મેદાનોનો નાશ થવાથી તથા કૃષિ ક્ષેત્રે ક્ષતિયુક્ત પ્રયોગોથી જમીનનું ધોવાણ થતું ગયું છે. નદીઓમાં કાંપ-કાદવ જમા થતાં તેમાંથી ઓછાં પાણીનું વહન થાય છે ત્યારે થોડાક વધારે વરસાદથી પણ નદીઓ ઊભરાય છે.

મોટા મોટા બંધનો હેતુ પાણીનો સંગ્રહ કરવાનો અને પાવર પેદા કરવાનો છે. આવા બંધોથી બેશક પૂર ઉપર નિયંત્રણ લાવી શકાય છે. ધોધમાર વરસાદની ઋતુમાં પડેલા વરસાદનાં પાણીનો સંગ્રહ બંધ વડે થાય છે, જેનો પાછળથી અન્યત્ર ઉપયોગ કરી શકાય છે. બંધથી બધા પ્રશ્નો ઉકેલાતા નથી. જમીનના ધોવાણ સાથે પાણી બંધમાં જાય ત્યારે કાંપ-કાદવ બંધના તળિયે જમા થાય છે. બંધનું પુરાણ થતાં તે નિરુપયોગી બને છે. એક હેવાલ મુજબ બંધ બાંધવાની શરૂઆતમાં કણ-જમાવટ (sedimentation)ના દરનો જે અંદાજ કાઢેલો હોય છે તે દર બંધ પૂરો થતાં લગભગ ત્રણ ગણો વધી જાય છે. એટલે કે બંધનું આયુષ્ય ત્રીજા ભાગનું થઈ જાય છે. આથી જમીનધોવાણની ક્રિયાને અંકુશિત કરવામાં ન આવે ત્યાં સુધી બંધ અને અન્ય જળાશયો પૂર-નિયંત્રણ માટે અર્થહીન છે. આ વર્ષે ભાખરા બંધ પૂરેપૂરો ભરાયો ન હતો છતાં નીચેના ભાગમાં થયેલા તોફાની વરસાદથી વિનાશક પૂર આવ્યું હતું. પૂરગ્રસ્ત વિસ્તારોમાં જાનહાની ઓછી કરવાનો એક ઉપાય છે કે "where a river has right of way, stay out of its way."

જાનહાની અટકાવવા માટે બિહારમાં ૩૬, ઉ.પ્ર.માં ૩૩, આસામમાં ૨૩, બંગાળમાં ૧૪, ઓરિસ્સામાં ૧૧, આંધ્રપ્રદેશમાં ૧૧, ગુજરાતમાં ૧૦, મહારાષ્ટ્રમાં ૭, કર્ણાટકમાં ૪, મધ્યપ્રદેશમાં ૩, દિલ્હીમાં ૨, અને દાદરાનગર હવેલીમાં ૨ પૂર્વાનુમાન મથકો ઊભાં કરવામાં આવ્યાં છે. આજે તો સેટેલાઈટ વડે પૂરની આગાહીઓ વધુ સચોટ બનતી જાય છે. હવામાન ખાતું, ઇસરો, રાષ્ટ્રિય રિમોટ, સેન્સિંગ સંસ્થા નદીઓ ઉપર ચાંપતી નજર રાખે છે. આથી પૂર-નિયંત્રણ સરળ છે, પણ આ બધી જોગવાઈઓ હજુ અપૂરતી છે. પૂર કે અન્ય આફતો સામે સજ્જ થવા માટે સરકારના પ્રયાસો પ્રામાણિક અને સંનિષ્ઠ હોવા જોઈએ. નહીંતર વિજ્ઞાન અને ટેક્નોલૉજિ એકલે હાથે કશું ન કરી શકે. વિજ્ઞાન ને ટેક્નોલૉજિ શુદ્ધ ઇરાદાઓના અમલ માટે પૂરક બળ છે.

જંગી બંધો બાંધવા માટે આધુનિક ટેક્નોલૉજિ સક્ષમ છે. પણ તેનું પાણી પાકના મૂળ સુધી હેમખેમ પહોંચાડવા માટે ટેક્નોલૉજિ ક્ષમતા ધરાવતી નથી. જળ-સંસાધનોનો બુદ્ધિયુક્ત અને વિવેકી ઉપયોગ અત્યંત અનિવાર્ય છે. ઉત્તર અને પૂર્વની નદીઓનાં પાણીની વહેંચણીનો વિવાદ સારો એવો ચગેલો. ૧૯૯૨માં કાવેરી જળ-વિવાદે રાજકીય કટોકટી સર્જી હતી. રાજકીય ખલનાયકો લોકોને ભડકાવવા કરતાં થોડાંક શાણા બની જટિલ ઉપાધિના ઉકેલમાં સહયોગ આપી શક્યા હોત. આ પ્રશ્નના મૂળમાં જોવાનું છે કે પાણીનો પૂરી ક્ષમતાથી ઉપયોગ થાય છે કે નહીં. જળ સંસાધનોનો સફળ અને સમુચિત પ્રબંધ એટલે જ જળસંગ્રહ. જેમ કે ઊર્જાની બચત એટલે ઊર્જાનું ઉત્પાદન. આથી વિજ્ઞાનીઓનું એ પરમ કર્તવ્ય થઈ પડે છે કે જમીન અને જળસંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ પ્રત્યે રાહબર અને પ્રહરી બની રાષ્ટ્રિય પ્રશ્નોના ઉકેલમાં ફાળો આપે.

'ખગોળીય પદાર્થોના ભાવિ પથની હું આગાહી કરી શકું છું, પણ પાણીના નાના બુંદની ગતિ વિષે હું કંઈ પણ કહી શકતો નથી.' સદીઓ પહેલાં આ વાત ગેલિલિઓએ કરેલી. અહીં પાણીની ગતિ પ્રત્યે આપણું અજ્ઞાન અભિપ્રેત છે.

આપણા દેશમાં સરેરાશ ૧૧૭૦ મીલીમીટર વરસાદ પડે છે. સૂકામાં સૂકા પ્રદેશમાં પણ ૨૦૦ મી.મી. જેટલો વરસાદ પડે છે. કેટલાક અન્ય દેશોમાં આપણા દેશ કરતાં ઓછો વરસાદ પડે છે. તો પછી

આપણે ત્યાં પાણીની અછતનો આટલો બધો કકળાટ શાને ? તેનું કારણ ક્ષતિયુક્ત ટેક્નોલૉજિ અને નીતિ છે, જેમાંથી બિનક્ષમતા અને ગેરવહીવટ પેદા થાય છે.

આઝાદી બાદ ઉધાર નાણાં લઈને પણ સિંચાઈ માટે મોટા બંધ બાંધવાનો તરંગી સિલસિલો ચાલુ થયો. તેને કારણે જંગલો અને ફળદ્રુપ જમીન ડૂબમાં ગયાં. લોકોને વિસ્થાપન કરવું પડ્યું. આ મોટા બંધોથી વિશાળ વિસ્તારમાં સિંચાઈ શકય તો બની, પણ સંચિત પાણીના ડહાપણભર્યા ઉપયોગ પ્રત્યે ખાસ ધ્યાન અપાયું નથી. મફત મળતું પાણી ખેડૂતોએ ખેતરોમાં ઠઠાડે રાખ્યું. પાણીની અછત અને પાણીનું પૂર સરખું નુકસાન કરે છે, એ ભૂલવા જેવી બાબત નથી.

વિવેકબુદ્ધિપૂર્વક વાપરેલું પાણી બહેતર ઉત્પાદન આપે છે. કૂવા તથા પાતાળકૂવામાં ખેડૂત પોતે સારું એવું રોકાણ કરે છે. આથી આ રીતે મળતાં પાણીનું મહત્ત્વ અને મૂલ્ય સમજે છે માટે પાણીનો બગાડ કરતા નથી, પણ પ્રત્યેક બુંદનો કાળજીપૂર્વક ઉપયોગ કરે છે. ભૂજળ વડે સિંચાઈ કરવાથી ડાંગરનો એકરદીઠ વધુમાં વધુ પાક મેળવી શકાયો છે.

૧૯૫૧થી ૧૯૮૫ના સમયગાળામાં મોટામોટા જળાશયો વડે ૭.૫થી ૧૫.૪ મિલિયન હેકટર જમીન ઉપર સિંચાઈ થઈ શકી. તેનો ખર્ચ આશરે ૧૫૦૦૦ કરોડ રૂપિયા થયો હતો. જ્યારે આ સમયગાળા દરમ્યાન ખાનગી ક્ષેત્રે ભૂતળનાં પાણીથી ૫ થી ૨૦ મિ. હે. જમીન ઉપર સિંચાઈ કરીને મબલક પાક લેવામાં આવ્યો હતો. રાજ્યની ફૂટી કોડી પણ લેવામાં આવી ન હતી. આ બતાવે છે કે વૈયક્તિક ધોરણે સિંચાઈ બાબતે કેટલું સુંદર પરિણામ મેળવી શકાય છે. આથી સિંચાઈ માટે જંગી રોકાણો કરવાથી બધું પતી જતું નથી, પણ પ્રાપ્ય જળ સંસાધનોના યોગ્ય પ્રબંધથી જ ધાર્યાં પરિણામ પ્રાપ્ત થાય છે.

આજે પ્રાપ્ય જળનો જથ્થો અને તેની ઘરેલુ, ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રે ઉપયોગિતા બાબતે કોઈ ચોક્કસ માહિતી (ડેટા) નથી. જરૂરી માહિતીનો પ્રવાહ અત્યંત મંદ અને અપૂરતો રહ્યો છે. જે થોડી ઘણી માહિતી એકઠી કરેલી છે તેને સરકારી કબાટોમાં કેદ કરેલી છે. જે વિશ્લેષણ કે મૂલ્યાંકન માટે આમવ્યક્તિને અપ્રાપ્ય છે. જુદીજુદી જમીનમાંથી મહત્તમ પાક મેળવવા માટે કેટલું પાણી આપવું જોઈએ, કેવું હવામાન પોષક રહેશે, કયા પ્રકારની જમીનમાંથી કયો પાક લેવો જોઈએ વગેરે માહિતી ઉપલબ્ધ થતી નથી. જો કોઈ માહિતી મળે તેનો વ્યવહારમાં ઉપયોગ કરી શકાય તે માટે પરિસ્થિતિ સાનુકૂળ હોતી નથી. પાણીની પ્રાપ્યતા અને ઉપયોગિતા વિષે વિગતવાર માહિતી રાજ્યના જળ-પ્રબંધકનું પ્રથમ લક્ષ્ય હોવું જોઈએ. જાહેર માધ્યમો દ્વારા વખતોવખત પૂર્વાનુમાન પ્રસિદ્ધ થાય છે, પણ તે કંઈ પૂરતાં નથી. માહિતી માત્ર એકઠી કરવાથી ઈડરિયો ગઢ જીતી જવાતો નથી. પણ માહિતીનું બુદ્ધિગમ્ય વિતરણ એટલું જ મહત્ત્વનું છે. રહસ્યના ફંદાઓ પ્રગતિના ગળે ટૂંપો દે છે. દુશ્મન દેશો બાકોરાં પાડી માહિતીઓને હાઈજેક કરે છે ત્યારે આંખો ચોળતાંચોળતાં ઘોડાઓ છૂટી ગયા પછી તબેલાને તાળાં મારવા દોડાદોડી મચી જાય છે.

જેવી રીતે રોજબરોજ હવામાનના સમાચાર આપવામાં આવે છે તેવી રીતે ભૂતળ જળસ્તરોની માહિતી નિશ્ચિત સમયને ગાળે મળવી જોઈએ અને તેનું વિવરણ થવું જોઈએ. અકરાંતિયાની જેમ પાણીનો ઉપયોગ એ સિંચાઈ યોજનાઓની પાયાની બીમારી છે. આધુનિક જળસિંચાઈ પદ્ધતિ એક વિશિષ્ટ પ્રક્રિયા છે, જેમાં કેટલાંય પરિબળો આમેજ કરવાનાં રહે છે.

સિંચાઈ ઇજનેરો માને છે કે જળાશયોનાં પાણીનો ઉપયોગ આડેધડ થાય છે. આ પરિસ્થિતિ સુધારવા માટે ખાસ પ્રયત્નો થયા નથી. પરિણામે સિંચાઈપદ્ધતિ એ મોટો માંદો ઉદ્યોગ છે. મોટામોટા બંધોમાં અઢળક નાણાં ખર્ચાય (કે ખવાય ?) છે. મોટા બંધો બાંધતાં એટલો બધો સમય લાગે છે કે જ્યારે બંધ તૈયાર થાય ત્યારે અનુમાનિત પરિબળો બદલાઈ જવાથી ગણતરીઓ ખોટી પડે છે ! આથી નાના-નાના બંધ, લિફ્ટ સિંચાઈ યોજના, ખેત-તળાવડીઓ જેમાં રોકાણ મામુલી હોય છે, જેનો પ્રબંધ સરળ હોય છે અને જેમાં વધુ લચીલાપણું હોય છે તેવી યોજનાઓ પ્રત્યે સરકારો બેધ્યાન છે. નાની યોજનાના પ્રબંધમાં ખેડૂતોની ભાગીદારી કંઈક અંશે અસરકારક અને અર્થપૂર્ણ બને છે. મોટી યોજનામાં આવું સંભવિત નથી. વિદ્યમાન સિંચાઈપદ્ધતિમાં મુખ્ય કેનાલ ઉપર નિયંત્રણ કે નિયમનની વ્યવસ્થા હોતી નથી; નાની કેનાલમાં ભાગ્યે જ તેવી વ્યવસ્થા હોય છે. નદીઓના ત્રિકોણ પ્રદેશ (delta)માં પાણી ઘણું વપરાય છે. પાણીનો આ માત્ર વ્યય નથી પણ તેથી તો જમીનનું પતન (degradation) થાય છે. તુંગભદ્રા, ભીમા, ઘાટપ્રભા, માણપ્રભાના ખીણવિસ્તારોમાં કાળી જમીન ઉપર ભારે સિંચાઈની ખોટી પદ્ધતિ અખત્યાર કરવામાં આવે છે. કાળી જમીન ઘણો ભેજ સંઘરી રાખવાની ક્ષમતા ધરાવે છે. બીજી જમીન કરતાં કાળી જમીન વધારે લવણીય (ક્ષારયુક્ત saline) હોય છે. કાળી જમીનના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મોનો સદુપયોગ કરવામાં આવે તો તે પ્રચંડ ગુંજાસ ધરાવે છે. સિંચાઈના અતિરેકથી જળસંસાધનોનો વ્યય થાય છે અને ફળદ્રુપ જમીન ક્ષારયુક્ત બની નિરુપયોગી થાય છે. પંજાબ, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં આવું જ થયું છે. કર્ણાટકના બેલારી, ગુલબર્ગા અને રાયચુર જિલ્લાઓમાં આવું બની રહ્યું છે.

વધુ પાણી ઠઠાડવાથી ઉત્પાદકતા ઘટે છે અને ખેડૂત કાયમી ધોરણે પોતાની જમીનને નકામી કરે છે તે માટે વૈજ્ઞાનિક કારણો ઉપરાંત પાણીની કિંમતનું ખેડૂતોને ભાન કરાવવામાં આવે તો જ જળસંસાધનો પ્રત્યે વિવેક કેળવાય.

ખુલ્લી કેનાલમાં ૩૦થી ૫૦ ટકા પાણી ઝમીને જમીન દ્વારા શોષાય છે. પાણીનો આટલો બધો બગાડ રાષ્ટ્રને પરવડે જ નહીં. ખુલ્લી કેનાલોને બદલે બંધ પાઈપો દ્વારા પાણી મોકલવાથી પાણીનું ન તો

શોષણ થાય છે કે ન તો બાષ્પીભવન. બલકે એથી પાણીનું ક્ષમતાપૂર્વક નિયમન થાય છે.

ઇઝરાયેલમાં પાણી પુરવઠા માટે નિયમબદ્ધ પગલાં ચુસ્તતાથી લેવાય છે. માપબંધ પાણી પૂરું પાડવામાં આવે છે. પાઈપો દ્વારા પાણી મોકલવામાં આવે છે. ટપક (drip) સિંચાઈ છંટકાવ-દ્વારા (sprinklers)નો ઉપયોગ કરવાથી પ્રાપ્ય પાણીનો ૮૫ ટકા જથ્થો ઉપયોગમાં લઈ શકે છે. આપણી યોજનાઓમાં મોટામસ ખર્ચા કરી એકત્રીત કરેલા પાણીના ૬૦ ટકા જથ્થાનું બાષ્પીભવન અને શોષણ થતાં હાથમાંથી તે જાય છે. નિયંત્રિત સિંચાઈ પ્રત્યે આંખમિચામણાં કરવાં પાલવે તેમ નથી. સિંચાઈ ઇજનેરો, વિજ્ઞાનીઓ, કૃષિ-નિપુણાતો અને સામાજિક કાર્યકરો એક થઈ પાણીના બહેતર ઉપયોગ માટે પદ્ધતિ વિકસાવે તો આપણી સિંચાઈપદ્ધતિની અસરકારકના વેધક બનાવવાનું અશક્ય નથી. ઇચ્છાયુક્ત નિર્ધારનો સન્નિષ્ઠ વિજ્ઞાનપરસ્ત અમલ કરવાથી ભવ્ય પરિણામો મેળવી શકાય.

ઇઝરાયેલનો વિસ્તાર ૨૫,૦૦૦ ચોરસ કિલોમીટર છે. તેનો મોટાભાગનો વિસ્તાર સૂકો અને રણપ્રદેશ છે, જ્યાં વાર્ષિક ૨૦૦ મી.મી. કરતાં ઓછો વરસાદ પડે છે. અપૂરતા પાણીના પુરવઠા સાથે આ દેશે સિદ્ધ કરી બતાવ્યું છે કે વિવેકબુદ્ધિપૂર્વક, વૈજ્ઞાનિક ઢબે અને ક્ષમતા સાથે પાણીનો પ્રબંધ કરી શકાય છે. પાણીના પુરવઠાને અંકુશિત કરી તેણે ઉપયોગમાં લીધો છે. આધુનિક ટેકનોલૉજિની મદદથી જલશાસ્ત્રીય (hydrologic) અન્વેષણને સંપૂર્ણત: દક્ષ બનાવ્યું છે. જળસંચયસ્તર (aquifier) સીમાઓ નક્કી કરવા તથા પાણીના પુન: આરોપણ (recharge)ના દરની ગણતરી કરવા માટે રેડિયો ઍક્ટિવ સમસ્થાનિકો (isotopes)નો ઉપયોગ કરવામાં આવે છે. પાણીના સંતુલન માટે કમ્પ્યૂટરિત પરિરૂપની સેવાઓ લેવામાં આવે છે. ઇઝરાયેલે પાણી ઉપર રાજ્યની માલિકીનો અધિકાર ધરાવતો કાયદો કર્યો છે. પરવાના મુજબ જ પાણીનો મર્યાદિત જથ્થો વાપરી શકાય છે. સંપૂર્ણ અભ્યાસ અને પ્રયોગોને અંતે જુદાજુદા વિસ્તારો અને જુદાજુદા હેતુઓ માટે પાણીના ઉપયોગ પરત્વે ધોરણો સ્થાપિત કરવામાં આવ્યાં છે. કૂવાનાં પાણીનું વધુ પડતું શોષણ ન થાય તે માટે મોનીટરિંગ કરવામાં આવે છે.

ઇઝરાયેલમાં ભૂતળ પાણી નિજી સંસાધન ગણાતું નથી. પાણીને પાઈપો મારફતે જ મોકલવામાં આવે છે. પુરવઠાનું નિયમન કરવા માટે મીટર લગાડવામાં આવે છે, જેથી કોઈ પાણીનો દુર્વ્યય ન કરે. શહેરી ગટરોનાં ગંદાં પાણીને નવસાધ્ય કરી ઉદ્યોગો અને સિંચાઈના ઉપયોગમાં લેવાય છે. ઇઝરાયેલમાં ૮૦ ટકા ક્ષમતા સાથે સિંચાઈ થાય છે.

પાણીનો વપરાશ ઘટાડીને નાટ્યાત્મક રીતે એકમ ક્ષેત્રદળ દીઠ વધુ પાક મેળવવા ઇઝરાયેલ સમર્થ થયું છે. કૃષિ-ઉત્પાદન માટે ઇઝરાયેલના પ્રયત્નો વિશ્વભરમાં અદ્વિતીય છે. પાણીની અછત સામે સફળતાપૂર્વક કામગીરી કરી કેટલાય દેશોને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ઇઝરાયેલનું ઉદાહરણ તંદુરસ્ત અને મહત્ત્વાકાંક્ષી સ્પર્ધા માટે સુયોગ્ય છે.

ભૂતળનાં પાણી અને બાહ્ય જળાશયોનાં પાણીને પૂરક પ્રણાલી સમજવી જોઈએ. એટલે કે સિંચાઈનું સારું એવું પાણી નીતરીને જમીનમાં ઊતરે છે, જે પરત મેળવી શકાય છે. ભૂતળ અને સપાટીનાં પાણીનો અન્વય કરવાનો ઇરાદો બરાબર છે, પણ પૂરી ગંભીરતા સાથે તેનો અમલ થતો નથી.

પંપ-સેટ સાથે કૂવા અને પાતાળકૂવા દ્વારા ભૂતળ પાણીનો ઉપયોગ ખાનગી અને વૈયક્તિક ધોરણે થઈ રહ્યો છે. તે માટે ખેડૂતો મુક્ત છે. સપાટી પરના પાણીનું વિતરણ કરવાની જવાબદારી સરકારની છે. ભૂતળ કે સપાટી ઉપરનાં પાણીનો સંગ્રહ કરવા રોકાણનો ફાયદો આમ ખેડૂત સુધી પહોંચવો જોઈએ. તેમ થાય તો જ જળસંસાધનોનો સદુપયોગ થયો ગણાય. ડેલ્ટા પ્રદેશમાં ભૂતળનાં પાણીનો મોટા પાયે ઉપયોગ શક્ય છે. જ્યારે ઉનાળામાં સપાટી ઉપરનું પાણી ઘટી જાય છે ત્યારે ભૂતળ જળયોજના વધુ કારગત નીવડે છે. એક અંદાજ મુજબ કાવેરી ડેલ્ટા પ્રદેમાં ભૂતળ જળ ૩૬૫૦ મિલિયન ઘનમીટર જેટલું છે, જે કિશ્નરાજસાગરના ૧૨૭૦ મિલિયન ઘન મીટર કરતાં લગભગ ત્રણ ગણો જથ્થો છે.

વાર્ષિક એકને બદલે બે-ત્રણ પાક લેવા માટે પૂરતું પાણી જોઈએ છે. ચોમાસામાં ડાંગરનો પાક લીધા પછી જમીનમાં સંગ્રહાયેલ ભેજનો ઉપયોગ સોયાબિન, મકાઈ, કપાસ અને કઠોળ જેવા પાકો માટે વધારે હિતાવહ છે. શેરડીના પાકને મબલક પાણી જોઈએ છે. આથી પાણીની અછતવાળા પ્રદેશમાં શેરડીનો પાક કરવો જોઈએ નહીં. જમીનના પ્રકાર અને સ્થાનિક લોકોના ખોરાકને અનુલક્ષી પાક પકવવા પ્રયત્નો જરૂરી છે. કર્ણાટક રાજ્યના સૂકા અને અર્ધસૂકા ભાગોમાં રાગીનો પાક વધુ અનુકૂળ છે. આ હકીકત પ્રત્યે દુર્લક્ષ રહ્યું છે. અને માફકસર એવી ઘણી જમીન પડતર રહે છે. આઝાદી પછી આ પ્રદેશનાં લોકો રાગીને છોડી દઈ ઘઉં અને ચોખા ઉપર ચડી ગયાં છે. એટલે રાગી ખાઈને આત્મનિર્ભર રહેતાં લોકો પરપ્રદેશના સંસાધનો ઉપર રાચતાં થયાં છે. આથી ઘણી મુશ્કેલીઓ ઊભી થાય તે સ્વાભાવિક છે.

પૂર (flood) સિંચાઈથી ભારતમાં હેક્ટરદીઠ એક ટનથી ઓછો પાક મળે છે. હાઈબ્રીડ બિયારણ,-રાસાયણિક ખાતરો અને પાણીના અસરકારક અંકુશોને કારણે જાપાન એક હેક્ટરદીઠ ૫.૫ ટન પાક મેળવે છે. ૮ ટન પાક મેળવવાની મહત્ત્વાકાંક્ષા ધરાવે છે. આ બધું જળસંસાધનોના વિવેકી પ્રબંધ અને આધુનિક કૃષિપદ્ધતિઓના અમલનો પ્રભાવ સૂચવે છે.

જળસંસાધન પ્રબંધ એ સિંચાઈ ઇજનેરો, ભૂસ્તરશાસ્ત્રીઓ, પર્યાવરણ-નિપુણાતો, આયોજનકારો અને વહીવટકર્તાઓનો સંયુક્ત વિષય છે. તેમાં લોકોની ભાગીદારી એટલી જ જરૂરી છે. સહકારી ધોરણે ખેતી થાય તો આર્થિક લાભ થાય. પાણીના નિશ્ચિત કદ વડે જળસિંચાઈ માટે મોટામોટા પ્લૉટ એ એક વૈજ્ઞાનિક ઉકેલ છે. આથી ખેડૂતોએ

સહકારી મંડળીઓ રચી આધુનિક ખેતી કરવી જોઈએ. તે માટે સરકાર તરફથી આર્થિક સહાય સરળતાથી મળી શકે છે. અનુભવી કૃષિનિષ્ણાતો, વિજ્ઞાનીઓ અને ટેક્નોલૉજિસ્ટની સલાહ સુલભ અને સુગમ બને છે. આવી વૈજ્ઞાનિક ખેતી જ રાષ્ટ્રને માતબર બનાવી શકે છે. જો ખેતીનું મહત્ત્વ સમજાશે તો જ લોકો ગ્રામાભિમુખ થશે, તો જ ભાંગતાં ગામડાં બચી જશે અને તો જ રાક્ષસી શહેરોના રાક્ષસી પ્રશ્નો હળવા થશે.

વરસાદ અમુક જ મર્યાદિત સમય માટે પડે છે. આથી તેનું પાણી સંઘરી રાખવું જરૂરી છે અને તે માટે બંધ આવકાર્ય છે. બંધથી તેની નજીકનાં લોકોને વિશેષ ફાયદો થશે અને સાથેસાથે દૂરદરાજના ખેડૂતો બંધના લાભોથી વંચિત રહે છે. બંધનું પાણી બાષ્પીભવનથી ઓસરી જાય છે. જમીનની અંદર તિરાડોવાળા ખડકો પાણીનો સારી રીતે સંગ્રહ કરી શકે છે. આથી ભૂતળ જળાશયો એકબીજાથી જોડાય તે માટે કુદરતે અદ્ભુત રચના કરી છે. આથી વરસાદનાં પાણીને ઘેરી લઈ જમીનમાં ઉતારવાનું કૌશલ્ય કેળવવાની જરૂર છે. કેચમેન્ટ વિસ્તાર, વનવૃદ્ધિ, સપાટ જમીન, ખેત-તળાવડીઓના સર્જનથી પાણી સારી રીતે કેદ કરી શકાય છે. અત્યારે તે પ્રત્યે ખાસ ધ્યાન અપાતું નથી માટે પાણી વહી જાય છે અને જમીનનું ધોવાણ થાય છે. વહી જતું પાણી કાંપ-કાદવ ઘસડી જાય છે, જેનાથી જળાશયો પુરાવા લાગે છે. નદીઓ પુરાતાં તેમાં પૂરની સંભાવના વધે છે.

ભારતમાં વિશાળ વિસ્તારો ઉપર ચા અને કૉફીના બગીચાઓ વિશ્વમાં વૈજ્ઞાનિક ખેતીનો નમૂનો છે. ઘઉં તથા ચોખા માટે તેવી તાસીર નથી. આથી ખેતીને ઉદ્યોગ ગણી તેનો વિકાસ કરવો જોઈએ.

રિવર બૉર્ડ કે રિવર ઑથોરિટીનું પ્રથમ કાર્ય પ્રાપ્ય પાણીપુરવઠા અને તેની ઉપયોગિતાના બાબતે માહિતી તૈયાર કરવાનું છે. આ માહિતી લોકો સુધી પહોંચવી જોઈએ, જેથી પાણીનું મૂલ્ય અને મહત્ત્વ સમજાવતાં પાણીનો દુર્વ્યય અટકે. જળજાળવણીના કાર્યને વિજ્ઞાનીઓ, ટેક્નોલૉજિસ્ટ ને શાસકોએ અગ્રિમ ક્રમ આપવો જોઈએ. આ સાથેસાથે અંકુશ અને પરવાનાપદ્ધતિ અનિવાર્ય છે. વાતાનુકૂલિત ચંદનમહેલમાં બિરાજેલાઓના નિર્ણયો લોકો ઉપર ઠોકી બેસાડવાની ચાલ ખતરનાક છે. જળવિતરણ અને ઉપયોગની બાબતે વપરાશકારોને વિશ્વાસમાં લેવા આવશ્યક છે. જો તેમ થાય તો આર્થિક ભાર વહેંચાઈ જાય. કૃષિસુધારાઓને તથા જળવપરાશના વાજબી વિચારો હિંમતપૂર્વક બહાર આવવા જોઈએ.

ભૂતકાળમાં કેટલાક રાજાઓ પ્રજાના સાચા વાલી તરીકે જીવી ગયા છે. પ્રજાનું હિત એ જ રાજાનું હિત એવી તેમની સમજ હતી. કુદરતનો ખજાનો ખાલી ન થાય અને તેનું સતન જતન કરનારા પ્રજાગજુ રાજાઓ પણ થયા છે. આ પરિપ્રેક્ષ્યમાં આપણા વિજ્ઞાનીઓને સચેત અને સચિંત કરવાની જરૂર છે. અન્ન તથા પાણીના ક્ષેત્રે દેશ આત્મનિર્ભર બને તે સમયની માંગ છે. આથી ખેતીનું આધુનિકીકરણ અનિવાર્ય છે. પાણીના અવિચારી અને અવિવેકી ઉપયોગને દેશે ઝાઝો સમય બરદાસ્ત ન કરવો જોઈએ. પાણીના સંગ્રહ માટે યોગ્ય યોજનાઓ તાત્કાલિક હાથ નહીં ધરવામાં આવે તો અરાજકતા અને અંધાધૂંધી ફેલાશે. આથી ખેતી અને પાણીના પ્રશ્નો રાષ્ટ્રના પ્રશ્નો છે.

જળસંસાધનોની બાબતે બીજા દેશોની અપેક્ષાએ ભારત ભાગ્યશાળી છે. કેટલીક જમીન ભારે ફળદ્રૂપ છે. અન્ય સંસાધનો પૂરતાં છે. સૂર્યપ્રકાશ બારેમાસ વિપુલ પ્રમાણમાં મળતો રહે છે. કુશળ કૃષિ માટે માનવબળ પણ મબલક છે. તો પછી ખૂટે છે શું ? શાસકોના શુદ્ધ અને સાત્ત્વિક ઇરાદાઓ ખૂટે છે. સંનિષ્ઠ પ્રયાસોનો દુકાળ પ્રવર્તે છે. સૂત્રોચ્ચારોથી લોકોને થોડોક સમય માટે બેવકૂફ બનાવી શકાય છે, કાયમ માટે નહીં. લોકોને વધુમાં વધુ ફાયદો થાય તેવી સંસાધનોની ન્યાયયુક્ત વહેંચણી તાકીદે અને અનિવાર્યપણે થવી જરૂરી છે. તો જ આંતર-રાજ્ય વિવાદોનો અંત આવે અને દેશના પ્રત્યેક પ્રદેશની સમૃદ્ધિ એ દરેકની અભિરુચિનો વિષય બને. ઋગ્વેદમાં પ્રાર્થના છે :


या आपो दिव्या उत वा स्रवन्ति खनित्रिमा उतवा याः स्वयं जाः ।
समुद्रार्थाः याः शुचयः पावकास्ता आपो देवीरिह मामवन्तु ॥

આકાશમાંથી મળતું પાણી, ખોદવાથી મળતું પાણી, ફુવારાની જેમ આપોઆપ ઊછળતું પાણી, તેજીલું અને શુદ્ધ પાણી જે સમુદ્ર થકી વહી જાય છે, આ બધાં દૈવી પાણી મારું રક્ષણ કરો.

આપણા પૂર્વજોએ આ પ્રાર્થના ત્રણ હજાર વર્ષ પહેલાં કરેલી. માનવતા-પ્રેમી રાજાઓ આ પ્રાર્થનાને અનુસર્યા. આજે આપણને આ પ્રાર્થનાની સૌથી વધારે નિસબત છે, કારણ કે આજના મહારાજાઓ નદીઓમાં ખાલી વચનોનાં પૂર લાવી રહ્યા છે ! □

'કુમાર'નો ૮૦૦મો અંક

૧૯૯૪ના વર્ષમાં કુમારનો ૮૦૦મો અંક આવી પહોંચશે. વિશિષ્ટ આયોજન સાથે તે દળદાર કદમાં પ્રકટ થશે. આ અંકની વિગત માટે આવતો અંક જોશો.



ઈશાન-૧

સ્થાપત્ય : એક અવલોકન

હેમંત વાળા

આદિમાનવની અવસ્થામાંથી માનવીએ જ્યારે તેની મૂળભૂત જરૂરીઆતો ઉપરાંત સંતોષ, આનંદ, સુખસગવડો અને વિશિષ્ટ અનુભૂતિ વિષે વિચારવાની શરૂઆત કરી ત્યારથી સ્થાપત્ય કળાનો આરંભ થયો હશે. માનવી માટે મકાન એ એક મૂળભૂત જરૂરિયાત છે જેના થકી માનવી વિવિધ બાહ્ય પરિબળો સામે રક્ષણ મેળવે છે. આ બાહ્ય પરિબાળો સામે રક્ષણ મેળવવા ઉપરાંત, જેમ જેમ માનવીની આવડત, પરિપકવતા તથા સંવેદનશીલતા વધતાં ગયાં તેમ તેમ મકાનની રચનામાં અન્ય પરિમાણો ઉમેરાતાં ગયાં. આજે માનવી ઉપયોગિતામાં સમાધાન કર્યા વગર ભવન-નિર્માણમાં સચોટ રીતે લાગણીઓ અને મૂલ્યો પ્રદર્શિત કરી શકે છે. બાંધકામની આંટીઘૂંટી, સમયનો અભાવ, પારંગતતા માંગી લે તેવા સંલગ્ન ક્ષેત્રો, અગ્રતાનાં બદલાતાં ધોરણો અને વહીવટી મર્યાદાઓને કારણે માનવીને હવે આવાસ બાંધવા વ્યાવસાયિકની સલાહની જરૂર પડે છે, એવો વ્યાવસાયિક કે જેણે આ ક્ષેત્રમાં પદ્ધતિસરની તાલીમ લીધી હોય, જે તેની જીવનસરણી તથા મૂલ્યોને યોગ્ય રીતે સમજી તેને ભવન-રચનામાં પ્રતિબિંબિત કરવા સમર્થ હોય, જે ઉપયોગિતામાં સમાધાન કર્યા વગર પ્રાપ્ય સાધનો વડે જરૂરી દૃશ્ય-અનુભૂતિ સર્જી શકતો હોય, જે તેના આવાસમાં તેના વ્યક્તિત્વને મઢી શકતો હોય....અને આ વ્યાવસાયિક છે સ્થપતિ.

સ્થપતિનું કામ તેના માર્ગદર્શન માટે આવેલ વ્યક્તિનાં સ્વપ્નો અને પોતાની સર્જનાત્મક શક્તિનો પ્રાપ્ય સાધનો વડે સુમેળ સાધે જેથી જે નિર્ધારિત કાર્યહેતુ માટે મકાનનું નિર્માણ કરવામાં આવે તે કાર્યહેતુ તે મકાનમાં સરળતાથી પ્રયોજી શકાય.

આકાર અને સ્થળ, પ્રકાશ અને છાયા, ઉપયોગિતા તેમજ અનુભૂતિની દૃષ્ટિએ મકાનનાં જરૂરી અંગો, અંદરની તેમજ બહારની સપાટીનો પ્રકાર માપ તથા પ્રમાણ, કાર્ય અને આવન-જાવન માટેનાં નિર્ધારિત સ્થાનો ...આવાં વિવિધ માધ્યમોને જુદીજુદી રીતે સંયોજિત કરી તેમાંથી એકતા, પુનરાવર્તન, સ્થિરતા તથા આગવાપણાના ભાવો સ્થાપત્યમાં ઉત્પન્ન કરાય છે. સ્થપતિ માટે ઈંટો અને કૉંક્રિટ એ માત્ર ભૌતિક પદાર્થો ન રહેતાં આકાર અને અવકાશ સર્જવાનાં માધ્યમો બની રહે છે. બારીઓ એ માત્ર દીવાલના અસ્તિત્વનું નકારાત્મક વલણ ન બની રહેતાં મકાનની અંદરનાં હવા-ઉજાસના નિયમન માટેનું સાધન બની રહે છે. સ્થાપત્યના પ્રત્યેક અંગનું અસ્તિત્વ માત્ર ભૌતિક નથી રહેતું પરંતુ ઉપયોગિતા, અનુભૂતિ તથા પ્રતીકાત્મક અનુસંધાનમાં રચાયેલ સમીકરણ બની રહે છે. સમાન્ય રીતે જોતાં સ્થાપત્યનાં ત્રણ મૂળભૂત પાસાં કહી શકાય. પ્રથમ ઉપયોગિતા, બીજું અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ત્રીજું સંલગ્ન ક્ષેત્રોમાં થયેલ તકનિકી પ્રગતિથી મળતી મજબૂતાઈ. 'ઉપયોગિતાને અનુરૂપ આકાર' આ વિચારધારા મોટાભાગના અર્વાચીન સ્થપતિઓએ સ્વીકારેલી છે. સ્થાપત્ય અને શિલ્પ વચ્ચેનો ભેદ આજની પરિસ્થિતિમાં ખૂબ સાવચેતીથી લક્ષમાં લેવાય છે અને તેથી 'હોવા ખાતર હોવું' એ વિચારધારા હવે સ્વીકારી લેવાતી નથી. ઉપયોગિતાના અનુસંધાનમાં વ્યક્તિ કે વ્યક્તિસમૂહની જીવનસરણી તથા-કાર્યશૈલીને સ્થાપત્યમાં યોગ્ય પ્રતિભાવ અપાય તે જરૂરી છે.

કોઈપણ ક્ષેત્રના વિકાસમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા ખૂબ મહત્ત્વની છે. સ્થાનના વિવિધ પ્રકારના ઉપયોગની સ્વતંત્રતા, સ્થાપત્યની ભાષાના બંધારણ તથા રજૂઆતની સ્વતંત્રતા અને કોઈ પણ માપ-આકારમાં જે તે દૃશ્ય-અનુભૂતિ માટે મકાનની બાંધણી કરવાની સ્વતંત્રતાએ અર્વાચીન સ્થાપત્યની સીમા વિસ્તારી દીધી છે. સાથે સાથે પરંપરાગત માલસામાન વડે થતાં બાંધકામની મર્યાદાઓમાંથી આજનો સ્થપતિ મુક્ત થઈ ગયો છે. આથી તેની જવાબદારીઓ પણ તેટલી જ વધી જાય છે. પોતાને મળતી સ્વતંત્રતાનો ઉપયોગ કરી સુસંગત વાતાવરણનું સર્જન કરવું એ સ્થપતિની મૂળભૂત ફરજ છે.

તકનિકી ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તેનાથી વિચારોની અભિવ્યક્તિને વધુ સ્વતંત્રતા મળી છે. આજે વધુ મોટા પ્રમાણમાં, જલદીથી , જરૂરી મજબૂતાઈ પ્રમાણેનું બાંધકામ પ્રમાણમાં ઓછી કિંમતે થઈ શકે છે. તકનિકી પ્રગતિએ સ્થાપત્યની નવી દિશાઓ ખોલી છે અને હાલમાં સ્થાપત્યની ભાષાને અનુરૂપ માલસામાનની પસંદગી માટે સ્થપતિ પાસે વધુ વિકલ્પો છે. સાથેસાથે તકનિકી પ્રગતિને કારણે વધુ ને વધુ ક્ષેત્રોમાં પારંગતતાની જરૂર પડે છે.

સ્થાપત્ય એ વિવિધ પાસાંઓને એકબીજાં સાથે વણવાની કળા છે. સ્થાપત્યના દરેક અંગનું આગવું મહત્ત્વ હોય છે અને આ અંગોની ઉપયોગિતા અનુભૂતિ તથા સંયોજન સ્થાપત્યની ગુણવત્તા પર અસર કરે છે. □

ટ્યુનિસમાં

પ્રીતિ સેનગુપ્તા

ટ્યુનિસ શહેરની રફ્તાર બહુ ધમાલ કે ઉતાવળથી ભરેલી ના લાગે. બપોરે ઘણી દુકાનો બંધ થઈ જાય. વામકુક્ષીનો ઈચ્છિત સમય! કાફેમાં ઠેરઠેર પુરુષો બેઠેલા હોય–હંમેશાં પુરુષો, ફક્ત પુરુષો. પણ યુવાન સ્ત્રીઓ પાશ્ચાત્ય, આધુનિક પોષાકમાં બજારની ગલીઓમાં ફરતી હોય ખરી. કોઈ જાતની ગંદી ભાષા, ગલીચ નજર કે છેડતી ક્યાંયે દેખાય નહીં. સ્ત્રીઓનો મોભો જળવાતો હોય તે જગ્યાને –દેશને–અભિજાત કહેવાં જ પડે, એવા જીવનને સુખી કહેવું જ પડે.

પહેલા જ દિવસથી કાર્થાજમાં મેં પુરુષ પ્રજાની એક રંગીલી, પણ સ્વાભાવિક લાગતી, અનુરક્તિની નોંધ લીધેલી. મેં જોયું કે ઘણા પુરુષો કાન ઉપર નાનું ફૂલ ને ક્યારેક તો તાજું, લીલું પાન પણ, ભરાવી ફરતા હતા. મને તો ગમેલું. પ્રજાના વ્યક્તિત્વનો પરિચય મને એમાં દેખાયેલો. ટ્યુનિસમાં પણ ફૂલ ખોસેલા પુરુષો જોયા. સીદી બૂ સઈદમાં મોગરા કે જૂઈ–ચમેલીની જાતનાં કોઈ સુગંધી ફૂલોની નાનકડી છડી વેચાતી જોયેલી. કિશોરો ને યુવાનો એ વેચતા હતા, ને ઘણા પુરુષો ખરીદીને એને કાન પર ભરાવતા હતા. મને થાય, પણ યુવતીઓનું શું? થોડીવાર પછી મેં એક છોકરીને જોઈ હતી. એ એના પુરુષ–મિત્રની સાથે હતી. ગળામાં એણે વેણી જેવો પોરવેલો સુગંધી સફેદ ફૂલોનો ટૂંકો હાર પહેરેલો હતો. મને બહુ જ ખુશી થઈ. એને બધાંથી જુદો શોખ હતો, કશું અસામાન્ય કલ્પન હતું એનું. મનની મસ્તી પ્રમાણે વર્તવાની દિલેરી હતી એનામાં. આગળ જતાં બીજી પણ એક છોકરી જોઈ. એણે પેલી છડી હાથમાં રાખેલી હતી. એ પણ નોંધપાત્ર, શોખીન વર્તન હતું, કારણકે ફૂલોને હાથમાં લઈ ફરવા જેટલો શોખ, કે રસ, કે ધ્યાન પણ કોઈ છોકરી બતાવતી નહોતી.

ઉત્તર ટ્યુનિશિયામાં એક લાક્ષણિક દ્વાર





ટ્યુનિસના વિખ્યાત સંગ્રહાલય બાર્દોનો અંદરનો એક સુરમ્ય ચોક

ટ્યુનિસની સૂક ને મદિનાના ગુંચવાડામાં લોકો પોતપોતાનાં કામમાં, વ્યવસાયમાં શાંતિથી પરોવાયેલા રહેતાં દેખાયાં. મોટીમોટી શાળ પર સ્ત્રીઓ જાજમો વણતી હતી. પટુ આંગળીઓ ત્વરાથી દોરા સાંધતી ને કાપતી હોય, ને આપણે જોતાં જ રહી જઈએ. નાના ઓરડામાં કેટલાક યુવાનો બેસીને પિત્તળ પર કારીગીરી કરતા જોવા મળે. ઊંચું જોવામાં કે વાતો કરવામાં સમય બગાડવાની છૂટ નહીં. એક દુકાનમાં એક માણસ તાંબાના ઘડા પર કામ કરવામાં રત હતો. દરજીકામની ઘણી દુકાનો હતી. બીજી કેટલીકમાં 'બૂરાકા' વેચાતા હતા. ખૂબ ખૂલતા, માથું ઢંકાય તેવા ટોપાવાળા બૂરાકા પોષાક અને ઓઢવાનાનાં મિશ્રણ જેવાં આવરણ હોય છે. ગરમ કપડાનાં બનેલા હોય છે, અને શિયાળામાં પુરુષો એને ઓઢીને ફરે છે. મને થયું, મારે માટે એ પારંપરિક પોષાક સરસ ને સ્માર્ટ આધુનિક આચ્છાદન બની શકે, પણ એટલા એ વજનદાર હતા કે ઊંચકીને લઈ જવા અને પહેરવા પણ ન ફાવે. ચામડાનાં થેલા અને સપાટ વગેરેની પણ કેટકેટલી દુકાનો !

ગલીઓ વારંવાર આમ વળે ને તેમ વળે. સ્હેજ સ્હેજમાં ખૂણા પડી જાય. ક્યાંક વળી નાનકડા ચોગાન જેવી જગ્યા આવી જાય. એક વાર ફરતાં ફરતાં હું પાછલા કોઈ રસ્તે નીકળી આવી હતી, પણ પાછું મેં એ મુગ્ધકારી ચક્રવ્યૂહમાં ઝંપલાવ્યું હતું. અમદાવાદની શેરીઓ, પોળો, ખડકીઓ આવી જ સંકુલતા રચે છે. પણ ટ્યુનિસની મદિનાની સાંકડી શેરીઓ કેટલી ચોખ્ખી ને સૂકી હતી !પાણી કે કાદવ ક્યાંયે ન હતાં. વાસ પણ કશે એકવાર આવી , તે જ. જૂના જમાનાનાં મહેલો ને હવેલીઓ હવે ઑફિસો ને કાર્યાલયો તરીકે વપરાય છે. એમની દીવાલો સ્પેનિશ–અરબી ટાઈલ્સથી અલંકૃત છે, ટર્કીશ આકૃતિના કાચના ચિરાગ છત પરથી લટકે છે; સુંદર કોતરણીવાળી, સફેદ રંગેલી કમાનો અંદરના પ્રાંગણને શોભનીય બનાવે છે. આવા એક પુરાતન આવાસમાં માનવજાતિ સંબંધી સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યું છે. એમાં અમે રસપૂર્વક ગયાં. એના પ્રાંગણમાં એક કૂવો હતો–પુરાતન, પણ હજી વપરાશમાં. એમાં વરસાદનું પાણી ભેગું થાય છે, ને મીઠું હોઈ સ્વાદિષ્ટ ચ્હા માટે વપરાય છે. ચોતરફ વરંડો ને ઓરડાઓ હતા, જેમાં પારંપરિક વસ્ત્રો, આભૂષણો, સાજસામગ્રી, સ્નાનાગાર ને રસોડાને લગતી વસ્તુઓ ઇત્યાદિ સુરુચિપૂર્ણ રીતે પ્રદર્શિત કરાયાં હતાં. એ બધું અનતિદુરના અતીતમાં પ્રચલિત હતું. અરબી શૈલીનાં ઘણાં અલંકરણ આપણી આંખોને પરિચિત લાગે. ભરતકામ, ઘાટ, આલેખન ગમ્યાં પણ બહુ જ. લગ્ન સમયના પોષાક તો બેનમૂન હતા. એ આખું પ્રદર્શન નજીકના ભૂતકાળના સંદર્ભે હતું, તેથી એને માણવું સહેલું હતું.

ઇતિહાસનો ભાર લાગે તેવો, પણ સદંતર વારી જવાય તેવો, કળા-સંગ્રહ જોવા મળ્યો બાર્દો મ્યૂઝીઅમમાં. ત્યાં ટેકસીમાં પણ જવાતુ , પણ મારી ટેવ પ્રમાણે મને બસ લઈને જ જવાનું મન હતું. માહિતી મેળવતાં વાર કેટલી ? બસ નં. ૩ જતી હતી, તે લઈ લીધી. જ્યાં એ ખાલી થઈ જતી હતી તે વિભાગનું નામ જ 'એલ બાર્દો' હતું. બસ ટર્મિનલની સામે જાહેર ઉદ્યાન હતો. એમાં ટ્યુનિશિયાની લાક્ષણિક શૈલીવાળાં કમાડ, અને આગળ ટાઈલ્સની શોભાવાળી કમાનથી યુકત મસ્જિદ હતી. સાથે જ, દેશના ધ્વજ ફરકાવતી, સૈનિકોની હાજરી સાથેની એક સુંદર ઇમારત હતી. અમલદારોની અવરજવર ચાલતી હતી. પછી પૂછતાં જાણેલું કે એ મુખ્ય પ્રધાનની કારોબારીનું કાર્યાલય હતું. સાવ જાહેર જગ્યામાં એવી અગત્યની સરકારી ઉપસ્થિતિ જોઈને આશ્ચર્ય થયેલું.

આની બાજુમાં બાર્દો મ્યૂઝીઅમનું મકાન હતું. બહારથી સાવ સાદું લાગતું હતું, પણ અંદરથી ઘણા ચોક, ને ઘુમ્મટોવાળી આકર્ષક એની રચના હતી. એટલું મોટું હતું કે જાણે ઓરડાઓનો અંત જ નહોતો. પણ બહુ જ કાર્યનિપુણ એનું નિયોજન હતું. એક વિભાગમાંથી બીજામાં જવું સરળ હતું. સંગ્રહ મુખ્યત્વે ઇસ્લામી કળા, તથા રોમન કાળનાં કપચીચિત્રોનો બનેલો હતો; અને અસાધારણ સુંદર હતો. બાર્દો સંગ્રહાલયની સ્થાપના ૧૮૮૮માં થયેલી. સ્વાતંત્ર્ય મળ્યા પછી એમાં જરૂરી ફેરફાર, ઉમેરો અને સુધારા થતા ગયા. કેરોના મ્યૂઝીઅમની જેમ બાર્દો પણ આફ્રિકા ખંડમાંનું અતિસમૃદ્ધ કળાસ્થાન ગણાય છે. બાર્દોના અનેક ઓરડાઓમાં લાંબો ઇતિહાસ જાણ્યા-અજાણ્યા સર્જકોની પ્રતિભા દ્વારા છતો થાય છે. પ્રાગૈતિહાસિક, ગ્રીક, રોમન, ક્રિશ્ચિયન ને છેલ્લે અરબી-ઇસ્લામી શૈલી ઉત્તરોત્તર પ્રદર્શિત થતી આવે છે.

એક ઓરડામાં, આપણે ત્યાંના પાળિયા જેવાં લાગતાં, પથ્થર પરનાં કોતરામણ જોવાં મળ્યાં. બીજી સદીના એક નમૂનામાં ત્રણ ભાગ હતા : સૌથી નીચે, આખલાનો વધ કરતો માણસ, વચ્ચે બે હાથમાં દાડમ ને દ્રાક્ષ લઈને ઊભેલા દેવતાની આકૃતિ ; ને ઉપર, બ્રહ્માંડના પ્રતીક રૂપે એક વર્તુળ. આવા પ્રકારના સૂચનાત્મક અંકનવાળા આ 'પાળિયા' પ્યુનિક અને ગ્રીક રોમન માન્યતાઓના સમન્વય જેવા ગણાય છે, અને સંસ્કૃતિઓના ઇતિહાસના અભ્યાસ માટે ઘણું મહત્ત્વ ધરાવે છે.

ત્રીજી ને ચોથી સદીનાં કપચી-ચિત્રો જોઈને કોઈ આભું ના બની જાય એવું ના બને. દીવાલ પર જડેલાં આ ચિત્રોમાંનાં અનેક હજી અખંડ રહ્યાં છે. વિગતોની બારીકાઈની તો શું વાત કરવી ! સ્નાયુઓ, જાડા પેટના થર, મુખ પરની લાલી, આંખોમાંના ભાવ સુધ્ધાં, સ્પષ્ટ દેખાય વિષયો પણ અનેક : ખેતી, માછીમારી-એમાં જાળ નાં ચોકઠાં પણ હોય વહાણવટું-શઢ તો આબેહૂબ; પ્રાણીઓમાં વાઘ, ઘોડા, ભૂંડ, ગોધો, હરણ, કૂતરાં, શિયાળ, અને એક હૂબહૂ હાથી હતો. પંખીઓમાંના મોર બહુ સરસ હતા, એક જગ્યાએ તો કળા કરેલો બતાવ્યો હતો. જળચરોમાં માછલી, સાપ, કરચલા ઓળખાઈ આવે. ઉપરાંત, રથ, કિલ્લા, ઘર, મકાન, અને ફૂલ-વેલ, કિનાર, બુટ્ટા તો પાર વગરનાં. શું અતુલ્ય હતો એ કપચીકળાનો વિકાસ! દીવાલોની દીવાલો આ રીતે ભરેલી હતી, તો જમીન પર જડેલાં વિગતપૂર્ણ ચિત્રો પણ હતાં – કયાંક મોટા પરિમાણમાં અકબંધ, તો કયાંક વળી ટુકડારૂપે જ રહેલાં હતાં. એ આદિ જાતિઓનાં લોકો જ્યાં જ્યાં ગયાં ત્યાં ચિહ્નો મૂકતાં ગયાં. એમાંથી ઇતિહાસ રચાયો. પ્રાચીન જીવનોને, એ કપચી-ચિત્રો થકી હું જોતી હતી, સ્પર્શતી હતી, કયાંક એમની નિશાનીઓ પર ચાલતી હતી. પડતાં હશે કયાંય મારાં પગલાંનાં ચિહ્ન ?

યૂલિસીસની વિખ્યાત નૌકાસફરનું ભિત્તિચિત્ર અક્ષત-સુંદર હતું. વર્જિલની એક તરફ 'હિસ્ટરી' ને બીજી તરફ 'ટ્રેજડિ' સ્ત્રી-રૂપે ઊભાં હતાં. મદ્યના દેવતા બાક્કસના વિજયનાં તો ઘણાં આલેખન હતાં. સાગરના દેવ નેપ્ચ્યૂનને, ચારે બાજુ મૂકેલાં ૫૬ વર્તુળમાં એક એક લલના સાથે દર્શાવવામાં આવેલા. એ આખું વિરચન એક વિશાળ ઓરડાની ફર્શ પર જડાયેલું હતું.

મ્યૂઝીઅમનું એ મકાન ટ્યુનિસના એક સૂબાનો પ્રાસાદ હતો. એ જમાનાના ભાગના કક્ષની છતો રંગરંગીન અંકનવાળી, લાકડાની બનેલી હતી. પછીથી બનાવેલા ખંડોમાં મોટા ઘુમ્મટ હતા-જટિલ અરબી આકૃતિઓવાળા, અને સફેદ પ્લાસ્ટરના બનેલા. દીવાલો પર ટર્કીશ આકૃતિઓ વાળા ટાઈલ્સ જડેલા હતા. રંગો તો હમેશાં એ જ- પીળો, ભૂરો, લીલો, કાળો-જાંબલી . કમાનો, સ્તંભ, કોતરણીવાળા ઝરુખા, નાના ચોક, કયાંક નાનકડો ફુવારો – જાણે એ કોઈ અરબી રંગમહેલ હતો. આખું સંગ્રહાલય ખૂબ મોટું હતું, ને સંપૂર્ણપણે રસપ્રદ હતું. મેં તો પૂરતો સમય લીધો. એટલું જ નહીં, બધે બબ્બે વાર ગઈ ! એટલું બધું જોવાનું હતું, ને એટલું અભૂતપૂર્વ કે નીકળી જવું ગમતું નહોતું.

પાછી પણ બસ લઈને જ ગઈ. સાંજ પડવા આવેલી, તેથી ભીડ ખૂબ વધી ગઈ હતી. મને વળી બેસવાની જગ્યા મળી ગઈ. નિરાંતે બેસીને જાતજાતનાં લોકોને જોતી રહી. સ્ત્રીઓ અને પુરુષો-આધુનિક લેબાશમાં પણ હોય, ને ચુસ્ત પ્રણાલિ પ્રમાણેના પોષાકમાં પણ હોય. તળપદી જાતિઓથી બનેલો સમાજ હમેશાં સરસ વિવિધરંગી હોય છે, અને અનોખા પોતથી ભરચક હોય છે. એવું જ હતું ટ્યુનિશિયા. □

સંગ્રહાલય બાર્દોયાંનું, કપચીઓથી બનાવાયેલું, યુલિસિસની વિખ્યાત જયસફર દર્શાવતું એક ભિત્તીચિત્ર (નીચે) ટ્યુનિસના બાર્દો સંગ્રહાલયમાં પ્રાચીન કપચીકળામાં ઉપસાવેલો મોર. (જમણે).





મારી બા

કમલા પરીખ

કેટલાય સમયથી તું મારા ચિત્તાકાશમાં ઝબકી ઝબકીને સરી જાય છે. કેટલાં બધાં વર્ષો થયાં તને મળ્યાંને ! આજે તો તને મળવા મન તલપાપડ થઈ રહ્યું છે. મારા હૃદયમાં જાગેલી આ તમન્ના સફળ નહીં થાય શું ? અરે, પણ આ કોણ આંગણે આવતું દેખાય છે ? તું... બા... મારી... મારી બા, મારો સાદ સાંભળી આંગણે આવી ઊભી રહી ગઈ ! ઓહ, કેટલો આનંદ મારી નસેનસમાં ઊછળી રહ્યો છે ! શાં શાં સ્વાગત કરું તારાં એ સમજાતું નથી. પ્રથમ તો ઘણાં વર્ષોથી તારાં ચરણને સ્પર્શી નથી, તેથી ત્યાં માથું ટેકવી પ્રણામ કરું. આવ, મારા ઘરમાં તારાં કુમકુમ પગલાંથી પ્રવેશ કર. તને થશે કે તું આજે સો વર્ષની થવા આવી ત્યારે આ કુમકુમ પગલાં શાનાં ? પણ તને કહું, પિતાજીના પહેલાં તું ચૂડી, ચાંદલો અને ચૂંદડી સાથે સ્વર્ગે સીધાવી હતી તેથી જ તો તું સદા કુમકુમ પગલાંવાળી રહીને ? ચાલ, આપણે વાતો કરીએ. તું તો પ્રથમ વખત જ મારા આ ગૃહે આવી છે ને ? મને લાગે છે કે મારાં બીજા લગ્નથી નારાજ થયેલાં કુટુંબીજનોએ તને અહીં આવતી રોકી હશે. પણ આજે દેહના બંધનથી મુક્ત થયેલી તું આઝાદીના ઉમંગમાં અહીં આવવા સમર્થ બની છે. આવ, આ સોફા પર બેસ; અને હું તારા ચરણ પાસે બેસી તારા ખોળામાં માથું મૂકી વાત આદરીશ. બોલ, તને મારું આ ઘર ગમ્યું ? તારી આંખની ચમક અને ચહેરાની દમક કહી આપે છે કે તને ગમ્યું છે. કેવી લાગે છે તું ? આજે સો વર્ષે પણ પહેલાનાં જેવી જ. બેઠી દડીનું શરીર, અણિયાળી આંગળીઓ, ગોળ ચહેરો, ચહેરા પર સમયે પાડેલા કરચલીનાં નિશાન, રજતવર્ણા કેશ, કપાળમાં મોટો ચાંદલો, સાડલાના છેડાથી ઢંકાયેલું માથું, કપાળ વચ્ચે સ્પષ્ટ દેખાતી રેખાઓ અને મૃત્યુપર્યંત જળવાઈ રહેલી સ્હેજ ગુલાબી રંગથી રંગેલી દંતપંક્તિ. આજે વર્ષો પછી તારું આ સ્વરૂપ જોવા પામી.

મારું બાળપણ મને બહુ યાદ નથી, કેમ વીત્યું તેનું સ્મરણ નથી; પણ તું જરૂર યાદ છે. કિશોરાવસ્થામાં તારી ઝાંખી થવા લાગી હતી. તારો પ્રેમ કે લાડ ત્યારે પામી નહોતી. ત્યારે થતું કે બા બહુ લાડ કરતી નથી. થોડું ઓછું પણ આવી જતું, પરંતુ હવે સમજાય છે કે ચરોતરના પટેલની છ-છ દીકરીઓમાંથી મારા જેવી પાંચમા નંબરની દીકરીને લાડ શાં અને દુલાર શા ? સંસારની જવાબદારીઓમાં અટવાયેલી તું કોને કોને કઈ કઈ રીતે લાડ કરી શકે ? એટલે જ હવે રંજ રહ્યો નથી. ત્યારની તો તારી ધાક, ધમકી અને શિક્ષા બરાબર યાદ છે. તારો મિજાજ થોડો તેજ હતો ખરું ને ? એટલે શિક્ષા કરવા તું તારા હાથનો છૂટથી ઉપયોગ કરતી. એ પ્રસાદ ચાખવાનો લ્હાવો મને વધારે પ્રમાણમાં મળતો, કારણ મોટાબહેન પરણેલાં હતાં, તેનાથી નાનાં શરીરે એકવડા બાંધાનાં એટલે બચી જતાં, અને સૌથી નાનીબહેન તારી લાડકી દીકરી હતી. એટલે આપણે બંદા તારા હાથના ઝપેટામાં આવી જતાં. ક્યારેક પિતાજીનો પડતો તમાચો કાનનાં તમરાં બોલાવી જતો તો વળી તારો મજબૂત હાથ કેટલીયે વાર બરડો ખોખરો કરી નાખતો, પણ મારામાં રહેલી શક્તિઓ માર ખાવા છતાં મને જંપવા દેતી નહોતી. તેથી હું કંઈક ઉધામા અને તોફાન કરી લેતી. મહેનતથી તેં રોપાવેલાં મૂળા, મોગરી, કાકડી શનિરવિની રજાઓમાં છાનામાના બગીચામાં માળીની નજર ચુકાવી ખાવાની ખૂબ મઝા પડતી. એટલે બપોરે તું ઊંઘતી હોય ત્યારે હું તથા નાનીબહેન તારાં નસકોરાનું સંગીત શરૂ થતાંની સાથે જ ચૂકકીદીથી બગીચામાં ઘૂસી જઈ તારાં મૂળા, મોગરી અને કાકડીની જયાફત ઉડાવતાં પાછાં છાનાંમાનાં ઘરમાં ગોઠવાઈ જતાં અને જો પકડાઈ જઈએ તો તારી શિક્ષામાંથી છટકાય ખરું ? તારાં આપેલાં મૂળા-મોગરી કરતાં ચોરેલાં ખાવામાં ખૂબ મઝા પડતી. ત્યારે થતું કે તું શું કામ શિક્ષા કરતી હશે ? આ તે કાંઈ ચોરી કહેવાય ? પણ આજે ખયાલ આવે છે કે નાની ચોરીમાંથી મોટી ચોરી કરતાં ના શિખાય તેનો કક્કો તું શીખવાડતી હતી. વળી, ખાસ કરીને પટેલની દીકરી જન્મતાંથી સાથે સાસરું શબ્દ લઈને જ જન્મે છે. તેથી બચપણથી તેનું ઘડતર કરવાની જવાબદારી તું સમજી હોઈશ એમ મને હવે લાગ્યા વગર રહેતું નથી; એટલે જ તો ઉનાળાના વેકેશનમાં ચારચાર નોકરો હોવા છતાં નડિયાદમાં તું ઘઉંની સીઝનમાં અમને ઘઉં વીણવા બેસાડતી, આંબલી ભાંગી કચૂકા કાઢવા પણ બપોરે બેસાડી દેતી. ત્યારથી જ કામ કરવામાં આળસ ન કરાય તે પાઠ પાક્કા થતા જતા હતા.

તું તો સાવ અભણ હતી. તને તારું નામ પણ લખતાં નહોતું આવડતું. તને યાદ છે, એકવાર મેં તને પૂછેલું કે બા તું કેમ ભણી નહીં ? ત્યારે તારો જવાબ સાંભળી હું હસી પડેલી. તેં કહેલું કે નિશાળમાં માસ્તરે તને તમાચો માર્યો એટલે ગુસ્સામાં માસ્તરને 'સિલેટ' (તારા શબ્દોમાં લખું છું) મારી તું ઘેર ભાગી આવી. ત્યારથી નિશાળને રામ રામ કરી દીધા. પિતાજી તે જમાનામાં બી.એ. થયેલા અને તું સાવ અભણ ! તો પણ તમારો સંસારરથ સારો ચાલ્યો હતો. મેં તમને સુખેથી રહેતાં જોયેલાં છે. પિતાજીએ તે બાબતનો રંજ ક્યારેય કર્યો નથી. પણ સવારમાં અમદાવાદમાં પિતાજી સાથે શેતરંજી પર બેસી ચ્હા પીતાં તું શેરોના ભાવ પૂછતી ત્યારે તું જરાય અભણ લાગે નહીં, હોં ! તું ટાટા ડીફર્ડ, ટાટા ઑર્ડિનરી, સ્ટાન્ડર્ડ એમ ઘણા શેરોના ભાવ જાણતી. બીજા પણ ઘણા સમાચાર પિતાજી સમાચારપત્રોમાંથી તને વાંચી સંભળાવતા, તું ધ્યાનથી તે સાંભળતી અને ટીકાટિપ્પણી પણ કરતી.

તું અભણ હોવા છતાં પણ તારી કોઠાસૂઝ જબરી હતી. પિતાજી જ્યારે નડિયાદ ન્યૂ શોરોક મિલ્સમાં મૅનેજર તરીકે જોડાયા ત્યારે શેઠે પગાર ઉપરાંત રૂ. ૧૦૦ દર મહિને વધારાના આપેલા. દર વર્ષે શેઠ તરફથી બાર મહિનાનું અનાજ, મસાલા વગેરે ભરી આપવામાં આવતાં; કારણ મિલના વેપારીઓ અમારા રસોડે જમતા. દૂધ, શાક, ઘી, તેલ વગેરે પેલા રૂ. ૧૦૦માંથી વાપરવાની શરત હતી અને જો ૧૦૦ રૂપિયા ઉપરાંત ખર્ચ

થાય તો પિતાજીને પોતાના પગારમાંથી ઉમેરવાના અને બચે તો પગારપેટે લઈ લેવાના. ત્યારે બા, તારી કોઠાસૂઝ સરસ કામ કરી ગઈ. શેઠના વાડામાં એકબે ગાયો હતી, પણ તેં ધીમે ધીમે તેમાંથી દસેક ગાયો કરી અને ઘી, દૂધ, દહીં તથા છાશના પૈસા બચાવ્યા. તદુપરાંત કેટલીક પડતર જમીન હતી તે ફળદ્રૂપ કરી શાકભાજીનું વાવેતર કરાવ્યું. ગાયોનાં ખાણ માટે બાજરી વવડાવી અને આમ પેલા રૂ. ૧૦૦ અકબંધ પિતાજીના પગારમાં જમા થવા લાગ્યા. પુસ્તકિયું જ્ઞાન ન હોવા છતાં તારી કરકસરને દાદ દેવી પડે, હોં! કેટકેટલાં શાકભાજી મારી આંખો સામે તરવરે છે : દૂધી, મૂળા, મોગરી, કારેલાં, કાકડી, પરવળ, ટીંડોરાં, પાપડી, રીંગણ, ફ્લાવર, કોબીજ, ટામેટાં... અધધધ જોયું ને કેવો ચમત્કાર કર્યો હતો, તેં ! ટોપલેટોપલા શાક ઊતરતું, પણ તું ક્યાં નવા જમાનાની કેટલીક સ્ત્રીઓ જેવી હતી ? અત્યારે તો આટલાં શાક થતાં હોય તો કેટલીક સ્ત્રીઓ વેપાર પણ કરે છે, તને ખબર છે ? જો, તારા ચહેરા પર આશ્ચર્ય દેખાયું ને ? કારણ તને આવું કદાપિ સૂઝ્યું નહોતું. તું ક્યાં વેપારીવૃત્તિની હતી ? તું જાતે શાકભાજીના વાવેતરની સંભાળ રાખતી, પણ વેચવાનો વિચાર તેં ક્યારેય કર્યો નથી. હા, વહેંચવાનો લ્હાવો તેં જરૂર લીધો છે. તું વધારાનાં શાકભાજી નોકરોને, આજુબાજુના રહીશોને વહેંચી દેતી. તારી કોઠાસૂઝનો એક બીજો પ્રસંગ મને યાદ આવે છે. એકવાર કુટુંબમાં કોઈક લગ્નમાં આપણે વતન સોજિત્રા ગયેલાં... ત્યારે સ્ત્રીઓ આપણી જ્ઞાતિમાં જાનમાં જતી નહીં. તું લગ્ન નિમિત્તે બહારના કામમાં વ્યસ્ત હતી ત્યારે રાત્રે બીજાં કુટુંબીજનો અગાસીમાં ગાઢ નિદ્રાની મઝા માણી રહ્યાં હતાં. કામ પૂરું થતાં તેં ઘણી બૂમો પાડી પણ વ્યર્થ ગઈ. કોઈ બારણું ઉઘાડવા જાગ્યું નહીં. તું વિમાસણમાં પડી ગઈ. કારણ, તારા કાનમાં હીરાના કાંપ તેં પહેરેલા હતા. તું એકલી જ ઘરબહાર રહી ગઈ હતી. પુરુષો બહારગામ જાનમાં ગયેલા હોવાથી મહોલ્લામાં ગણ્યાગાંઠ્યા હતા. પણ તારી પેલી કોઠાસૂઝ ઝબકી ગઈ. પહેરેલા સાલ્લાનો છેડો ફાડી, તેમાં હીરાના કાંપ મૂકી, તેની પોટલી બાંધી જમીન પર એક ખૂણામાં નાનો ખાડો હાથથી કરી તેમાં પોટલી મૂકી, ખાડો પૂરી તેના પર પત્થર મૂકી તું ઓટલા પર નિશ્ચિંત બની સૂઈ ગઈ.. આ વાત તેં કરી ત્યારે, સાચું કહું, અમને લાગેલું કે આવો વિચાર આટલી ત્વરિત ગતિએ અમને કદાપિ ના આવે. વળી, ત્રીજો પ્રસંગ પણ તને યાદ કરાવું તારી કોઠાસૂઝનો. સોજિત્રામાં એક વાર રાત્રે ચોરે આપણે સૂતેલાં તે ઓરડાની બારી ખોલવા માટે હચમચાવી. તું જાગી અને સમજી ગઈ. ઘરમાં ત્યારે પણ પુરુષવર્ગ નહોતો. ફક્ત એક નોકર જ હતો; પરંતુ તારી કોઠાસૂઝ ફરીથી કામ કરી ગઈ. તેં ચારપાંચ નોકરોનાં નામ બોલી બધાને જગાડ્યા અને ચોર પોબારા ગણી ગયો !

તારે દીકરીઓનો વસ્તાર વધારે હતો. તેથી તેં સોનાનો સંગ્રહ કેવી રીતે કરેલો તે તું જ નહોતી કહેતી શું ? તારાં બાએ તને એક પાડી આપેલી તે અમદાવાદ સ્ટેશન પાસે આપણી ફાઈન મિલ્સ હતી ત્યાં તેં રાખી હતી, અને તેની દેખરેખ રાખવા એક રબારી પણ રાખેલો. જ્યારે તે પાડી ભેંસમાં પરિવર્તન પામી ત્યારે તેનાં દૂધમાંથી તેં પૈસા જમા કરી સોળ રૂપિયે તોલાના ભાવનું સોનું લેવા માંડેલું અને અમે ચારે બહેનોને દરેકને પચાસથી પંચોતેર તોલા સોનું આપેલું ! આ રીતે પિતાજીને મદદ કરી તેં એમની ચિંતા ટાળી હતી.

લગ્નગીતો પણ તું કેટલાં સરસ ગાતી ! યાદ કરાવું તને ? તો સાંભળ 'પાંચ કાગળ પાંચ કાગળ પાંચ દેશ મોકલો રે', 'મારો માંડવો મોગરે છાયો ને ફૂલડે ઓછાડીયો રે', 'દીકરી કાને કડી ને હાથે વીંટી હીરે જડી રે, દીકરી જઈ બેઠાં છે દાદાજીને ખોળે ચઢી રે' ...જોને તારું મુખ કેવું મલકી ગયું ! હજુયે મારા કાનમાં તારાં એ ગીતો રણકે છે. તારો એ વારસો તું મને આપતી ગઈ છે તેનો મને ખૂબ આનંદ છે, પણ તું જિંદગીની વાસ્તવિકતા પૂરેપૂરી સમજતી હતી. જ્યારે તારી દીકરીઓ શ્વસુરગૃહે પ્રથમ વખત વિદાય થતી ત્યારે મેં તને રડતી જોઈ નથી. પિતાજી દ્રવી જતા, તું ઢીલી થઈ જતી પણ હિંમતથી અમને આશ્વાસન આપતી કે દીકરી તો સાસરે શોભે એટલે રડાય નહિ. તું ઘણીવાર કોઈની દીકરી સાસરે વળાવાતી હોય ત્યારે પેલું ગીત ગાવાનો મને આગ્રહ કરતી, 'પરદેશી પોપટડો ઓ બહેની એમની સંગાથે શીદ જાવ છો રે, આવાં રૂડાં માતાનાં હેત રે ઓ બહેની એમની સંગાથે શીદ જાવ છો રે'. પણ હું એ ગીતની એક પંક્તિ પણ ગાઉં તે પહેલાં રડી પડતી. તું તરત શિખામણ આપતી, 'મેર ગાંડી રડે છે, શા માટે ? દીકરી તો સાસરે જ જાયને ?' અને અશ્રુના પડદા પાર કરી તારી હિંમત મારી આંખોને સ્પર્શી જતી. જ્યારે હું હંમેશાં માટે સાસરેથી પિતૃગૃહે પાછી ફરી ત્યારે પણ તેં એટલી જ હિંમત દાખવેલી. તારી વેદના અણકથી હતી છતાં તે કહ્યું હતું કે જો નવ મહિના દીકરી માના પેટમાં સમાઈ છે તો હાંડલીમાં નહીં સમાય ? તેં મને દુ:ખી થવા સાસરે ધકેલવાનો ક્યારેય પ્રયત્ન કર્યો નહોતો.

મારાં બીજા લગ્ન પછી આપણે વિખૂટાં પડી ગયાં. તને મળવાનું મને ઘણીવાર મન થતું પણ કુટુંબીજનોના કિલ્લામાં પુરાયેલી તને કેવી રીતે મળાય ! પણ એક વખત મહાદેવના મંદિર નજીક અચાનક આપણું મિલન થયું. તું મોટરમાં બેઠી હતી. મારા ભાઈ મંદિરમાં દર્શન કરવા ગયા હતા. આપણી દૃષ્ટિ મળી. તારી આંખોની વાચા સમજી હું તને મળવા દોડી આવી. તેં મારા ખબરઅંતર પૂછ્યાં', જેના જવાબમાં મારા ચહેરાની સુરખી જોઈ તું સમજી ગઈ કે હું સુખી છું. તારા ચહેરા પર સંતોષ છવાયો. હજુ આપણે ઘણી વાતો કરવી હતી પણ તું વારંવાર મંદિરના ગર્ભદ્વાર તરફ જોતી હતી તેથી હું કળી ગઈ કે વધારે વખત તારી પાસે ઊભા રહેવામાં તને કદાચ મુશ્કેલી થશે. મેં વિદાય લીધી. આપણી બન્નેની આંખોમાં વિયોગની વેદના છવાયેલી હતી. તું લાચારી અનુભવતી હતી અને હું ગાયથી વિખૂટી પડેલી વાછરડીની જેમ તણાતી જતી હતી. મારી દશા પાર્વતી જેવી થઈ હતી. ન આગળ ડગ મંડાતાં ન પાછાં પગલાં ભરાતાં.. તારી દૃષ્ટિથી ઓઝલ થઈ ત્યાં સુધી પાછું વળી તને જોતી હતી. આજે પણ એ ઘડી યાદ આવતાં આંખો ભરાઈ જાય છે.

ચાલ, બીજી વાતો કરીએ. અથાણાં, પાપડ, વડી, મઠિયાં, મગસ – આ બધું બનાવવાની તારી આવડત અને ફાવટ પણ પ્રશંસનીય હતી. તારાં લીંબુ અને મરચાંના તેમજ દાબડાં કેરીના અથાણાનો સ્વાદ હજુ સુધી દાઢમાં રહી ગયો છે. રાંધણ છઠને દિવસે રાત્રે બાર વાગ્યા સુધી દૂધપાક બનાવતી તું હજુયે મને દેખાય છે. આવાં વ્રત તું કરતી હતી, પણ મને લાગે છે કે શ્રદ્ધાથી નહીં પરન્તુ બીકથી તું કરતી હોઈશ; કારણ તને મેં કદાપિ માળાના મણકા ફેરવીને પ્રભુનામ રટતી જોઈ નથી. પિતાજી પ્રાણાયમ કરે, શ્લોક બોલે, સૂર્યાંજલિ અર્પે, સંધ્યા કરે; પણ તું તો ભગવાનની તસ્વીર પાસે બેઠી જ નથી. કદાચ તને આ બાહ્યાચાર લાગતા હશે. જો કે નડિયાદમાં રોજ સવારે તું સંતરામ મંદિરમાં પુષ્પહાર લઈને જતી ખરી, પણ મારું મન સાક્ષી પૂરે છે કે તું શ્રદ્ધાથી નહીં પરંતુ બીજી સ્ત્રીઓનો સહવાસ મળે અને બહાર જવાનું મળે એ આશયથી જતી હશે. બ્રાહ્મણોને દાન આપવાની તું સખત વિરોધી હતી. તારા મૃત્યુ બાદ મરણોત્તર ક્રિયામાં બ્રાહ્મણને આપવાના પૈસા ચારેય દીકરીઓને આપવા એવો તારો અભિપ્રાય હતો. હજી પણ જે અંધશ્રદ્ધા મને જોવા મળે છે તે એ જમાનામાં તારામાં નહોતી તેનો મને ગર્વ છે. તું ખરેખર સાચી શ્રદ્ધાવાન હતી. તને ઘણીવાર હું તુલસીકૃત રામાયણ વાંચી સંભળાવતી, પણ તને શ્રદ્ધા કરતા એના વાર્તાતત્ત્વમાં મજા પડતી હશે એમ મને લાગે છે.

દીકરા-દીકરીમાં તેં ક્યારે પણ ભેદ રાખ્યો નહોતો. અમારો ભાઈ-બહેનોનો ઉછેર સરખી રીતે થયેલો. પિતાજીએ અમને શિક્ષિત કર્યાં તેમાં તારો પૂરો સહકાર હતો. તને મનમાં ડર હતો કે દીકરીઓ બહુ ભણશે તો ભણેલા વર શોધવાની મુશ્કેલી પડશે. છતાં તે જમાનામાં એટલે કે ૧૯૩૭માં અમને સહશિક્ષણની સરકારી શાળામાં ભણવા માટે તેં જરા પણ આનાકાની કરેલી નહિ. તને દીકરીઓનો ભાર લાગતો નહોતો, પણ લગ્ન વખતની દહેજની સમસ્યાનો ખયાલ તને અકળાવતો. તેં બે દીકરા પરણાવેલા, પણ તેનું દહેજ લીધેલું નહોતું. દીકરીઓના વિવાહ કરતી વખતે જ્યારે કદીક દહેજની માંગણી કોઈ કરતું ત્યારે તું વ્યથિત થઈ જતી અને બોલતી કે 'હે ભગવાન, ચરોતરના પટેલની ન્યાતમાં દીકરીનો અવતાર ના આપતો.' વળી, જયારે કોઈ સ્ત્રી વિધવા થતી અને તેના કેશ ઉતારી લેવામાં આવતા ત્યારે પણ તું ખૂબ અકળાતી અને કહેતી કે 'આ શિક્ષા ફક્ત સ્ત્રીને શા માટે ? પુરુષને પણ સ્ત્રીની જેમ શિક્ષા કરવી જોઈએ.' આમ તું તે જમાનામાં પણ સમાજસુધારક જેવા વિચારો ધરાવતી.

તું એકવાર વાત કરતી હતીને કે જ્યારે પિતાજી પરદેશ ગયેલા ત્યારે સંયુક્ત કુટુંબમાં રહેતી તને (મારાં દાદીમા તો ત્યારે મૃત્યુ પામેલાં) અન્ય સ્ત્રી સભ્ય દ્વારા ભૂખ વેઠવાનું દુ:ખ પડેલું તેથી જ તો તેં તારા દીકરાની વહુઓને ખાવાનું દુ:ખ આપ્યું નહોતું. તેઓ જમવા બેસે ત્યારે તું રસોડામાં જોવા ગઈ નથી. કેટલીક વાર વીતેલાં દુ:ખના પ્રત્યાઘાતરૂપે વ્યક્તિ અન્યને વધારે દુ:ખ આપતી હોય છે, પણ તું માનસશાસ્ત્રનો 'મ' પણ જાણતી નહોતી, છતાં માનવીનાં મનની અગાધતા કેવી સમજી હતી ! તારાં પોતાના બા દિવાળીબા તારા પિતાનાં મૃત્યુ બાદ તેમના પિયર ચિત્રાસર રહેતાં હતાં, જ્યાં આદર્શ દીકરી બની સહુને મદદગાર થતાં એ વાત તેં જ મને એકવાર કરેલીને ? છપ્પનિયા દુકાળમાં મારાં એ દાદીમાએ કેટલાંયે કુટુંબોને પોતાના ખેતરમાંથી આવેલું અનાજ પહોંચાડેલું. તે જ માની તું દીકરી, એટલે લોહીની સગાઈએ તારામાં પણ એ સંસ્કારો ઊતર્યા અને એ વારસો જાળવવાનો તું અમને પણ સોંપતી ગઈ છે.

જ્યારે દાદીમાને સંગ્રહણી થઈ ત્યારે તું તેમને અમદાવાદ લઈ આવેલી અને મરણપર્યંત તેમના ઝાડોપેશાબ જાતે સાફ કરી ચાકરી કરેલી. તેવી જ ચાકરી તેં મારા દાદા ઇશ્વરભાઈની કરેલી. મારા મામા તો મામીને નિ:સંતાન મૂકી યુવાન વયે મૃત્યુ પામેલા અને મામી તેમના પિતા સાથે રહેતાં. પણ તેમના પિતાના મૃત્યુ બાદ મામી તેમના ભાઈ સાથે ના ફાવતાં વસો પોતાના ઘરમાં રહેવા ગયાં. તને સમાચાર મળ્યા કે મામી એકલવાયાં અને આર્થિક સંકડામણમાં છે કે તરત જ તેં પત્ર લખાવી તેમને અમદાવાદ તેડાવી લીધાં. મૃત્યુપર્યંત આપણે ઘેર જ એ રહ્યાં. તેઓ વૈષ્ણવ સંપ્રદાયના હતાં તેથી ઠાકોરજી રાખતાં અને સેવા કરતાં તથા પ્રસાદ ધરતાં. તું એમાં માનતી નહોતી અને તને એ ગમતું પણ નહોતું, છતાં સહી લેતી એ તારા દિલનું ઔદાર્ય હતું.

માનસશાસ્ત્રનો વ્યવહારુ ઉપયોગ તારામાં ઘણીવાર જોવા મળતો. મારાં મોટા ભાભીને એક દીકરી પછી લગભગ સોળ વર્ષે સુવાવડ આવવાની હતી. ત્યારે તેં એમને ખૂબ સાચવ્યાં હતાં. તું વૃદ્ધાવસ્થાએ પહોંચી ચૂકી હતી પણ અમદાવાદની વી. એસ. હૉસ્પિટલમાં તેમની પ્રસૂતિ સમયે તું હાજર રહી હતી. રાત્રે બાર વાગે દીકરો અવતર્યો. તું તો રાજીના રેડ થઈ ગઈ હતી. હું તે વખતે તારી સાથે હતી, તેથી તારા ચહેરાના ભાવ ઓળખી ગઈ હતી. તું કહેતી કે ચક્રવૃદ્ધિ વ્યાજ ખૂબ વ્હાલું લાગે. તારે ત્યાં રાત્રે બાર વાગે એ ચક્રવૃદ્ધિ વ્યાજ ઊતરી આવ્યું હતું. તારો હરખ માતો નહોતો. પણ થોડા સમય બાદ બાળક ભૂરું પડી ખૂબ રડવા લાગ્યું. નર્સ ત્યાંથી તેને લઈ ગઈ અને તારો એ પૌત્ર તને આનંદની થોડીક લ્હેરખી આપી જગતમાંથી ઘડીકમાં વિદાય થઈ ગયો. પેલો હરખ વેદનામાં પલટાઈ ગયો. છતાં એ વેદના અને ડૂમાને હૈયામાં ધરબી તેં ભાભીના મનને માનસશાસ્ત્રીય રીતે ઘડવા માંડ્યું. તું બોલી કે, વહુ, દીકરા જન્મે ત્યારે હરખાઈ ન જવાય; કારણ દીકરા જન્મ્યાની કે જીવવાની નવાઈ નથી પણ સારા નીવડવાની નવાઈ છે. જો નાપાક દીકરા પાકે તો તે જીવે તો ય શું અને મરે તો પણ શું ? તેવા દીકરા હોય કે ના હોય બધું સરખું જ છે. એવા દીકરા ભગવાન ઉઠાવી લે તો હરખશોક ના હોય.' કેવી હતી તારી એ અનુભવવાણી ! તેં તરત જ નડિયાદથી મોટીબહેનને બોલાવી લીધાં અને તેમની મારફતે ભાભીને નવજાત પુત્રનામૃત્યુના ખબર આપ્યાં. પણ જ્યારે તું બપોરે ઘેર આવી ત્યારે ચોકમાં બેસી પૌત્રના મૃત્યુ પર કેટલું આક્રંદ કરેલું ? હજુયે તારા એ શબ્દો મારા કાનમાં પડઘાય છે, પણ જ્યારે તું ભાભી પાસે હૉસ્પિટલમાં

પહોંચતી ત્યારે સ્વસ્થ હોવાનો દેખાવ કરતી. ભાભીના મનને ઘડવાની તારી આવડતની આજે પણ હું પ્રશંસા કરું છું.

પિતાજી નડિયાદથી મુંબઈ ગયા ત્યારે મોટા બંગલામાંથી મુંબઈના નાના ફ્લૅટમાં તને અકળામણ થતી. પણ તું ત્યાં ધીમે ધીમે ગોઠવાઈ ગઈ. નડિયાદમાંથી જ તેં રસોઈયાને વિદાય કરી દીધો હતો, કારણ અમને હવે રસોઈમાં તારે ઘડવાનાં હતાં. એટલે મુંબઈમાં તેં અમારે માથે રસોડું નાખી દીધું, અને એ સારું થયું જેથી અમે ઘડાયાં. ભાભી ઘરમાં હોવા છતાં ખાસ કરીને મારે રસોઈ સંભાળવી પડતી. ત્યારે તોફાનમાં રાચતી મને એ કઠતું, પણ હવે ખયાલ આવ્યો કે તું મારું ઘડતર કરી રહી હતી. પિતાજી નોકરીમાંથી સાંજે સાત વાગે આવે, પણ તું છ વાગ્યાથી ગૅલેરીમાં સ્ટૂલ પર ગોઠવાઈ જઈ તેમની રાહ જુએ અને ત્યારે તારી વિનોદવૃત્તિ પણ ખીલી ઊઠે, જેની ઝલક અમે માણતાં. એકવાર એક યુવાન પારસી દંપતી ફરવા નીકળેલું અને દોઢેક માસનું બાળક પતિએ હાથમાં ઊંચકેલું. તેને ઊંચકતાં ફાવતું નહોતું, જ્યારે પત્ની હાથમાં હાથ પરોવી સાથે ચાલે. પતિ બે જવાબદારી સંભાળતા મૂંઝાતો હોય તેમ લાગે. આ દૃશ્ય જોતાં તારી રનિંગ કોમેન્ટ્રી (ચોથા માળે બેસીને) તું શરૂ કરે કે 'અરે ભલા આદમી, આવડું નાનું છોકરું શીદને ઊંચક્યું છે ? તને નહીં ફાવે અને પડી જશે તો ?' પછી પેલી સ્ત્રીને ઉદ્દેશીને બોલી કે,'અરેરે, ધણી પાસે છોકરું ઊંચકાવી હાથમાં હાથ નાખી ચાલતા શરમાતી નથી ? છોકરું પડી નહીં જાય ? બાઈ, આ તો જબરી ફેશન કહેવાય ?' અને અમે હસી પડતાં.

ઘણાં વર્ષો બાદ મેં ફરી અભ્યાસ શરૂ કર્યો ત્યારે તું મને હિંમત આપતી. મારું પરિણામ આવે ત્યારે તું કેટલી આતુર બની જતી ! અને જ્યારે મારી અધ્યાપિકા તરીકે કૉલેજમાં નિમણૂક થઈ ત્યારે તારા હરખનો પાર નહોતો. એ બધું યાદ આવે છે. પણ જ્યારે તું છેલ્લે મરણપથારીએ હતી ત્યારે મને તને મળવાની ખૂબ ઇચ્છા હતી. મારે મારી બાને મળવું હતું, તને જોવી હતી. મેં પિતાજીને પત્ર લખી તને મળવા માટે પરવાનગી માગી, પણ મારાં બીજાં લગ્નથી નારાજ થયેલા પિતાજીએ જવાબ જ ના આપ્યો. હું ઝૂરતી હતી. મારી ઉત્કટ ઇચ્છા સંતોષવા હું આપણા બંગલાના પડોશીને ત્યાં ગઈ અને તેમના પૉર્ચમાં ઓટલા પર ચઢી. તારા ઓરડાની બારી ખુલ્લી હતી. તું પથારીમાં ઓઢીને સૂતી હતી. તને જોઈ મન દુ:ખી દુ:ખી થઈ ગયું. ઘડીક તો થયું કે કૂદકો મારી, તારી જાળીએ ચઢી, તને બોલાવું; પણ એ ના થઈ શક્યું. તને જોયા જ કરી અને મળ્યાંનો સંતોષ લઈ પાછી ફરી. તું અવસાન પામી ત્યારે મને કોઈએ ખબર ના આપી. બીજા દિવસે ખબર પડતા હિંમતથી હું પિતાજીને જોવાની લાલચથી ગઈ. તારાવિહોણું ઘર અને લકવાગ્રસ્ત પિતાજીને જોતાં જ ભાંગી પડી. ઘેર આવી હૈયાને આંખ વાટે વહેતું મૂકી દીધું.

હું તો તારા જિવાતા જીવનમાંથી ઘણું પામી છું. તારા લોહીમાં રેહલી સંસ્કારિતાએ મારા જીવનને ઊજળું બનાવ્યું છે. તારો એ વારસો જાળવવા હું પ્રયત્ન કરી રહી છું. તારી હું કેટલી ઋણી છું ! આપણે કેટલાં બધાં વર્ષો પછી આજે મળ્યાં છીએ ! હું જે બોલું છું તે તું સાંભળે છે ને ? પણ તારા ચહેરા પર કંઈક અવનવા ભાવ કેમ દેખાવા લાગ્યા ? હા, મને સમજાયું. તારે હવે જવાનો સમય થયો લાગે છે. તારી આંખો કહે છે કે તારે જવું પડશે; કારણ હવે તું ક્યાં દેહધારી રહી છે ? તું તો મારી કલ્પનાના ફલક પર આવી હતી તો મારાથી પણ તને કેમ રોકી શકાશે ? ફરીથી આપણા વિયોગની ઘડી આવી ગઈ. હવે તો મળવાનો સંભવ લાગતો નથી. કદાચ સ્વર્ગમાં ફરીથી મળી શકાય તો ? પણ જતાં પહેલાં તારા ખોળામાં મૂકેલા મારા મસ્તક પર તારો મમતાભર્યો હાથ પસવારી મારી વર્ષોની તરસ મીટાવતી જા. હાશ, કેટલી શીતળતા છે તારા હસ્તસ્પર્શમાં ! તારે હવે જવું છે ને ? તો બા, જા. તને હું કઈ રીતે બાંધી શકું ? તને જતી જોઈ રહીશ, મિલનની પળો વાગોળતી રહીશ અને ગણગણતી રહીશ 'બા, હાથ ફેરવી તું વહી ગઈ, મીઠાં સંભારણાં મેલતી ગઈ.' ❑

રોમૅન્ટિક કવિઓ

વર્ડ્ઝવર્થ

ડૉ. મધુસૂદન પારેખ

વર્ડ્ઝવર્થ ઈ. ૧૭૯૭માં પ્રથમવાર કોલરિજને મળ્યો એ એના જીવનની એક મોટી ઘટના કહી શકાય. આ મુલાકાત પૂર્વે વર્ડ્ઝવર્થ ફ્રેંચક્રાંતિ, ઇંગ્લન્ડમાં રાજકીય પરિસ્થિતિ, રાજ્ય સાથેના તેના માનસિક સંઘર્ષો વગેરેના અનુભવોથી ઘેરાઈ ગયો હતો. ફ્રેંચ ક્રાંતિમાં તેણે માનવ સ્વાતંત્ર્યનો મહિમા જોયો, પણ જ્યારે આ ક્રાંતિ પણ રાજાશાહી તરફ વળી ગઈ ત્યારે તેનાં સ્વપ્નાં ખંડિત થઈ ગયાં. વર્ડ્ઝવર્થનું ભાવનાજગત એક પછી એક પ્રબળ આઘાતોથી વેરવિખેર થઈ ગયું. ઘોર નિરાશાના કપરાકાળમાં એનાં હૃદયમનને ફરી સ્વસ્થ બનાવવામાં , એના કવિ આત્માને ફરી ગુંજતો કરવામાં બે વ્યક્તિઓનો કીમતી ફાળો હતો. એમાં એક હતી એની બહેન ડોરોથી (Dorothy). કવિ વર્ડ્ઝવર્થના સર્જનાત્મક આનંદમાં તે સદાય સહભાગી રહેતી. એક રીતે કહીએ તો કવિના જીવનની સંજીવની હતી. પોતાના જીવન પરના એના પ્રભાવનું કવિએ પ્રેલ્યુડ(Prelude)માં સુંદર વર્ણન કર્યું છે.

like a brook
That did but cross a lonely road, and now
Seen, heard and felt, and caught at every turn,
Companion never lost through many a league,
Maintain'd for me a saving intercourse
With my true self,

કવિ કોલરિજની અસર જુદા પ્રકારની હતી. વર્ડ્ઝવર્થને તેણે બૌદ્ધિકતાની દિશા બતાવી. કવિતા અને વિવેચનની બાબતમાં તેણે વર્ડ્ઝવર્થ આગળ પોતાનો નવો બૌદ્ધિક અભિગમ રજૂ કર્યો. વર્ડ્ઝવર્થના ચિત્તની ક્ષિતિજો કરતાં કોલરિજના ચિત્તની ક્ષિતિજો વિશાળ હતી. વર્ડ્ઝવર્થના ચિત્તના પ્રકૃતિ સાથેના તાદાત્મ્યે કોલરિજની કલ્પનાઓને નવી ચાલના આપી. આમ, બંને કવિનું મિલન અંગ્રેજી કવિતાસાહિત્ય માટે ફળદાયી બની રહ્યું.

વર્ડ્ઝવર્થ, ડોરોથી અને કોલરિજની મૈત્રી એટલે ત્રણ દેહની એકાત્મતા. એમની કવિતા અને એનાં પ્રયોજન, ફિલસૂફી વગેરેની ચર્ચામાંથી લિરિકલ બેલડ્ઝ (Lyrical Ballads)નો ઉદ્ભવ થયો– ૧૭૯૮માં. અલબત્ત, આ પ્રથમ આવૃત્તિમાં બેમાંથી એકેય કવિનું સંપાદક-લેખક તરીકે નામ નહોતું.

વર્ડ્ઝવર્થની સાચી કવિપ્રતિભા આ પુસ્તક પ્રકાશનથી જ પ્રકટવા માંડી. ઈ. ૧૮૦૦માં તેની બીજી આવૃત્તિ માત્ર વર્ડ્ઝવર્થની સહીથી પ્રકાશિત થઈ. 'લિરિકલ બેલડ્ઝ'માં વર્ડ્ઝવર્થનાં નીવડેલાં કાવ્યો તો છે જ (કોલરિજનાં પણ ખરાં) પણ કવિતા વિશે વર્ડ્ઝવર્થનું આમુખરૂપે લખાયેલું જાહેરનામું પણ બહુ મહત્ત્વનું છે. ૧૮૦૨ની ત્રીજી આવૃત્તિમાં કવિ પોતાના જાહેરનામાને વિસ્તૃત કરે છે એટલું જ નહિ, પણ કાવ્યબાની (Poetic Diction) વિશે નવું પરિશિષ્ટ ય ઉમેરે છે. સરળતા અને નક્કર ભાવકને સ્પર્શી શકે તેમ છે; જો કે કેટલીક વાર સાદાં કથનો સાવ અર્થહીન (trivial) પણ બની જતાં લાગે છે. બેલડ્ઝમાં લ્યુસી ગ્રે' (Lucy Gray) જેવા કાવ્યમાં વર્ડ્ઝવર્થ જૂની , સાવ લોકપરિચિત કથામાં પણ પોતાની આગવી પ્રતિભા દર્શાવી શક્યો છે. એમાં સાદગી આકર્ષક બની રહે છે અને કથાનું જોમ જળવાઈ રહે છે. એની વર્ણનકળા આ પ્રકારનાં કેટલાંક કાવ્યોમાં વાચકને સંતોષ આપી જાય તેવી છે. બેલડ્ઝમાં કથાવસ્તુ પ્રત્યે તેની સીધી નજર અને ગતિ નોંધપાત્ર છે તેમ છતાં વર્ડ્ઝવર્થને આધ્યાત્મિક ચિંતનો, નૈતિક વલણો વગેરે સ્વભાવગત હોવાથી અને બેલડ્ઝમાં આ બધાં માટે ખાસ અવકાશ નહિ હોવાથી એની કળા અહીં એકંદરે ઊણી ઊતરે છે.

વર્ડ્ઝવર્થનું 'લિરિકલ બેલડ્ઝ' પ્રકાશિત થયું એ ઘટનાને કેટલાંક વિવેચકો રોમૅન્ટિક હિલચાલ (movement)ની સાચી શરૂઆત ગણાવે છે. એનું એક કારણ એ પણ છે કે એમાં કવિ કોલરિજનું અતિભૌતિક તત્ત્વોથી મુકત અને ચમત્કારો નિરૂપતું એન્શાન્ટ મૅરિનર (Ancient Mariner) સમાવિષ્ટ હતું. તદુપરાંત નીચલા થરનાં (humble) પાત્રોનું આલેખન ભાષાની સાદગી વગેરે વર્ડ્ઝવર્થનાં કાવ્યોમાં ધ્યાન-પાત્ર બની રહ્યાં હતાં. એવાં કેટલાંક લક્ષણો પણ વિવેચકોને રોમૅન્ટિક હિલચાલની પ્રતીતિ કરાવનારાં હતાં. પણ વર્ડ્ઝવર્થની કાવ્યબાનીની બીજા રોમૅન્ટિક કવિઓ પર નહિવત્ અસર પડી જણાય છે - વર્ડ્ઝવર્થનો જૂની લોકકથાઓમાં- બેલડ્ઝમાં રસ એ રોમૅન્ટિક વૃત્તિનું પરિણામ ભલે હોય તો પણ વોલ્ટર સ્કૉટે જે પ્રબળ રીતે પોતાનું રોમૅન્ટિક વલણ એનાં બેલડ્ઝમાં પ્રકાશિત કર્યું છે એ કવિ વર્ડ્ઝવર્થમાં નથી.

વર્ડ્ઝવર્થની કલા જો મનભર ખીલતી હોય તો તેનાં ઊર્મિકાવ્યોમાં, ચિંતનાત્મક કાવ્યોમાં. એવાં કેટલાંક ચુનંદાં કાવ્યોમાં 'માઈકલ' (Michael) 'રિઝોલ્યુશન એન્ડ ઈન્ડિપેન્ડન્સ' (Resolution and Independence) લ્યુસી વિશેનાં કાવ્યો 'ધી ઓલ્ડ કમ્બરલેન્ડ બેગર' (The old Cumberland Beggar), 'ઈમોર્ટાલિટી ઓડ' (Immortality Ode), 'વેસ્ટમિન્સ્ટર બ્રિજ' (Westminster Bridge), 'ઈડિયટ બોય' (Idiot Boy), 'ધ સોલિટરી રીપર' (The Solitary Reaper), ગણાવી શકાય. અલબત્ત, યાદી હજી વિસ્તારી શકાય. અહીં તો માત્ર નમૂના દાખલ કેટલાંક કાવ્યોનો નિર્દેશ કર્યો છે.

એમાંય વર્ડ્ઝવર્થની અકૃત્રિમ સરળતા અને પ્રાસાદિક શૈલીનો પૂરતો પરિચય પામવા માટે એનું સારી એવી લોકચાહના મેળવી ચૂકેલું 'ધ સોલિટરી રીપર' લક્ષમાં લેવું જોઈએ. ૧૮૦૫ની ચોથી આવૃત્તિમાં એના દીર્ઘ આત્મકથનાત્મક કાવ્ય 'પ્રેલ્યુડ'નો પણ સમાવેશ થાય છે, ને ૧૮૦૭માં તો બે ગ્રંથોમાં વર્ડ્ઝવર્થની પ્રતિભાનો ચમકાર દર્શાવતી કેટલીય કૃતિઓ સમાવિષ્ટ થાય છે. ઈ. ૧૭૯૭ થી ૧૮૦૭ સુધીનો દસકો એટલે વર્ડ્ઝવર્થની સર્જકપ્રતિભાનો મધ્યાહ્ન.

વર્ડ્ઝવર્થ 'લિરિકલ બેલડ્ઝ'દ્વારા પરંપરાગત પદ્ધતિની કવિતાના વાચનથી ટેવાયેલા વાચકવર્ગને કવિતામાં વિષય અને રજૂઆતની બાબતમાં નવો અભિગમ પોતે અપનાવ્યો છે એ બાબત પડકાર ફેંક્યો છે. પ્રસ્તાવનામાં તેણે ખાસ નોંધ્યું છે કે કાવ્યની સામગ્રી માનવ ચિત્તને રસપ્રદ નીવડે તેવા કોઈ પણ વિષયમાં શોધી શકાય. તેણે પોતાનું મંતવ્ય સમજાવતાં નોંધ્યું છે કે આ કાવ્યરચનાઓ સમાજના મધ્યમ અને નીચલા થરનાં લોકોની બોલાતી ભાષામાં પણ કેવો કાવ્યાનંદ આપી શકે તેમ છે તે નિશ્ચિત કરવા માટેના પ્રયોગો છે :

The principal object, then , proposed in these poems was to choose incidents and situations from common life and to relate or describe them, throughout, as far as was possible, in a selection of language really used by men, and at the same time, to throw over them a certain colouring of imagination, whereby ordinary things should be presented to the mind in an unusual aspect.

કવિ તરીકે વર્ડ્ઝવર્થનો ભાર એ વાત પર છે કે કવિ ઈંદ્રિયગમ્ય જ્ઞાન અને લાગણીની ક્ષણોનો જે હેવાલ આપે છે તે અવશ્ય આનંદદાયક હોય છે. આનંદ એ તો વિશ્વનો કેન્દ્રીય સિદ્ધાંત છે અને બાહ્ય પ્રકૃતિ તથા માનવ ચિત્ત વચ્ચેનો સહયોગ આનંદનો અનુભવ જ પ્રકટ કરે. જેમ આનંદ તેમ બંધુત્વ-સંબંધત્વ અને પ્રેમ (Relationship and love) એ વર્ડ્ઝવર્થની કવિતામાં ચાવીરૂપ શબ્દો છે. વ્યક્તિ, પ્રકૃતિ અને માનવજીવન સંબંધાયેલાં છે. આ સંબંધ સમજાય તો માનવમાનવ વચ્ચે ભાઈચારો વધે અને વિશ્વમાં પ્રસરી રહેલા આનંદમાં માનવજાત સહભાગી બની શકે. 'લિરિકલ બેલડ્ઝ'નાં કાવ્યોને માણી શકવા માટે વર્ડ્ઝવર્થની આ દૃષ્ટિ મહત્ત્વની છે.

વર્ડ્ઝવર્થે ખેડેલા કાવ્યપ્રકારોમાં કથાત્મક, ઊર્મિકાવ્યો, કરુણ પ્રશસ્તિ અને સૉનેટ મુખ્ય છે. એની વર્ણનાત્મક કવિતા કેટલીકવાર હિરોઈક મીટરમાં રજૂ થઈ છે અને કેટલીકવાર કથાત્મક રૂપે પણ લખાઈ છે. એનાં કથાત્મક કાવ્યોમાં, અલબત્ત, સ્કોટની એ પ્રકારની કવિતામાં જોમ અને ઝળહળાટ મળે છે તે નથી, પણ એમાંની અહીં કવિને નથી કોઈ પ્રસંગવર્ણનની ઇચ્છા કે નથી કોઈ નીતિબોધ તારવવાની વૃત્તિ. બસ, ખેતરમાં અનાજ લણતી એક ગ્રામ-કન્યાને તે જુએ છે, એનું મધુર ગીત સાંભળે છે. એ ગીતનો અર્થ તો તેને સમજાય તેમ નથી, છતાં આ અનુભવ કવિના ચિત્તમાં અંકાઈ જાય છે :

A voice so thrilling ne'er was heard
In spring-time from the cuckoo-bird
Breaking the silence of the seas
Among the farthest Hebrides.
Will no one tell me what she sings ?
Perhaps the plaintive numbers flow
For old, unhappy far-off things
And battles long ago;

એનાં લ્યુસી કાવ્યમાં પણ એવી જ સરળતા, મુલાયમતા અને પ્રાસાદિકતા છે. પણ વર્ડ્ઝવર્થની કવિપ્રતિભાનાં કાવ્યો તો 'પ્રેલ્યુડ' અને 'ટિન્ટર્ન એબી' છે. બીજાં કેટલાંક સુંદર સૉનેટો પણ છે. (ચાલુ)

અનુસંધાન) કલાવાર્તા (પૃ. ૪૫૫ પરથી

એમના આ સંગ્રહમાં ગુજરાતભરના નાટ્યકારો, અભિનેતાઓ, સંગીતકારો, નેપથ્યના કસબીઓ વગેરેની સ્મૃતિઓ સંઘરી છે. અનેક નાટકોની મૂળ હસ્તપ્રતો, સંગીતની ઓપેરાઓ, ગીતોની રેકર્ડ્સ, નાટકોનાં વિધવિધ ચોપાનિયાં, કંપનીઓના કોન્ટ્રેક્ટ શિટ્સ, લેખકોના લેટર પેડ્સ, એમના હસ્તાક્ષરો, એમની અંગત ચીજવસ્તુઓ, નાટકનાં વિધવિધ દશ્યોના ફોટોગ્રાફ્સ, સંસ્કૃત નાટકોની પ્રતો વગેરે પણ તેમણે એકઠાં કર્યાં છે. પ્રસિદ્ધ નાટ્યકારો, અભિનેતાઓ વગેરેનાં તૈલચિત્રો પણ તેમણે આ સંગ્રહમાં રાખ્યાં છે.

છેલ્લાં અઠ્યાવીસ વર્ષથી નિયમિત દર વર્ષે એમની સંસ્થાદ્વારા રંગકર્મીઓના નિધન સમયે એ સૌને નિવાપાંજલિ પણ અપાતી રહે છે. વિવિધ રસના પ્રતીક રૂપ આઠ રંગનો એક નાટ્યધ્વજ તેમજ નાટ્યદેવતાનું પંચમુખી ચતુર્ભુજ સ્વરૂપ પણ એમણે કલ્પીને તેને ચિત્રાંકિત કર્યું છે અને એ જ રીતે એક આલ્બમ એમણે વિશ્વની રંગભૂમિના કસબીઓ નું પણ બનાવ્યું. સૌરાષ્ટ્ર-કચ્છમાં ઘૂમીને તેઓ જૂનાં નાટકોની ભજવણી પણ કરતા રહે છે. રંગકર્મીઓનું એમની સંસ્થા દ્વારા અવારનવાર સમ્માન પણ થતું રહે છે. મોરબી જનાર નાટ્યરસિકોએ એમના આ સંગ્રહને જોવો રસપ્રદ બની રહેશે. □

કથાસરિત્સાગર

(લંબક ૨ : તરંગ ૬ (ચાલુ)

(શ્લોક ૩૭ થી ૭૫)

કાંકોટિયો

કનુભાઈ જાની

રુદ્રશર્મા નામે કોઈ બ્રાહ્મણ. એણે જ્યારે ઘર માંડ્યું ત્યારે એને બે પત્નીઓ. એમાંની એક બાળકને પ્રસવતાં જ મરણ પામી. ત્યારે બીજીને (બાળકની પરમાતાને) પેલો પુત્ર બાપે ભળાવ્યો. એ જરાક મોટો થતાં જ એ (પરમાતા) લુખ્ખું વાસી ખાવાનું આપવા માંડી એટલે બાળકનું પેટ ફુલવા માંડ્યું. શરીર ફિક્કું પડ્યું. એટલે રુદ્રશર્માએ પેલી બીજી પત્નીને ઠપકો આપ્યો : 'આ બિચારું મારું નમાયું ! એને તું હડધૂત કરે છે !' પેલી પતિને કહે, 'હું તો હેતથી એની કાળજી લઉં છું. તો ય એ આવો ને આવો રહે એમાં હું શું કરું ? ત્યારે પેલે માની લીધું કે બાળકનો સ્વભાવ જ એવો છે. નારીની વાણી જ જૂઠાણાથી પાણીપાણી કરી દેતી હોય છે, ત્યાં એને કોણ ખોટી માને ? [૧] પછી તો, એ બાળક મૂળથી હતો જ કોંકોટિયો એટલે આના પિતાના ઘરમાં આનું તો નામજ પડી ગયું કાંકોટિયો' (બાલવિનષ્ટ) [૨] 'મારી આ ઓરમાન મા મને કાયમ કનડે છે. એને બરાબરનો જવાબ મળી જાય એવું કાઇંકિ હું કરું' એમ એ કાંકોટિયે વિચાર્યું . ભલે ઉંમરે એ હતો કેવળ પાંચનો, પણ હતો બુદ્ધિમાન. એટલે, એક વાર રાજદરબારેથી પિતા આવ્યા કે એણે એકાન્તમાં કાંઈક તોતડે દબાતે વેણે કહી નાખ્યું. ' મારે તો બાપુ બે...એ...બાપ! [૩] પછી તો એ આમ રોજ કહે ! એટલે બાપે તો આ કુલટાને કોક બીજો ય ઉપપતિ લાગે છે એવી શંકાથી આ બાઈનો સ્પર્શ પણ વર્જ્ય ગણ્યો. બાઈને થયું : મારા કાંઈ વાંકગુના વિના જ આ આમ વિફરેલો રહે છે કેમ ? જરૂર પેલા ટેણિયા કાંકોટિયાનું કાંઈક કારસ્તાન હશે' . એટલે એણે તો આને બહુ આદરથી નવરાવ્યો, ભાવતું ભોજન પીરસ્યું. ખોળે બેસાડ્યો. ને પછી ધીમે રહીને એ કાંકોટિયાને પૂછ્યું : 'હે બેટા ! તેં આ રુદ્રશર્માને [૪] (તારા પિતાને) મારા પર દાઝે બળતો કાં કરી મૂકયો ?' ત્યારે એ બાળકે આ અપરમાતાને સંભળાવી દીધું : 'આ તો કાંઈ નથી. હું હજી વધુ કરીશ, તું જો નહીં ખમી જા તો. તારે પોતાનાને પોષવો ને અમને જ કાયમ હેરાનગતિ !' એ સાંભળીને એ નમી પડી ને સોગન ખાઈને કહેવા લાગી, 'લે ભૈ હવે કોઈ દાડો આવું નહીં કરું હો ! પણ મારો ધણી પાછો મારા પર રીઝે એવું કર ભૈ !' ત્યારે એને બાળક કહે, 'મારા પિતા જ્યારે આવે ત્યારે તારી એક નોકરાણી એમને એક અરીસો ધરે એમ કરજે. પછી શું કરવું એ હું જાણું છું'. 'ભલે' કહીને એણે નોકરડીને આ કામ ભળાવ્યું.

નોકરડીએ તો આણે કહ્યા પ્રમાણે કર્યું. રુદ્રશર્મા જેવો આવ્યો કે દર્પણ ધર્યું. એમાં રુદ્રશર્માએ પોતાનું પ્રતિબિંબ જેવું જોયું કે બાળક તરત જ ચિલ્લાઈ ઊઠ્યો : 'એ તો મારો બીજો બાપ... [૫](બીજો બાપ)!' સાંભળતાં જ રુદ્રશર્માની શંકા નિર્મૂળ થઈ ગઈ, અને વિનાકારણે જેને કલંકિની માની લીધેલી એ પત્ની પ્રત્યે પાછો પ્રસન્ન થયો. એક બાળક પણ નારાજ થાય [૬] તો મુશ્કેલી કે દોષો ઉત્પન્ન કરી શકે.

માટે, આપણે તો સૌ પરિજનોને સરખી રીતે રાજી રાખવા.

એમ કહીને, રુમણ્વન્તને સાથે રાખીને યૌગન્ધરાયણે આ વત્સરાજોત્સવમાં સૌને રૂડી રીતે સન્માન્યાં. અને સમસ્ત રાજમંડળને પણ એવી રીતે સન્માન્યું કે એમાંનો એકેએક (રાજા) એમ માની બેઠો કે જાણે આ સન્માનસમારંભ યોજાયો છે જ પોતાને માટે ! ને યોજ્યો છે જ આ બે જણે ! ને આ બન્ને મંત્રીઓનું – ને જોડાજોડ વસન્તકનું પણ – સન્માન રાજાએ પોતાને હાથે એમને વસ્ત્ર, અંગરાગ [૭] આભરણ અને છેવટે ગ્રામદાન દઈને કર્યું. લગ્નોત્સવ પૂરો થયો, અને વાસવદત્તા મળતાં પોતાનો મનોરથ પણ પૂરો થયો એમ વત્સેશ્વરને લાગ્યું. એકબીજા માટેની બહુ લાં...બા કાળની પ્રતીક્ષા પછી પ્રફુલ્લપણે પ્રગટતો એમનો પ્રેમ જાણે રાતનાં દુ:ખો સહ્યાં પછી પ્રભાતે મળતાં ચકવાચકવીના જોડાના જેવો અત્યંત સુખમય થઈ રહ્યો. ને વળી પ્રેમ તો જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ વધુ ને વધુ પ્રૌઢ (ગાઢો) બનતો ગયો, [૮] ને વધુ ને વધુ નવીન થતો ગયો ! પછી તો, એના વિવાહ માટેનો પિતાનો સંદેશો આવતાં, ગોપાલકે પણ વત્સરાજની રજા માગી, ને (ઉજ્જયિની તરફ) વિદાય થયો.

એ રાજા વત્સેશ્વર પૂર્વસંગતને લીધે (પછી) બન્યો વધારે ચંચલ વૃત્તિવાળો. અંત:પુરની એક વિરચિતા નામની પરિચારિકા સાથે ગુપ્ત રીતે પ્રેમ કરી લેતો. કયારેક ભૂલથી વાસવદત્તા પાસે (એને બદલે) પેલીનું નામ એની જીભે ચડી જતું તો પછી પગે પડીને એ દેવીને રીઝવી લેતો, ત્યારે એનાં આંસુથી અભિષિકત થયેલું સુભગ સામ્રાજ્ય જાણે એને પાછું પ્રાપ્ત થયેલું લાગતું.

વળી, એક (બીજી) હતી બન્ધુમતી નામે રાજપુત્રી. ગોપાલકે એને પોતાના બાહુબળથી જીતેલી [૯] પરિચારિકા તરીકે વાસવદત્તાને લગ્નભેટરૂપે આપેલી. રૂપના સાગરેથી નીકળેલી જાણે લક્ષ્મી ! એનું મંજુલિકા નામ આપીને, એને ઉદ્યાનના લતામંડપમાં વસન્તકની સહાયથી સંતાડીને, ગુપ્તરીતે એની સાથે રાજાએ ગાન્ધર્વલગ્ન માંડ્યાં. એ બધું છુપાઈને નજરોનજર વાસવદત્તાએ જોઈ લીધું. એટલે ક્રોધે ભરાઈ પેલા વસન્તકને તો એણે પકડ્યો, બાંધી મંગાવ્યો. ત્યારે, વાસવદત્તાની એક સખી હતી, રાજા ગોપાલકે જ એને એની પ્રવ્રાજિકા સખી [૧૦] તરીકે એની સાથે વળાવેલી, નામે સાંકૃત્યાયની; એ પિયરથી જ રાણી સાથે આવેલી; એનું શરણ રાજાએ લીધું. (એને સાધી). એને પ્રસન્ન કરીને રાણીને પાછી મનાવી લીધી.

એની જ આજ્ઞાથી વાસવદત્તાએ રાજાને બન્ધુમતિ પાછી સોંપી. 'પેશલં હિ સતીમન : ' સતીમન તો હોય જ સોહામણું. અને પછી તો એ દેવીએ વસન્તકને પણ બન્ધનમુક્ત કર્યો. ત્યારે એ રાણી સમક્ષ આવીને હસતાં હસતાં કહે : 'અપરાધ તો કર્યો પેલી બન્દુમતીએ; મેં કયાં કશું તમારું બગાડ્યું' તું ? તમારો ગુસ્સો છે સાપ પર ને મારો છો બિચારા જળના ડેંડવાને !' ત્યારે રાણી બોલી કે 'ઉપમાનને (દૃષ્ટાન્તને) જરા વિસ્તારીને મને સમજાવીશ ?' દેવીએ પૂછ્યું એટલે વસન્તકે પાછી એ વાત કહી સંભળાવી[11]

પાદટીપ

૧: મૂળ પંક્તિ છે 'સ્ત્રીણાં અલીકમુગ્ધં હિ વચઃ કો મન્યતે મૃષાં'. સ્ત્રીનાં વેણ જ જૂઠાણાંના જાદુવાળાં; એને ખોટાં માનેજ કોણ ? સ્ત્રી માટેની આવી હલકી માન્યતા હજીયે છે ! અહીં નોંધપાત્ર છે 'અલીક' અને 'મૃષા'. જૂઠાણાં માટેય સંસ્કૃતમાં ઘણા શબ્દો છે !

૨: મૂળમાં તો નામ છે ' બાલવિનષ્ટક :' ખોડખાંપણવાળો.

૩: આ વચન એ બાળક ' અવિસ્પષ્ટયા ગિરા' બોલ્યું ત્યાં બીજો પાઠ છે 'અર્ધાવિષ્ટયા ગિરા.' એટલે 'કાંઈક દબાયેલે વેણે' એમ પણ લઈ શકાય.

૪: પતિનામ ન લેવાય એ ચાલ ભારતીય સમાજમાં બહુ પાછળથી આવેલો છે. અહીં પુત્ર આગળ પણ માતા પોતાનો સંબંધવાચક શબ્દ 'પતિ' 'પતિ' તો વાપરે છે જ, પણ નામ પણ લે છે.

૫: પાંચ વર્ષનો પુત્ર હોય, એની આગળ – ભલે અપરમા પણ – આવી રીતે કરગરે 'મારા પતિને મારા પ્રત્યે પાછો પ્રેમ કરતો કરી દે' એવી માગણી કરે એ આજેય જરા કૃત્રિમ લાગે છે. કે પછી એ સમાજ આજના કરતાં વધુ ખુલ્લો હશે ?

૬: મૂળ પ્રયોગ છે ' વિકૃતિં ગતઃ'એક બાળક પણ વિકૃતિ પામે તો ભારે પડે એવો ભાવ છે.

૭: અંગરાગ એટલે અત્તર વગેરે સુગંધી દ્રવ્યો.

૮: 'અતિપરિચયાદવજ્ઞા' એ સાચા દામ્પત્યની બાબતમાં ખોટું પડે. સાચી મૈત્રીની બાબતમાં પણ.

૯: યુદ્ધમાં હારેલ રાજાની કન્યા જીતેલ લઈ જાય એવું અનેક કથાઓ, નાટકોમાં છે.

૧૦: રાણીવાસમાં ધર્મોપદેશાર્થે આ જાતની વિધવા કે કષાયવસ્ત્રધારી– માથે મુંડન ને ભગવાંધારી સ્ત્રીઓ પણ રખાતી.

૧૧: 'પેશઃ' એટલે ઋજુ. 'પેશલ' એટલે ઋજુ, કોમળ, સરળ. બીજો અર્થ થાય 'સુંદર.' □

આંખ અને ચામડીના રોગો

આંખને માટે ત્રિફળાં એટલે કે હરડે, બહેડાં અને આમળાં અત્યંત ગુણકારી છે. રાતભર આ ત્રિફળાંનું ચૂર્ણ પાણીમાં પલાળી રાખી, સવારે એ પાણી ગાળીને તેના વડે આંખ ધોવાથી એની તંદુરસ્તી જળવાઈ રહે છે એ તો સર્વવિદિત છે. આ ઉપરાંત, ત્રિફળાંના ચૂર્ણમાં ઘી મેળવી ચાટવાથી આંખોનું તેજ વધે છે. અને આંખની સામાન્ય તકલીફો દૂર થાય છે. ગળો અને ત્રિફળાંનો ઉકાળો ઠંડો કરી તેમાં મધ અને પીપરનું ચૂર્ણ મેળવીને દરરોજ પીવાથી મોટાભાગના નેત્રરોગ મટે છે.

બકરીના મૂત્રમાં લવિંગ ઘસીને આંજવાથી રતાંધળાપણું મટે છે. નિર્મળીનાં બી મધમાં ઘસીને આંજવાથી પણ ફૂલું મટે છે. વડના દૂધમાં કપૂર ઘસીને આંજવાથી પણ ફૂલું ઝડપથી મટે છે.

રાઈનો લોટ ઘીમાં મેળવી આંખમાં ન જાય એ રીતે આંજણી ઉપર લગાડવાથી આંજણી મટે છે. લસણની કળીને સ્વચ્છ કાપડના ટુકડામાં રાખીને છુંદવાથી તેમાંથી રસ નીકળીને તેનાથી કાપડ ભીંજાય છે, આ ભીંજાએલું કપડું આંખમાં ન જાય એ રીતે આંજણી ઉપર દિવસમાં બે વાર મૂકવાથી પણ આંજણી મટે છે.

ખસ-ખૂજલી, દાદર અને ખરજવું એ ચામડીના બહુ સામાન્ય રોગો છે. લોહીનો બગાડ થવાથી કે મીઠાના વધુ પડતા સેવનથી ચામડીના રોગો થાય છે. શરીરમાં શુદ્ધ લોહી ફરતું હોય તો ચામડીના રોગો થતા નથી.

પંદર-વીસ ગ્રામ ચોક્ખું મધ ઠંડા પાણીમાં (મેદસ્વી વ્યક્તિએ સહેજ ગરમ પાણીમાં) મેળવીને દરરોજ સવારે પીવાથી દાહ, ખજવાળ, ફોડલીઓ જેવા ચામડીના રોગો મટે છે. તાંદળજાના સ્વરસમાં સાકર મેળવીને પીવાથી ખસ-ખૂજલી અને શરીરની ગરમી મટે છે. દારૂડીનાં સો ગ્રામ પાન અને મરીના આઠદસ દાણાને પાણીમાં લસોટી તેમાં થોડું વધુ પાણી ઉમેરીને ગાળીને પીવાથી પાંચ-સાત ઝાડા થઈ ખસ, ખૂજલી, ચળ વગેરે મટે છે. શંખાવળીનાં પંચાંગ – પાન, ફૂલ, દાણા, મૂળ અને છાલનો ઉકાળો બનાવી લાંબા સમય સુધી પીતા રહેવાથી રકતની શુદ્ધિ થઈ ચામડીનાં દર્દોમાં રાહત થઈ એ મટી જાય છે. કણજીનું તેલ, ગંધક, કપૂર અને લીંબુનો રસ સમાન ભાગે લઈ એકત્ર કરીને ચોપડવાથી ખસ ઝડપથી મટે છે. કુવાડિયાનાં બી અને કણજીનાં બીને બારીક વાટીને ચોપડવાથી દાદર મટે છે. કણજીનાં બીનું તેલ લીંબુના રસમાં મેળવીને ચોપડવાથી પણ દાદર મટે છે. અને આ જ મિશ્રણમાં કપૂર ભેળવીને લગાડવાથી ખરજવું મટે છે.

માધવ મો. ચૌધરી

ઇતિહાસધારા

આજે તો દુનિયાનો એકાદ ખૂણો પણ માનવીથી અજાણ નથી રહ્યો, પણ એક સમય એવો હતો કે દુનિયાના અનેક દેશોને એકબીજાનો મુદ્દલ પરિચય નહોતો. આ પરિચય મેળવવા રાજાઓ તેમના એકાદ પ્રતિનિધિને બીજા દેશમાં મોકલી આપી તે દેશ વિષેની જાણકારી મેળવતા. અંગ્રેજોને આપણા દેશની મુદ્દલ જાણકારી નહોતી ત્યારે ઇંગ્લંડના રાજા જેમ્સે પોતાના તરફથી વિલિયમ હોકિન્સ નામના પ્રતિનિધિને ભારત મોકલેલો. ભૂમધ્યના પૂર્વ કાંઠા પરના દેશો સાથે સંકળાયેલા હોકિન્સને ભારત પરના મુગલ સમ્રાટ અકબરનો ખ્યાલ હતો, પણ અકબરને તો ઇંગ્લંડ ક્યાં આવેલું છે એનો પણ ખ્યાલ ન હતો. હોકિન્સને પોતાને ય ભારત વિષેની જાણકારી ઉપરછલ્લી જ હતી, એ તેના માટે જેમ્સે લખેલા ભલામણપત્રમાંના આ સંબોધન પરથી જણાય છે : 'સૂરતના મહાન રાજવી અકબરશા (અંગ્રેજીમાં જોડણી હતી 'Ackbarsha') ત્યારના અંગ્રેજોને એ પણ ખ્યાલ ન હતો કે સૂરત તો મુગલ શાસન નીચેનું એક બંદરમાત્ર છે, દેશ નથી. ભલામણમાં અકબરશાને અંગ્રેજોને વેપાર માટે સૂરતમાં એક કોઠી ઊભી કરવા દેવાની વિનંતી કરવામાં આવેલી.

પરંતુ એ જ હેતુએ પોર્ટુગીઝો અને ડચો અંગ્રેજોથી પહેલા ભારત આવી પહોંચ્યા હતા, અને તેમણે પણ સૂરતમાં જ અડ્ડો જમાવ્યો હતો. ૧૬ મહિનાના પ્રવાસ પછી હોકિન્સ ઈ. ૧૬૦૮ના ઓગસ્ટમાં સૂરતના કિનારે ઊતર્યો. તેના હેતુની પોર્ટુગીઝો અને ડચોને જાણ થતાં જ તેમણે સૂરતના સૂબાના કાન ભંભેરવા માંડ્યા, કે ઇંગ્લંડ કોઈ મહાન દેશ નહિ પણ નાનકડો ટાપુ હતો, ત્યાંનો રાજા માત્ર માછી મારોનો રાજા હતો. તેમણે હોકિન્સનું ખૂન કરવાનો પણ પ્રયત્ન કરેલો એમ ખુદ હોકિન્સના લખાણ પરથી જણાય છે કે 'મારાથી બહાર ડોકિયું પણ થઈ શકે તેમ ન હતું.'

હોકિન્સને સૂરત મુકામેથી જરૂરી માહિતી મળતાં તે સૂરત છોડી આગ્રા ભણી ઊપડી ગયો અને આઠ મહિને આગ્રા પહોંચ્યો. અહીં જહાંગીરના દરબારમાં પહોચતાં જહાંગીરે ઈંગ્લંડના રાજા જેમ્સના પત્રનો ફારસી અનુવાદ કરી સંભળાવવાનું કામ એના દરબારમાંના એક પોર્ટુગીઝને સોંપ્યું. તેણે ગલત અનુવાદ કરી સંભળાવતાં હોકિન્સે તેને ઠપકો આપી સમ્રાટ જહાંગીર સાથે તુર્કી ભાષામાં વાત કરીને ભલામણપત્રનો તુર્કી અનુવાદ તેને કરી સંભળાવ્યો. ફારસી તો રાજભાષા હતી, પરંતુ તુર્કી તો મુગલોની માતૃભાષા હતી અને હોકિન્સ તુર્કી સાથેના વેપારમાં એ ભાષામાં પાવરધો બની ગયો હતો. ઉપરાંત સારામાં સારા દારૂઓ સાથે પોતે લાવેલી પેટીઓનું જહાંગીરને નજરાણું ધરતાં દારૂના શોખીન જહાંગીરની નજરમાં હોકિન્સ વસી ગયો, અને રાતે જામતી દારૂની મહેફિલમાં જહાંગીરે તેને પણ નિમંત્રવા માંડ્યો. એટલું જ નહિ અપરિણીત હોકિન્સને તેણે કોઈ છોકરી પસંદ કરી પરણી જવા જણાવ્યું. જો છોકરી ખ્રિસ્તી ધર્મની હોય તો પોતાને પરણવામાં વાંધો ન હોવાનું હોકિન્સે જણાવતાં તેના માટે એક આર્મીનિયન ખ્રિસ્તી છોકરી શોધી કાઢવામાં આવી.

પરંતુ જહાંગીર સાથેની તેની આ નિકટતા તેના દેશીવિદેશી વિરોધી-ઓથી સહન ન થઈ. તેમણે નૂરજહાંના કાન ભંભેર્યા, પરિણામે નૂરજહાંએ એને એટલો પજવવા માંડ્યો કે જે હેતુ માટે તે ભારત આવ્યો હતો તે પાર પાડ્યા વિના જ ઈ. ૧૬૧૨માં પાછો ઈંગ્લંડ ઊપડી ગયો. પોતાની ખ્રિસ્તી પત્નીને તે પાતાની સાથે લઈ ગયો કે કેમ એ કોઈ જાણતું નથી.

⌘

આ દેશમાં અંગ્રેજોનો સૌથી કટ્ટર દુશ્મન મ્હૈસુરનો ટીપુ સુલતાન હતો, અને તેમની અહીંથી હકાલપટ્ટી માટે એના જેવા જ અંગ્રેજોના કટ્ટર દુશ્મન એવા ફ્રેન્ચ સમ્રાટ નેપોલિયનની સહાય તેણે માગેલી એ એક ઈતિહાસસિદ્ધ હકીકત છે. આ માટે આ દેશનાં નાનાંમોટાં અનેક રજવાડાંની સહાય તેણે માગેલી, જેમાનું એક કચ્છ રાજ્ય પણ હતું. કચ્છમાં એ વખતે કેપ્ટન મેકમર્ડો મારફત અંગ્રેજોની ઘૂસણખોરી ચાલુ હોઈને ટીપુએ પોતાના બે એલચી મીર હબીબુલ્લાહ અને મીર મોહમ્મદ રઝાને કચ્છ મોકલી આપેલા. કચ્છના સાહસિક વેપારીઓ મ્હૈસુર સુધી પહોંચી ગયેલા અને મ્હૈસુરનું પણ એક વેપારી થાણું કચ્છના મુન્દ્રા બંદરમાં હતું. આવું બીજું થાણું માંડવી બંદરમાં સ્થાપવાની કચ્છના રાઓ પાસેથી મંજૂરી મેળવવા ઉપરોક્ત બે એલચીઓને મોકલવામાં આવેલા. બંને રાજવીઓએ પોતપોતાઆનાં રાજ્યોમાં વેપારીઓને ઉમદા સગવડો આપેલી. મ્હૈસુર રાજ્ય લશ્કર માટે જરૂરી એવા કચ્છી ઘોડાઓની ખાસ આયાત કરતું. ઘોડાઓ કર્નૂલ કે મંગળૂર ઊતરતા તેમની કિંમત રોકડમાં, અને જો વેપારી ઇચ્છે તો, ઓખામાં ચૂકવી દેવામાં આવતી.

ટીપુએ કચ્છના મહાન સેનાપતિ જમાદાર ફતેહમહમદને 'શિરેદીન'નો ઈલકાબ આપવા સાથે અંગ્રેજો સામે લડવા પિત્તળની એક તોપ પણ આપેલી. જે આજે પણ ભુજ મ્યૂઝીઅમમાં સંઘરાયલી છે. તેના પર ફારસી ભાષામાં આ લખાણ છે : 'હૈદરી તોપ. હૈદરી સરકારના શ્રીરંગપટ્ટમ્ મુકામેના કારખાનામાં અરસદ હસન કારીગરે હિજરી સંવત ૧૮૨૬માં બનાવી. વજન ૭૦૦ રતલ.'

છત્રપતિ શિવાજીએ વિજાપુરના સુલતાન સામેના યુદ્ધમાં અભેદ્ય મનાતો જિંજી દુર્ગ જીતી લેતા તેમનો દક્ષિણનો માર્ગ ખુલ્લો થઈ ગયો, અને ત્યાંથી તિરુપતિ, કાલહસ્તિ, વેલોર વગેરે થઈ ઈ. ૧૬૭૭ના ઓક્ટોબરમાં મદ્રાસ પહોંચ્યા. તે શિવ અને શક્તિના પરમ ભક્ત હોઈને મદ્રાસમાં આવેલી 'કાલીકામ્બલ' માતાના મંદિરે દર્શને ગયા. આ સ્મૃતિને તાજી રાખતી શિવાજીની ઘોડા પરની વિશાળ તસવીર સાથે તેની નીચે અંગ્રેજી અને તામીલમાં તે અંગેનું લખાણ કોતરેલું છે.

આ મંદિર ફોર્ટ સેન્ટ જ્યોર્જનો કિલ્લો અંગ્રેજો જ્યાં બાંધવા માગતા હતા તેની અંદર આવી જતું હતું, એટલે તેમણે તેની આરાધક વિશ્વકર્મા કોમને પુષ્કળ નાણાં આપી બીજે ખસેડવા કહ્યું. પોતાને વિશ્વકર્માંમાંથી ઊતરી આવેલી અને આજે પણ સ્થપતિનો ધંધો કરતી એ કોમે અંગ્રેજોની માગણી માન્ય રાખી, અને અસલ મંદિર હાલ તે જ્યાં આવેલું છે તે થંબુચેટી સ્ટ્રીટમાં ખસેડ્યું - સાથે ઘોડેસવાર શિવાજીની છબિ, ઉત્કીર્ણ લેખ તેમજ શિવાજી દ્વારા દેવીપૂજનની અન્ય છબિઓ પણ મંદિરના હાલના પૂજારી કાલી શિવાચારના જણાવ્યા પ્રમાણે, મહાન તામિલ રાષ્ટ્રકવિ સુબ્રહ્મણ્યમ્ ભારતી શિવાજીની કાલીકામ્બલ ભક્તિથી પ્રેરાઈને જ કાલીભક્ત બનેલા.

—અશોક હર્ષ—





સ્વ. વજુભાઈ સોલંકી] પિતાપુત્ર [મહેન્દ્રભાઈ સોલંકી

એક અલગારીનું આંગણું

સૌરાષ્ટ્રના કાઠિયાવાડ, ગોહિલવાડ, ઝાલાવાડ વગેરે વિસ્તારનાં નાનાં ગામોમાં વસ્તી કાઠી, ગરાશિયા, આહિર અને રાજપૂત જ્ઞાતિનાં ઘરોમાં એક વખત વિશિષ્ટ પ્રકારની સજાવટ અને આગવા પ્રકારનું રાચરચીલું જોવા મળતું. ઉપરાંત ઊંચી પડથારનાં ડેલીબંધ ઘરો, તેની ઓસરી, ઓરડા અને રાંધણિયા (રસોડા)માં પેઢલીઓ, ગોખલા, ખીંટીઓ, ખાંડણિયા, પાણિયારા વગેરેની બાંધણી જુદી તરી આવતી, અને ઘરની થાંભલીઓ, મોતિયા, ટેકણિયા, ડામચિયા, બારસાખ, બારણાં, ટોડલા વગેરે દરેક વસ્તુમાં વિશિષ્ટ કલાત્મક કોતરણી જોવા મળતી. પરંતુ બદલાતા સમય અને કાળક્રમે ધીરે ધીરે આ વિશિષ્ટતા લુપ્ત થઈ. આજે આ લોકોનાં ઘરો પણ સર્વસામાન્ય જીવનશૈલી અને સજાવટમાં ફેરવાઈ ગયાં છે. છતાં અંતરિયાળ ગામડાંઓમાં હજુ આવા કલા-કસબના અમૂલ્ય નમૂનાઓ અલપઝલપ જોવા મળે છે. જો કે ઘણા લોકો આવા જૂનાં પેટી, પટારા અને બીજી જરૂરી ઘરવખરી, નવું વસાવવાનાં મોહે વેચી નાખે છે.

ભાવનગરના વજુભાઈ એન. સોલંકીને આવી અપ્રાપ્ય થતી જતી, નષ્ટપ્રાય થતી જતી કલાત્મક, પુરાતન વસ્તુઓ એકઠી કરી, તેનું નવસંસ્કરણ કરી, પુનઃ જીવંત કરવાનો જબરો શોખ છે. અલબત્ત, આવી વસ્તુઓ જરૂરી નવા સુધારા-વધારા કર્યા પછી તેનું વેચાણ કરતાં થોડા ઘણા પૈસા પણ મળતા રહે છે. પણ તેમાં વ્યવસાય કરતાં શોખ, અલગારીપણું અને આંતરિક લગાવનું તત્ત્વ વધારે પ્રબળ છે. તેમના ઘરના આંગણાના પ્રવેશદ્વારથી શરૂ કરી પૂરા પ્લોટમાં કોઈ ભંગારી કે કબાડી માર્કેટમાં આવ્યા હોય તેવું નહીં, પરંતુ પુરાતન તત્ત્વનું જતન કરી બેઠેલા કોઈ કલા મ્યૂઝીઅમની મુલાકાતે ગયા હોઈએ તેવું જરૂર લાગે. ૧૨૦૦ વારના એમના પ્લોટમાં, આઠદસ રૂમો ઉતારી આખાએ પ્લોટ અને તમામ ઓરડામાં આજે અલભ્ય બની ગયેલી એવી અસંખ્ય પુરાતન કલાત્મક વસ્તુઓનો ખજાનો ખડકાયેલો જોવા મળે છે. તેમાં કેટલીક તો એવી ઉત્કૃષ્ટ કલાકૃતિઓ છે કે જે કોઈ કલામ્યૂઝીઅમમાં હોય તો ખૂબ જ આકર્ષણની વસ્તુ બની રહે. આ વસ્તુઓની નામાવલી કરવા બેસીએ તો પાર ન આવે, છતાં કેટલીક મુખ્ય મુખ્ય વસ્તુઓનો ઉલ્લેખ કરીએ તો-

કેરોસીનથી ચાલતો પંખો, ૨૦ ફૂટના વ્યાસવાળું અનાજ દળવાની ઘંટીનું દાંતાચક્ર, કલાત્મક કોતરકામવાળા સીસમના કોઠલા, ડામચિયા વગેરે; રજવાડી કુટુંબોની કલાત્મક ચાઈનીઝ અને જર્મની ક્રોકરી, ૧૦૦૦ લીટર પાણી સમાઈ શકે એવાં તાંબાનાં કલાત્મક વાસણો, રજવાડી ગ્રામોફોન, પુરાતન ઢોલીઆનાં ૩૦-૩૦ કિલો વજનનાં પચ્ચીસેક પ્રકારના લાકડાના પાયા, પિત્તળથી મઢેલા કલાત્મક પટારા, જર્મન સિલ્વર ધાતુની વિવિધ પ્રકારની મુખવાસદાનીઓ, પાંચસાત વ્યક્તિઓ મળીને માંડ ઊંચકી શકે તેવડી વિશાળ કદની ફોટો ફ્રેમ, અનેક પ્રકારનાં મોતિયા, ટોડલિયા, ખીંટી, કલાત્મક કાષ્ટકોતરણીવાળા હિંડોળા, આજે હવે લગભગ બીજે ક્યાંય જોવા ન મળે તેવા વિવિધ પ્રકારની રહસ્યમય કળોવાળાં તાળાં, રજવાડી પોશાકો, કલાત્મક ડ્રેસિંગ ટેબલો અને પુરાતન લાલટેન તેમ જ કેરોસીનના દીવાઓ વગેરે...


વજુભાઈ સોલંકીએ આવડો મોટો અને વિવિધતાભર્યો સંગ્રહ કરવા માટે જે ગામડાંઓ ખૂંદ્યા છે, કબાડી માર્કેટોમાં ફર્યા છે, ભંગાર વેચવા નીકળતાં ફેરિયાઓ પાસેથી વસ્તુઓ ખરીદી છે તે જોતાં એવું લાગે છે કે આ કામ કોઈ ધૂની, અલગારી માણસ જ કરી શકે. વ્યવહારુ અને વ્યવસાયલક્ષી વિચારો કરનારને આમાં ગાંડપણ લાગે તેવી રીતે આવી વસ્તુઓ ખરીદી ખરીદીને તેમણે સંગ્રહી રાખી છે. હાલ વજુભાઈ સોલંકી તો હયાત નથી, પરંતુ તેમના ચાર પુત્રો આ કામ અને વારસાને ટકાવી રાખી મ્યૂઝીઅમને આગળ ધપાવતા રહ્યા છે. ભાવનગરના સુભાષનગર વિસ્તારમાં 'વૃંદાવન' નામના એમના ઘરના આંગણામાં આ વસ્તુઓનો પથારો પથરાયો છે અને ઉત્તરોત્તર કલાવારસામાં વધારો થઈ રહ્યો છે.

આપણા સમાજમાં કલાકારો, કસબીઓ અને આવી આગવી સૂઝવાળા માણસો બહુધા



ઉપેક્ષિત રહે છે. હા, વજુભાઈ સોલંકીને અનેક સંસ્થાઓએ પ્રશસ્તિપત્રો જરૂર આપ્યા છે. ગુજરાત સરકારે પણ તેમનું સન્માન કરેલું, અને દિલ્હી ખાતે યોજાયેલ ટ્રેડફેરમાં ગુજરાત તરફથી મુકાયેલ કલાત્મક હવેલીની રચના માટે વજુભાઈને તૃતીય ઈનામ પણ આપવામાં આવેલું. વજુભાઈની એક ઇચ્છા એવી હતી કે જો તેમને કોઈ સંસ્થા કે સરકાર તરફથી થોડી જમીનની વ્યવસ્થા કરી આપવામાં આવે તો તેમણે એકઠી કરેલી આ કલાત્મક વસ્તુઓને સુંદર રીતે વિભાગવાર ગોઠવી ભાવનગરમાં એક જોવાલાયક મ્યૂઝીઅમ અને પર્યટકોનું આકર્ષણ બની રહી તેવું સ્થાન બની શકે તેમ છે.

હાલ તેમના સંગ્રહમાંથી અનેક વસ્તુઓ રાજ્યભરમાં અનેક કાર્યક્રમના સુશોભન માટે લઈ જવાતી રહી છે. રાજ્યની અનેક સંસ્થાઓ, હોટેલો તેમના આ ખજાનામાંથી વસ્તુઓ ખરીદીને તેનો સુશોભનમાં ઉપયોગ કરે છે. વજુભાઈ અને તેમના પરિવાર દ્વારા સાચવી રખાયેલા આ સાંસ્કૃતિક ખજાનાને ગુજરાતનું ગૌરવવંતું મ્યૂઝીઅમ બનાવી શકાય. પરંતુ હાલ તેમના આંગણામાં ખુલ્લા પડેલા આ ખજાના ઉપર ટાઢ, તડકો, વરસાદ, વીંઝાતા રહે છે. તેને રક્ષણ આપવાનું કોઈ રીતે ગોઠવાય તો મોટું શુભ કાર્ય થયું ગણાશે. **અરવિંદ પી. ત્રિવેદી**



એક નાટ્યકલા વિષયક સંગ્રહ



ઈ. ૧૮૭૮માં નાટ્ય ક્ષેત્રના પિતામહ ગણાતા સ્વ. વાઘજી આશારામ અને સ્વ. મૂળજી આશારામે મોરબી આર્યસુબોધ નાટક મંડળીની સ્થાપના કરેલી એ તે પછી વર્ષો સુધી નાટ્યક્ષેત્રે મોરબીનું સારું એવું પ્રદાન રહ્યું છે. આ મોરબીના જ એક ભાઈ મહેન્દ્ર દવેએ નાટ્યક્ષેત્રમાં ઊંડો રસ લઈ આ અંગેનું એક આગવું સંગ્રહસ્થાન બનાવ્યું છે. ઇતિહાસના સ્નાતક મહેન્દ્ર દવે ૧૯૫૨થી નાટક, ચલચિત્ર ને આકાશવાણીના નાટક કાર્યક્રમોમાં અભિનય કરતા રહ્યા છે. આ ઉપરાંત તેઓ કવિ, ગાયક અને પત્રકાર પણ છે. મોરબીના 'મયૂર- ભૂમિ' નામના એક અખબારના તેઓ તંત્રી પણ છે. ૧૯૬૫માં એમણે મોરબીમાં નાટ્યકલાનું સંગ્રહસ્થાન બનાવ્યું છે.



(અનુસંધાન પાન ૪૫૦ ઉપર)



અશ્વેત ચેતનાના શબ્દપ્રહરી નોબેલ પારિતોષિક વિજેતા

ટોની મોરિસન

રંજના હરીશ



આફ્રો – અમેરિકન સાહિત્યના સંદર્ભમાં છેલ્લા બે દશકથી ટોની મોરિસનનું નામ સંમાનપૂર્વક ચર્ચાતું રહ્યું છે. સાહિત્ય માટેનો વિશ્વભરનો સર્વોત્તમ પુરસ્કાર નોબેલ પ્રાઈઝ આ વર્ષે મેળવનાર તેઓ પ્રથમ અશ્વેત મહિલા છે. પારિતોષિકની ઘોષણા થયા બાદ તરત એમનો પ્રતિભાવ જાણવા આતુર પ્રેસને તેમણે કહ્યું, 'મારા સ્વર થકી લાખો અશ્વેતોનાં દુઃખદર્દનો સ્વર વૈશ્વિક સ્તરે ઓળખાયો, સ્વીકારાયો, તેનો મને આનંદ છે.' આવા પ્રતિભાસંપન્ન લેખિકા ટોની મોરિસન એક સારા નવલકથાકાર, નિબંધકાર, વિવેચક તથા શિક્ષક હોવાની સાથોસાથ રેન્ડમહાઉસ જેવી વિશ્વવિખ્યાત પ્રકાશન-સંસ્થાના સફળ મુખ્ય તંત્રી તથા એક સારા ગાયિકા તેમજ નૃત્યકાર પણ છે.

૧૮ ફેબ્રુઆરી ૧૯૩૧ને દિવસે અમેરિકાના ઓહાયો સ્ટેટના લોરેન શહેરમાં જન્મેલાં ટોની મોરિસનનું મૂળનામ હતું ક્લોએ એન્થની મોરિસન. એક અશ્વેત, ગરીબ, મજૂર દંપતીનું સંતાન ટોની પ્રતિષ્ઠાના આવા શિખરે વિરાજશે તેવી કલ્પના તો તેમનાં માતાપિતાએ ક્યારેય કરી નહીં હોય. પોતાનાં ચાર બાળકોને સરખું ખાવા આપી શકવા માટે અશક્તિમાન માબાપની દીકરીએ અશ્વેત જીવનની ગરીબાઈ, અપમાનો, વિટંબણાઓ બરાબર અનુભવ્યાં હતાં. શ્વેત દુનિયા મધ્યે અશ્વેતનું ભાગ્ય લઈને જન્મેલ પોતાની દીકરી કંઈક સરખી રીતે પોતાનું જીવનવહન કરી શકે એ આશયથી તેનાં માબાપે તેને ભણવા મૂકેલી, પરંતુ સ્કૂલનું શિક્ષણ પૂર્ણ થતાં દીકરીને વિશ્વવિદ્યાલયમાં ભણવા મોકલવાની ટોનીની માતાની વાત તેમના પિતાને સ્હેજ વધુ પડતી લાગેલી. આવી સખત ગરીબીમાં વિશ્વવિદ્યાલય ક્યાંથી પોષાય ? વળી, અન્ય નાનાં સંતાનોના ભણતરનો પણ વિચાર કરવાનો. ટોનીના પિતાની બુદ્ધિ ટોનીને આગળ ન ભણાવવા પ્રેરતી હતી, પરંતુ ટોનીની માતા રામાહ વોઈફડનું મન પોતાની દીકરી ગમેતેમ કરીને પણ વિશ્વ વિદ્યાલયનું શિક્ષણ પ્રાપ્ત કરે તેમ ઇચ્છતું હતું. અશ્વેત મહિલાઓના જીવનની પીડા, યાતના તથા શારીરિક અપમાનોથી રામાહ બરાબર વાકેફ હતી અને તેથી પોતાની મેધાવી દીકરીને આવા અપમાનના ઘૂંટ ગળવા ન પડે માટે તે તેને બરાબર ભણાવવા માગતી હતી. આ ખાતર તે ગમે તે કરવા તૈયાર હતી. રામાહને તે દિવસ બરાબર યાદ હતો જ્યારે તેની પોતાની મા પોતાનાં બાળકો ખાતર, ખાસ કરીને પોતાની દીકરીઓ ખાતર, દક્ષિણ અમેરિકાની પોતાની જન્મભૂમિ ત્યજી ઓહાયો આવીને વસી હતી. આ સદીના પ્રારંભમાં અશ્વેતોની ગુલામીની કરુણ દાસ્તાન કહેતાં દક્ષિણ અમેરિકાથી દૂર ગમે ત્યાં જઈ વસવાનો તેનો નિર્ધાર હતો, કોઈ એવે સ્થળે જ્યાં તેનાં સાતેય બાળકો મુક્ત હવામાં શ્વસી શકે. પોતાનાં બાળકો સાથે જ્યારે આ અભણ સ્ત્રીએ પોતાનું વતન છોડ્યું ત્યારે તેની પાસે હતી ફક્ત ત્રીસ ડૉલરની રકમ અને હિંમતની મૂડી. એ જમાનામાં રામાહની અભણ મા પોતાનાં બાળકો માટે, દીકરીઓ માટે, એટલું કરી શકી તો પ્રમાણમાં સરળ સમયમાં હવે રામાહની પણ તેની દીકરી પ્રત્યેની કંઈક ફરજ હતી. આ વિચારે રામાહે પોતાની વ્હાલી દીકરીના ઉચ્ચ શિક્ષણ

કંકાવટી

માટે પોતાની જાત ઘસી નાખી. તેણે દીકરીને સારાંમાં સારાં વિશ્વ વિદ્યાલયોમાં ભણાવી.

સતત અભાવોના ઓછાયા તળે મોંઘું દાટ શિક્ષણ મેળવી રહેલ ટોની પોતાની માના બલિદાન પ્રત્યે ખૂબ સભાન હતી. તેમની ખૂબ પ્રસંશા પામેલ નવલકથા 'બીલવ્ડ'ની સફળતા બાદ તેમણે આપેલ એક ઈન્ટરવ્યૂમાં તેઓ જણાવે છે કે, તેમની માતા તથા દાદી તેમનાં માટે સતત પ્રેરણામૂર્તિ સમાં રહ્યાં છે. સ્ત્રી પ્રત્યેની તેમની સહાનુભૂતિનાં મૂળ એ બે સ્ત્રીઓની સ્ત્રીજાત પ્રત્યેની તથા પોતાની દીકરી પ્રત્યેની અનુકંપામાં રહેલાં છે.

જીવનને હાસ્યવૃત્તિ સાથે જીવી જવાની કળા ધરાવનાર ટોની મોરિસનના વિશિષ્ટ હાસ્યની નોંધ તેમને મળનાર દરેક વ્યક્તિ લે છે. ઉન્મુક્ત, નિર્દોષ હાસ્યના ફુવારા વચ્ચે જીવતાં મોરિસનના હાસ્યની પાછળ શ્વેત જગતમાં વસતાં અશ્વેતોના જીવનની કરુણતા છુપાયેલી છે. એક વાર કોઈકે તેમને તેમના હાસ્યનું રહસ્ય પૂછ્યું. જવાબમાં મોરિસને પોતાના બાળપણની એક ઘટના વર્ણવી. આ ઘટના વખતે મોરિસનની ઉંમર લગભગ બે વર્ષની હશે. તેઓ પોતાનાં માતાપિતા તથા કુટુંબ સાથે ગરીબ વિસ્તારમાં આવેલી એક નાનકડી ખોલીમાં રહેતાં હતાં. એમને અન્ય કોઈ ખર્ચ આવી પડતાં મજૂર માબાપ ખોલીનું ભાડું નહીં ભરી શકેલાં. ભાડું વસૂલ કરવા કે પછી ખોલી ખાલી કરાવવા મકાનમાલિકે ખોલીનાં પગથિયાં ઘસી નાંખેલાં. ઝઘડા પણ કરેલા. પણ પૈસા હોય તો આપેને ? છેવટે એક રાતે મકાનમાલિકે ખોલીની અંદર ઊંઘતા મોરિસન કુટુંબ સાથે ખોલીને આગ ચાંપી દીધેલી ! ભડભડ બળતી ખોલીમાંથી આસપાસનાં લોકોએ કુટુંબને બચાવી લીધેલું. આગની આ ઘટનાથી નાનકી ટોની તો એવી

છળી ઊઠી હતી કે તે રડવાનું પણ વિસરી ગયેલી. આ ઘટનાની અસર ટોનીના મનોગત પર ખૂબ ઊંડી થઈ. ગરીબી તથા અશ્વેતપણું કેવા મોટા અભિશાપ છે તે આ નાનકડી બાળકી બરાબર સમજી ગઈ. આજે પણ નાનપણની વાત આવે ત્યારે તેમને આ ઘટના અવશ્ય સ્મરે છે અને એક અટ્ટહાસ્ય સાથે તેઓ બોલી ઊઠે છે, 'હવે જ્યારે એ ઘટના વિશે વિચારું છું ત્યારે હસવું આવે છે. શું એ ખોલી સાથે આમારાં બધાંની જિંદગીની કીમત ફકત ચાર જ ડૉલર હતી ! ચાર ડૉલર, ફકત ચાર ડૉલર ખાતર અમારું એ નાનકડું ઘર બાળી મુકાયું હતું.' મોરિસનના જીવનની આ ઘટના મહાન હાસ્ય કલાકાર ચાર્લી ચેપલીનની અશ્રુ મિશ્રિત હાસ્યની છોળો ઉડાડતી આત્મકથાની યાદ અપાવી જાય છે.

પોતાની માના ત્યાગ તથા બલિદાનને કારણે મોરિસન હાર્વર્ડ તથા કૉર્નેલ જેવાં અમેરિકાનાં શ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણ લઈ શકયાં. પોતાના એમ.એ.ના અભ્યાસ દરમિયાન હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે તેમણે શેક્સ્પીઅરનાં અશ્વેત પાત્રો પર એક શોધ-નિબંધ લખ્યો. વળી, ગ્રીક ટ્રેજેડિનો પણ ગહન અભ્યાસ કર્યો. પીએચ. ડી. ની ઉપાધિ માટે તેમણે વિલિયમ ફોકનર તથા વર્જિનિયા વુલ્ફ પર કામ કર્યું. વખત જતાં તેમણે અનુભવ્યું કે તેમના વિશ્વવિદ્યાલયમાં શિક્ષણના ભાગ તરીકે જે વિષયો પર કામ કર્યું તે બદ્ધ એ તેમના લેખનને પ્રભાવિત કર્યું. શેક્સ્પીઅરનાં અશ્વેત પાત્રો તથા ગ્રીક ટ્રેજેડિના અભ્યાસે તેમને અશ્વેત જીવનની યાતના પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવ્યાં તો સ્ત્રી-જીવનના પ્રશ્નો પ્રત્યેની તેમની સજાગતાનાં મૂળ હતાં તેમણે કરેલ વર્જિનિયા વુલ્ફના અભ્યાસમાં. વળી, વાર્તા કહેવાની એક વિશિષ્ટ ટેક્નિક તેમણે ફોકનર પાસેથી મેળવી. આમ, આવા મહાન લેખકોના સાહિત્યની વિશિષ્ટ પરંપરાના વારસા સાથે મોરિસને સાહિત્ય જગતમાં પદાર્પણ કર્યું.

પરંતુ સાહિત્યસર્જનના પ્રારંભ પહેલા તેઓ શિક્ષણ સાથે જોડાયાં. બે વર્ષ ટેક્સાસ યુનિવર્સિટીમાં ભણાવ્યા બાદ ૧૯૫૭માં તેઓ પોતની માતૃસંસ્થા હાર્વર્ડમાં જોડાયાં. અને ત્યાર બાદ ૧૯૬૫માં અધ્યાપન ત્યજી તેઓએ જાણીતી પ્રકાશન સંસ્થા રેન્ડમહાઉસના મુખ્ય તંત્રી તરીકે ઝંપલાવ્યું. બરાબર એક દશક બાદ તેઓ અધ્યાપનક્ષેત્રે પાછાં ફર્યાં. ૧૯૭૫માં હોલ યુનિવર્સિટીમાં પ્રોફેસર કરીકે જોડાયાં. હાલ તેઓ પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં માનવવિદ્યાઓનાં પ્રોફેસર છે તથા આફ્રો-અમેરિકન સ્ટડીઝ વિભાગનાં વડા છે.

અશ્વેત સાહિત્યના પ્રસારમાં પણ મોરિસનનો ફાળો નાનોસૂનો નથી. રેન્ડમહાઉસ જેવી મહત્ત્વની પ્રકાશન સંસ્થાના તંત્રી હોવાની રૂએ તેમણે અડગ નિર્ધારપૂર્વક અશ્વેત સાહિત્યને પોતાની સંસ્થા દ્વારા પ્રકાશિત કરાવ્યું છે. અમેરિકાના પ્રકાશન-જગતની આબોહવા માટે અયોગ્ય માની લેવામાં આવેલ, વર્ષોથી ઉપેક્ષા પામેલ, આફ્રો-અમેરિકન તથા કૅરેબિયન સાહિત્યને તેમણે રેન્ડમહાઉસનાં પ્રકાશનોમાં આદરભર્યું સ્થાન અપાવ્યું છે.

આજ દિન સુધી મોરિસનની છ નવલકથાઓ પ્રકાશિત થઈ ચૂકી છે 'ધ બ્લુએસ્ટ આઈ' (૧૯૭૦), 'સુલા' (૧૯૭૪), 'સૉંગ ઑફ સોલૉમન'(૧૯૭૭), 'ટર બેબી' (૧૯૮૧), 'બીલવ્ડ'(૧૯૮૭) તથા 'જાઝ' (૧૯૯૨). આ ઉપરાંત હાર્વર્ડ વિશ્વવિદ્યાલય ખાતે અપાયેલ સાહિત્યિક વિવેચનવિષયક વ્યાખ્યાનમાળા 'પ્લેઈંગ ઈન ધ ડાર્ક : વ્હાઈટનેસ એન્ડ ધ લિટરી ઈમેજિનેશન'શીર્ષક હેઠળ ૧૯૯૨માં પ્રકાશિત થઈ. ૧૯૭૭માં લેખિકાને તેમની નવલકથા 'સૉંગ ઑફ સોલૉમન'માટે 'નેશનલ બુક ક્રીએટવ સર્કલ અવોર્ડ' તથા 'અમેરિકન અકાદમી એન્ડ ઈન્સ્ટિટ્યૂટ ઑફ આર્ટ્સ એન્ડ લેટર્સ એવોર્ડ' પ્રાપ્ત થયાં. ૧૯૮૧માં તેઓ અમેરિકાના અત્યંત ખ્યાતનામ મેગેઝીન ન્યૂઝ વીક'ના કવર પર ઝળકયાં. ૧૯૪૩માં ઝોરા હર્સ્ટનને આ માન મળ્યું હતું. ત્યાર બાદ આટલે વર્ષે આવું માન મેળવનાર દ્વિતીય અશ્વેત મહિલા મોરિસન હતાં. ૧૯૮૮માં તેમની નવલકથા 'બીલવ્ડ' માટે તેમને પુલીત્ઝર પારિતોષિક તથા રોબર્ટ એફ. કેનેડી અવોર્ડ મળ્યાં.

ટોની મોરિસન પર શોધકાર્ય કરનાર તેમજ તેમના કૃતિત્વ પર વિવેચન -ગ્રંથ પ્રકાશિત કરનાર પ્રો. હેનરી લૂઈ ગેઈટ તાજેતરમાં પ્રકાશિત થયેલ પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં આવી મહાન અશ્વેત લેખિકા જરૂર નોબેલ પુરસ્કારથી વિભૂષિત થશે તેવી અમેરિકન વિવેચકોની માન્યતાને સમર્થન આપે છે અને તે આગાહી બાદ તરત જ આ લેખિકા નોબેલ પુરસ્કાર મેળવી રહ્યાં છે તે કેવો સરસ યોગાનુયોગ છે !

એક નવલથાકાર તરીકે ટોની મોરિસનની કલાની વિશેષતા તેમનું પદ્યની છાંટવાળું ગદ્ય છે. નોબેલ પુરસ્કારની જાહેરાત કરતી વખતે નોબેલ કમિટીએ પણ આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. ટૂંકા છતાં ચોટદાર બિમ્બ-પ્રધાન વાકયો તેમના ગદ્યને કાવ્યમય બનાવી દે છે. તેમનાં કથાનકો પણ એક વિશેષ આકર્ષણ ધરાવે છે, કેમકે તેમાં હિંસા, ખૂનામર્કી, મારધાડ, સેક્સ, ન કળી શકાય તેવા ચમત્કારો, પ્રેતાત્માની હાજરી જેવાં ઘણાં તત્ત્વો સમાવિષ્ટ છે. ગેબ્રીએલ ગાર્સીઆ મારકવેઝ તથા તેમના સમકાલીમ લેટિન અમેરિકન લેખકોના 'મેજિકલ રિયાલીઝમ' નો પ્રભાવ મોરિસનના કૃતિત્વ પર સતત વર્તાય છે. રોજ-બરોજના જીવનમાં જોવા મળતાં પાત્રો મોરિસનના કલાવિશ્વમાં મેળવવાં અશકય છે. પ્રથમ દૃષ્ટિએ ક્રૂર તથા અમાનવીય જણાતાં પાત્રો જ તેમની નવલકથામાં કેન્દ્રસ્થાને હોય છે. પોતાની નાનકડી બાળકીની ક્રૂર હત્યા કરનાર મા, પ્રેમિકાને મારી નાખનાર પ્રેમી, પતિની પ્રેમિકાના મૃતદેહ પર ચપ્પુના ઘા કરી તેને કદરૂપું બનાવી દેનાર પત્ની, ભડકે બળતી માને નિરાંતે જોઈ રહેનાર દીકરી જેવાં અનેક પાત્રો મોરિસનની સાહિત્યસૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવે છે. 'તમે આવાં માનસિક રીતે અસ્વસ્થ પાત્રો કેમ સર્જયાં છે'. એવા પ્રશ્નના જવાબમાં મોરિસને એક વાર જણાવેલું કે તેમને રોજિંદા જીવનમાં મળતાં સામાન્ય મનુષ્યો આકર્ષતા નથી. અને વળી તેમનાં માનસિક રીતે અસ્વસ્થ દેખાતાં પાત્રોનાં ઊંડાણમાં ડોકિયું કરો તો

લાગશે કે તેમની આ અસ્વસ્થતા, હિંસક વૃત્તિનાં મૂળ દુનિયાએ તેમને કરેલ અન્યાયમાં છે. મોરિસનના ઘણા વિવેચકોએ તેમના નીતિનિરપેક્ષ દષ્ટિકોણની અવારનવાર નોંધ લીધી છે. મોરિસન પોતાનાં પાત્રોને ન્યાયાધીશની અદાથી ક્યારેય મૂલવતાં નથી. તેમને તેઓ એક મિત્ર કે ડૉકટરની સહાનુભૂતિ સાથે તપાસે છે, અને મહદ્ અંશે અધમમાં અધમ, ક્રૂરમાં ક્રૂર કૃત્ય કરનાર તેમનું પાત્ર પણ વાચકની અનુકંપાને પાત્ર બની જાય છે! 'બ્લ્યૂએસ્ટ આઈઝ',માં પોતાની સગી દીકરી પર બળાત્કાર કરતા પિતા ચોલીના વ્યક્તિગત જીવનના અભાવો તથા માનસિક પ્રશ્નોના પૃથક્કરણની પાર્શ્વાદ્ભૂમાં લેખિકા વાર્તા કહેનાર પાત્ર ક્લોડિયાના મોંમાં ચોલી પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વાક્યો મૂકતાં જરાય અચકાતાં નથી. ક્લોડિયા કહે છે, 'ચોલીએ તેને (૧૧ વર્ષની દીકરી પિકોલાને) પ્રેમ કર્યો હતો. એક એ જ એવો હતો જેણે તેને પ્રેમ કર્યો હતો– તેને સ્પર્શવા જેટલો, પોતાનામાં એકાકાર કરવા જેટલો, પોતાની જાતનો કંઈક અંશ તેને આપવા જેટલો. તેનો પ્રેમ ઘાતકી નીવડયો અને પેલીને ગાંડપણનો અભિશાપ આપતો ગયો તેમાં ચોલીનો શો વાંક ? પ્રેમ પ્રેમી કરતાં વધુ સારો તો ન જ હોઈ શકે ને!' 'સુલા'ની સ્વચ્છંદિતાને પણ જાણે લેખિકા સ્ત્રીસહજ સમજણભરી રીતે છાવરે છે, તો વળી 'ટાર બેબી' જેવી સ્ત્રીપ્રધાન નવલકથાની નાયિકા જેડીન પોતાના પતિને છોડી જાય તેમાંય તેમને કશું અજૂગતું લાગતું નથી. 'બીલવ્ડ'ની નાયિકા સીથના પોતાની નિર્દોષ બાળકીની કરપીણ હત્યાના કૃત્યને પણ મનોવૈજ્ઞાનિક સ્પર્શ દ્વારા લેખિકા સ્વીકાર્ય બનાવી દે છે. 'જો મેં તેને મારી નાખી ન હોત તો મોટી થતાં લોકો તેને પીંખી નાખત' – મૃત બાળકીની મા સ્પષ્ટતા કરે છે!

ટોની મોરિસનની નવલકથાના સ્વરૂપ અંગે વિવેચકોમાં મતભેદ પ્રવર્તે છે. તેમની નવલકથઓ સુગ્રથિત હોવા છતાં તેમનો અંત એટલો પ્રભાવશાળી હોતો નથી તેટલું જ નહીં, પણ તેમની નવલકથાનો અંત સંદિગ્ધ હોય છે; તે અર્થના આરોપો તેમના પર મુકાતા રહ્યા છે. શું વિવેચકોનું આ અવલકોન સાચું છે ? ક્રિસ્ટીના ડેવિસે એક ઈન્ટરવ્યૂમાં કરેલ પ્રશ્નનો ઉત્તર મોરિસને નીચે પ્રમાણે આપ્યો હતો :

"હા, એ વાત સાચી છે કે મારી નવલકથાઓનો કોઈ નિશ્ચિત અંત નથી હોતો...હું મારી નવલકથાઓના અંતે સંભાવનાનાં બારણાં બંધ કરી દેવા માગતી નથી. પાત્રો પાસે જ્યારે ઘણી બધી સંભાવનાઓ હોય ત્યારે તેમને માટે તેમાંની એક સંભાવના પસંદ કરી આપી હું તેમની સ્વતંત્રતા ઝૂંટવી લેવા માગતી નથી....મારી નવલકથાના અંતની સંદિગ્ધતા સપ્રયોજન હોય છે, કેમ કે નવલકથાના અંત સાથે બધું પૂર્ણ થઈ જતું હોતું નથી. જીવન તો શાશ્વત છે. વાચકે વિચારવું ઘટે. તેણે પણ નવલકથામાં ભાગ લેવો ઘટે...હું મારા વાચકોને માન આપું છું.. કે મારી નવલકથાને એક નિશ્ચિત અંત આપી જેને માન આપું છું તે વાચકને કઈ રીતે કહી શકું કે 'આ છે જીવન, સમજ્યા ?' મારો અંતિમ નિર્ણય જાહેર કરીને હું તેમના માટે સંભાવનાનું બારણું ધબ દઈને બંધ ન જ કરી શકું. કેમ કે કોઈ મારી સાથે એવું વર્તન કરે તેમ હું નથી ઇચ્છતી."

ઊર્મિમય રીતે આફ્રો–અમેરિકન અનુભવ વ્યક્ત કરવાની કલા મોરિસનની વિશેષતા છે. પણ અશ્વેત સમાજના પ્રત્યક્ષ અનુભવ, તેમના સંગીત, તેમની અંધ શ્રદ્ધાઓ, તેમની માન્યતાઓ, રિવાજો વગેરેમાંથી જન્મતી તેમની નવલકથા સમસામયિકતા વટાવીને વાચકને વૈશ્વિક અનુભવ તરફ દોરી જાય છે, અને તેમની આ વિશેષતા જ તેમને સમયાતીત બનાવી રહેશે.

★ ★ ★

ટોની મોરિસનની કલાની જે ચર્ચા આગળ થઈ ગઈ છે તેની પુષ્ટિ રૂપે તેમની અત્યંત લોક-પ્રિય નવલકથા 'બીલવ્ડ'ની ચર્ચા અહીં અસ્થાને નહીં ગણાય. 'બીલવ્ડ' નવલકથાને ઘણા અવોર્ડ્ઝ પ્રાપ્ત થયા છે. ૧૯૮૭માં જ્યારે તે નવલકથા પ્રકાશિત થઈ ત્યારે તેને ખૂબ સરસ પ્રતિભાવ સાંપડેલો. પ્રસિદ્ધ કેનેડિયન નવલકથાકાર માર્ગરેટ એટવુડે ન્યૂ યોર્ક ટાઈમ્સમાં આ નવલકથાની સમીક્ષા કરતાં લખેલું, ટોની મોરિસનની પાંચમી નવલકથા તેમની નિશ્ચિત સફળતા લઈને આવી છે. જો કોઈને ટોનીના સર્વશ્રેષ્ઠ અમેરિકન નવલકથાકાર હોવા વિશે સ્હેજે શંકા હોય તો તે આ નવલકથા દ્વારા દૂર થશે...આ નવલકથા પ્રેતાત્માઓ તથા જાદુ જેવાં તત્ત્વોથી ભરપૂર છે. પરંતુ જો તમે તેનું પ્રથમ પૃષ્ઠ સ્વીકારી શકો– ટોની મોરિસનની ક્ષમતા તમને તેમ કરવા ફરજ પાડી દે છે– તો સમગ્ર નવલકથામાં બનતી બધી જ ઘટનાઓ તમે સ્વીકારી શકો. તમે નવલકથામાં એવા તો ઓતપ્રોત થાવ છો કે તે સ્વીકાર્યે જ છુટકો."

મોરિસનની આ નવલકથાનું મુખ્ય કથાનક છે ગુલામી. સામાન્ય રીતે તેમની નવલકથાઓ પાત્રોની હાજરીથી ધમધમતી હોય છે, પણ આ નવલકથા દરમ્યાન એટલે કે ૧૮૭૩ સુધીમાંઅડધા ઉપરાંત પાત્રો મૃત્યુ પામે છે. નવલકથાનું વાતવરણ ગંભીર, ગમગીન, તથા દુઃખપૂર્ણ છે. જે પાત્રો જીવે છે તે પણ ગુલામીની ભૂતાવળમાં લગભગ મૃતપ્રાય રીતે જ જીવે છે.

'સ્વીટ હોમ'ના કેદીઓના જીવનની આ વાત છે. તેમાંનો દરેકે દરેક મુક્ત જિંદગી ઝંખે છે. બેબી સગ્સ, હેલે, પોલ એ, પોલ ડી., પોલ એફ,. સીકસો, સેથ જેવાં વિચિત્ર નામો ધરાવતાં આ બધાં ગુલામ પાત્રો મુક્ત હવામાં શ્વાસ લેવાના સ્વપ્ન સાથે જીવે છે. અને તેમાંનો એક, હેલે, તો પોતના માલિક સાથે સોદો કરે છે. પોતાના થોડા કલાક વેચીને તે પોતાની મા બેબી સગ્સ માટે થોડો સ્વતંત્ર સમય ખરીદે છે. તેની માને આશ્ચર્ય થાય છે. તેના જેવી બુઢ્ઢી વળી સ્વતંત્રતાનું શું કરશે ? પરંતુ જ્યારે પુત્રે ખરીદેલ સ્વતંત્ર સમયમાં તે ઓહાયો નદીના કાંઠે ઊભી રહે છે ત્યારે તેને સમજાય છે કે તેનો પુત્ર હેલે કે જેણે પોતાનો એકેય શ્વાસ મુક્ત હવામાં લીધો નહોતો તે જાણતો હતો કે વિશ્વની અન્ય કોઈ ચીજ મુક્ત હવાની તોલેઆવી શકે તેમ નહોતી !

ગુલામીમાંથી મુક્ત થવા મથતા આ બધાં પાત્રો જીવ સટોસટની બાજી રમવા તૈયાર હતા. 'સ્વીટ હોમ'માંથી ભાગી છૂટવાનો નિષ્ફળ પ્રયાસ કરવા માટે એક જ સજા હતી– મોત. પણ

(અનુસંધાન પાન ૪૨૮ ઉપર)

સાહિત્યસંપર્ક

સાહિત્યિક સંજ્ઞાઓ

ઈમેજ : કલ્પન

સમકાલીન અંગ્રેજ કવિ ફિલિપ લાર્કિનનું 'ધી ઓલ્ડ ફૂલ્સ' નામનું જાણીતું કાવ્ય છે. એમાં એ વૃદ્ધત્વની વાત કરતાં એક પંક્તિ મૂકે છે : રાખ જેવા વાળ, બુઠ્ઠા હાથ, સુકાઈ ગયેલા કરચલીઆળા ચહેરા (ash hair, toad hands, prune face dried into lines)

એમ કહી શકાય કે આ બધાં કલ્પનો, આ બધી ઈમેજીઝ છે. જયારે એ જ કાવ્યમાં એક -બે પંક્તિઓ પહેલાં વૃદ્ધત્વની આ કરમાયલી અવસ્થા સામે જીવનનો, અસ્તિત્વનો, માત્ર અહીં હોવાનો અભરેભર્યા નકરા આનંદનો ઉલ્લેખ છે, જયાં લાર્કિનની પંક્તિ છે, અહીં હોવાનું એ સહસ્રદલ પુષ્પ (The million-petalled flower/of being here) આ સહસ્રદલ પુષ્પ એ કલ્પનથી આગળ વધી પ્રતીક બને છે. કેમ ?

એનાં એકથી વધુ કારણો છે. એક તો આ કે તે છૂટક ઉલ્લેખ, રેફરન્સને છોડી કોઈ અમુક સહિયારા અર્થસંકુલ તરફ નિર્દેશ કરે છે. બીજું, આ સહસ્રદલ પુષ્પ એ કવિતાની પરંપરામાં મધ્યકાલીન સમયથી માંડી વારંવાર રિકરન્ટ રીતે, વપરાતું આવ્યું છે. આ બધાં પ્રતીકનાં લક્ષણો છે. કલ્પન અને પ્રતીક વચ્ચે પરસ્પર વિરોધ નથી. સહસ્રદલ પુષ્પ મૂળ તો કલ્પન જ છે. તે કલ્પનને અમુક રીતે, અમુક સંદર્ભમાં પ્રયોજવામાં આવે ત્યારે તે પ્રતીક બને છે. વળી, પ્રતીક અને પ્રતીકોની ચર્ચા આપણને કલ્ચર, સંસ્કૃતિના શાસ્ત્ર તરફ દોરી જાય છે, જ્યારે કલ્પન, કલ્પન શ્રેણીની ચર્ચા આપણને વૈયક્તિક જ્ઞાનપ્રક્રિયા (epistemology) તરફ દોરી જાય છે.

કલ્પનની ચર્ચામાં સ્પષ્ટ રહેવા જે એક પ્રથમ ચરણનો આપણે આગ્રહ રાખવો જોઈએ તે એ છે કે કલ્પન કે કલ્પનો માત્ર કાવ્યમાં, સાહિત્યમાં જ મળે છે, વપરાય છે તેવું નથી. કલ્પન આપણે રોજ-બરોજનાં વાણીવ્યવહારમાં પણ એટલાં જ વાપરીએ છીએ. હું એનું માથું ભાંગી નાખીશ કહીએ ત્યારે આપણે કલ્પન જ વાપરીએ છીએ. કલ્પન એ ભાષા અને એ દ્વારા જે કાંઈ કહેવાય છે તે અર્થ, તે બે છેડાને જોડતી મનમાં જન્મતી સામગ્રીમાં પડેલાં પાયાના ઘટક, units, છે.

કલ્પન અને કલ્પના અથવા કલ્પના-વ્યાપાર, (image અને imagination) એ કાવ્યશાસ્ત્ર જ નહીં પણ ભાષાશાસ્ત્ર અને તેથી આગળ ધર્મ, સમાજ પ્રત્યાયન વ્યાપાર, એમ અનેક છેડાને સ્પર્શતી આંતરશાસ્ત્રીય ચર્ચા, ઈન્ટરડિસિપ્લિનરી અભ્યાસો માટે કેન્દ્રવર્તી ઘટકો છે.

એક બાજુ મન અને બીજી તરફ બાહ્ય જગત, એમ કલ્પીએ તો મન બાહ્ય જગતને પંચેન્દ્રિયો દ્વારા પામે છે, ગ્રહણ કરે છે. એ પંચેન્દ્રિયો દ્વારા મન ઉપર બાહ્યજગતની, ઊપસતી રહેતી, ઊપસતી જતી છાપો, (impressions) એ કલ્પનો છે.

કલ્પનનો આ પ્રાથમિક અર્થ છે. પછી બીજે તબક્કે મન આ કલ્પનોને સ્મૃતિમાં સંગ્રહે છે, તે ઉપર અનુભવનો, તર્ક અને લાગણીના તરંગોનો, ઢોળ ચઢે છે. સુષુપ્ત રીતે તે પર ચેતનાનુંકાર્ય ચાલતું રહે છે. કાવ્યમાં, સાહિત્યમાં જે ચમત્કૃતિભર્યું કલ્પન છતું થાય છે તેને આ બહુધા અજ્ઞાત રહેતા મનોવ્યાપાર સાથે સંબંધ છે.

આટલું દર્શન એસ.ટી. કોલરિજનું છે. કલ્પન અને કલ્પનાવ્યાપાર, એ ક્ષેત્રમાં કોલરિજનું મુખ્ય પ્રદાન છે. અને તેનો આખોય ઝોક વિજ્ઞાનવિરુદ્ધ કાવ્ય/કલા, એની બે નોખાનોખા પ્રકારની જ્ઞાનોપાર્જનની પ્રક્રિયાઓની વિગતમાં ઊતરવાનો રહ્યો હતો. કાવ્યમાં કલ્પન જે રીતે વપરાય છે, અને તે વ્યાપાર એટલે કે કલ્પનાવ્યાપારને પરિણામે જે નિષ્પન્ન થાય છે, તે પણ જ્ઞાન છે, તેટલું પ્રતિપાદન કરવા સાથે કોલરિજને અને તેના સમકાલીન કવિકુલ વર્ડ્ઝવર્થને, શેલીને, કીટ્સને ઘેરી નિસબત હતી. દેખીતું છે આ આખીય ચર્ચા કાવ્યશાસ્ત્રની સીમાઓ છોડી મૂલ્યચર્ચા તરફ જતી જાય છે, અને તે રીતે પાશ્ચાત્ય વિચારવિશ્વમાં આજ સુધી પડઘાતી રહે છે.

કલ્પન અને પ્રતીકની ચર્ચા જરા ડહોળાઈ જવાનાં એકબે કારણો છે. એક તો એ કે એ ખુદ કાવ્યચર્ચામાં આપણે જોયું તેમ કંઈક બહારથી આવેલા ઘટકો છે. પશ્ચિમમાં કાવ્યશાસ્ત્ર આમ પ્રત્યક્ષ રીતે ઘડાતું જતું શાસ્ત્ર છે; જ્યારે કદાચ સંસ્કૃત કાવ્યશાસ્ત્ર સાથેના આપણા સ્થાયી સંબંધને લીધે આપણને કાવ્યશાસ્ત્ર હમેશ માટે સ્થિર, સ્થપાયલી જ્ઞાનની પ્રશાખા હોવાનો ખ્યાલ છે. પશ્ચિમમાં ખુદ કોલરિજ પણ કંઈક જર્મન વિચારમાંથી, કંઈક અન્ય પરંપરામાંથી, એમ અંકોડા મેળવતો ચાલે છે. એટલે કલ્પન જેવા ઘટકને કાવ્યશાસ્ત્રની ચર્ચામાં મહત્ત્વ મળી જાય છે તો તે સમગ્ર પશ્ચાત્ય સંદર્ભને લીધે. હવે પાછું વળી જોતાં તે એક અકસ્માત તરીકે પણ લેખાય. જો પશ્ચિમ માટે એ સાચું છે તો આપણે માટે તો વળી વધુ સાચું હોવું જોઈએ.

બીજું, કલ્પન અને પ્રતીક, બન્ને ઘટકો કાવ્ય-વિવેચનમાં જેટલું મહત્ત્વ પામ્યા તેટલું જ મહત્ત્વ તે કાવ્યના ઇતિહાસમાં પણ પામ્યા. કેમકે પશ્ચિમમાં તે બન્નેને કેન્દ્રમાં રાખી વિસ્તરતી કાવ્યલેખનની પ્રકૃત્તિના, ઉલ્લેખ સાથે પણ સંકળાયલા છે. આમ, કલ્પનવાદી કવિતા લખાઈ, તેમજ પ્રયોગવાદી કવિતા પણ રચાઈ, અને આ બન્ને નો પ્રભાવ પણ રહ્યો. મોડર્નિસ્ટ સાહિત્ય, એલિયટ, પાઉંડ, જોય્યસ, એમનું સાહિત્ય આ બન્ને પ્રકારના સર્જનાત્મક અભિગમની ફલક્ષતિરૂપે છે.

આ તો પશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર કરતાં પાશ્ચાત્ય કાવ્યના ઇતિહાસનાં પાસાં છે, પણ અત્યાર પૂરતું એ નોંધી લઈએ કે કલ્પન અને પ્રતીક વચ્ચેનો ભેદ અહીં પણ છતો થાય છે. વીસમી સદીના પહેલા બેએક દસકામાં ઍંગ્લો-અમેરિકન કવિતામાં જે ઊપસી રહ્યો તે કલ્પનવાદી કાવ્યપ્રવાહ તે પહેલાં ઓગણીસમી સદીમાં, ખાસ કરીને ફ્રાન્સમાં વિકસેલા પ્રતીકવાદી કાવ્યપ્રવાહથી જુદો રહ્યો. કલ્પનવાદી કવિતા નક્કર, વિશદ, એકાગ્રતાભર્યા લઘુત્વ વાળા, વર્ણનાત્મક કાવ્યાદર્શ તરફ ઢળી; તો પ્રતીકવાદીકવિતા બહુધા વિસ્તરતા જતા, છેવટના અર્થમાં કંઈક અસ્પષ્ટ રહેવા જતા, કેન્દ્રથી બહિર્ગામી, પ્રસ્તાર તરફ ઝૂકતા, સૂચ્યાર્થ (suggestion) તરફદોરાતા કાવ્યાદર્શતરફ ઢળી. આ ઐતિહાસિક રીતના ભેદોને મૂલ ઘટકોની કલ્પન અને પ્રતીકની અર્થછાયા સાથે સીધો સંબંધ છે.

-ડૉ. દિગીશ મહેતા

જાણીએ જોડણી

રામજીભાઈ પટેલ

નિયમ ૫૧ : મુદ્દા નોંધતા કે વર્ગીકરણ કરતાં ગુજરાતીમાં અ,બ,ક,ડ કે એ.બી.સી.ડી. નહીં પણ ક,ખ,ગ,ઘ, એ ક્રમાક્ષર રાખવા.

દાખલા : ધોરણ ૧૦ અ, ૧૦ બ, ૧૦ ક, નહીં પણ ધોરણ ૧૦ ક, ૧૦ ખ, ૧૦ ગ; એક હતો અ અને એક હતો બ નહીં, પણ એક હતો ક અને એક હતો ખ. પેટા પ્રશ્નના વિભાગ અ, બ, ક, ડ, ઈ, ફ નહીં પણ ક, ખ, ગ, ઘ, ઙ, ચ, વગેરે. નોંધ : (ક) અ, બ, ક, ડ, એ અંગ્રેજી બારાખડી એ.બી.સી.ડી.નો આંધળો અનુવાદ ગણાય. અંગ્રેજીમાં ક્રમસૂચક વર્ણ (A.B.C.D.)હોય તે બરાબર છે, પણ ગુજરાતીમાં તો ગુજરાતી વર્ણમાળા મુજબ અક્ષરો પસંદ કરવા જોઈએ. અંગ્રેજી વર્ણમાળામાં સ્વર ને વ્યંજન ભેગા છે, જ્યારે ગુજરાતીમાં જુદા છે. એટલે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, –એ સ્વરો અને ક,ખ, ગ, ઘ, ઙ, ચ, છ –વગેરે વ્યંજનો પૈકી પસંદગી કરવાની રહે. વધુ સંખ્યાવાળા તથા દેખાવોચ્ચારમાં વધુ ભિન્નતા ધરાવતા વ્યંજનો પસંદ કરવા વધુ અનુકૂળ છે. ક, ખ, ગ, ઘ,ની પ્રથા અલ્પ વપરાશમાં પણ છે. મુખ્ય વર્ગીકરણ માટે ક, ખ, ગ, ઘ, ઙ, એ ક્રમ રાખવો અને તેના પેટા તરીકે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, પ્રયોજી શકાય

(ખ) આમાં ક્રમશઃ બધા જ વર્ણ વાપરવા જોઈએ. ઙ, ञ, ષ, ઋ, જેવા વર્ણ જ્યાં સુધી વર્ણમાળામાં છે ત્યાં સુધી તેમના ક્રમમાં તેમને સ્થાન આપવું જોઈએ. કેટલાંક રાખે ને કેટલાંક ન રાખે એ એકવાકયતાની દૃષ્ટિએ બરાબર નથી.

(ગ) રેલવે ખાતું, તારટપાલ ખાતું, આવકવેરા ખાતું વગેરેએ આ સુધારો અપવાની લીધો છે, પણ આપણી શિક્ષણસંસ્થાઓ હજી બીજાઓ આ સુધારો અપનાવી લે તેની રાહ જુએ છે !

નિયમ ૫૨ : એન્ડ, બ્રધર્સ, સન્સ, વાયા, મિસ્ટર, મેસર્સ, ટાપ્ટી, બરોડા, બલસાર, અહમેડાબાદ, બ્રોચ, કેમ્બે, દેહગામ, મેહસાના, જેવા શબ્દપ્રયોગો અંગ્રેજીની ખોટી અસરવાળા હોઈ તેવી જગ્યાએ મૂળ ગુજરાતી શબ્દો જ વાપરવા.

દાખલા : નિયમમાં દર્શાવેલ શબ્દોને બદલે અનુક્રમે અને/ને, ભાઈઓ/બંધુઓ, પુત્રો/સંતાન/દીકરા, થઈને, શ્રી, (એકથી વધુ હોય તો) સર્વશ્રી, તાપી, વડોદરા, વલસાડ, અમદાવાદ, ભરૂચ, ખંભાત, દહેગામ, મહેસાણા, વગેરે.

નોંધ :(ક) પ્રદેશ, નદી, ગામોનાં નામો અંગ્રેજોએ એમના ઉચ્ચારણની અનુકૂળતા ખાતર બદલી નાખેલાં તે રેલવે ખાતાએ સુધારી મૂળ પ્રાદેશિક ભાષા મુજબ જ અંગ્રેજી ભાષામાં પણ ચાલુ કર્યાં છે. તેથી પ્રાદેશિક ભાષાઓનું ગૌરવ વધ્યું છે. આ રીતે પૂનાને પૂણે બોમ્બેને મુંબઈ કહેવાય તે ઉચિત છે. કચ્છનું અંગ્રેજી પણ કચ્છ જ કરાય, કત્ચ નહીં, મહેતાનું અંગ્રેજી મહેતા જ થાય, મેહતા નહીં.

(ખ) શ્રી પછી પૂર્ણવિરામ આવશ્યક નથી. શ્રી સ્વતંત્ર શબ્દ જ છે, શ્રીયુત/શ્રીમતી નો સંક્ષેપમાત્ર નહીં. મેસર્સ એક વ્યક્તિ માટે ન વપરાય, મેસર્સ એ મિસ્ટરનું બહુવચન છે. હકીકતમાં નિયમ પાંચની નોંધ (ઘ) મુજબ અંગ્રેજી શબ્દોનાં બહુવચની રૂપ ગુજરાતીમાં અપનાવવા જેવાં નથી.

(ગ) મરાઠી ભાષામાં એન્ડ કરતાં આણિ વધુ વપરાય છે. આપણે પણ એન્ડ છોડી 'અને' વાપરી શકીએ. આવું જ બીજા શબ્દો માટે પણ થઈ શકે.

નિયમ ૫૩ : અંગ્રેજી શબ્દ Theના બે ઉચ્ચાર થાય છે. ધી તથા ધ. Theપછીનો શબ્દ સ્વરોચ્ચારથી શરૂ થતો હોય તો 'ધી' અને વ્યંજનોચ્ચારથી શરૂ થતો હોય તો 'ધ' કરવો.

દાખલા : ધી ઈમિટેશન ઓવ ક્રાઈસ્ટ , ધી અમ્પાયર, ધી એલિફન્ટ, ધ બૅંક ઓવ બરોડા, ધ સિટી, ધ કૉલેજ વગેરે.

નોંધ : (ક) ધી મહેસાણા ડિસ્ટ્રિક કો. ઓ. બૅંક લિ.માં ધી નહીં, ધ જોઈએ. કેમ કે ધી પછી વ્યંજન છે. આ રીતે વડનગર નાગરિક બૅંક પૂર્વે ધ આવે, પરંતુ ઊંઝા નાગરિક બૅંક પૂર્વે ધી આવે ! ધી લક્ષ્મી મિલ ન ચાલે, ધ લક્ષ્મી મિલ થઈ શકે; પરંતુ માત્ર લક્ષ્મી મિલ કે શ્રી લક્ષ્મી મિલ લખાય તો વળી વધુ ઉચિત ગણાય.

(ખ) ofનાં પણ બે ઉચ્ચારણ પ્રચલિત છે. ઑફ અને ઓવ. વળી, આવી ઑફ–ઓવવાળી વાક્યરચના જ ગુજરાતી ગણવી મુશ્કેલ છે. એટલે બૅંક ઑફ બરોડાને ગુજરાતીમાં વડોદરા બૅંક કહેવું જોઈએ. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, ધ ટાઈમ્સ ઑફ ઈંડિયા–આવાં નામ ગુજરાતીમાં શોભતાં નથી !

(ગ) એ જ રીતે કૉલેજ ફૉર વિમેન, હોસ્ટેલ ફૉર લેડીઝ, વોટ ફૉર કૉંગ્રેસ જેવા 'ફૉર'વાળા શબ્દપ્રયોગો પણ ગુજરાતી ન ગણાય.

આવા બીજા થોડા વધુ નિયમો પણ તારવી શકાય. પરંતુ આ પ્રયત્નપૂર્વક કરવું પડે છે. સરળતાથી નિયમો લાધતા નથી. નિયમ ૫૦,૫૧,૫૨,૫૩ આવી રીતે સત્તાવાર નિયમ તરીકે કદાચ પહેલી વાર આવી નિયમાવલીમાં મુકાયા છે.

(ક્રમશઃ)

આ અંક આકસ્મિક સંજોગોને કારણે ખૂબ વિલંબથી પ્રકટ થયો છે તે બદલ ક્ષમાપ્રાર્થી છીએ. ડિસેમ્બરનો અંક ૨૦મીએ પ્રકટ થશે તેની સહુએ નોંધ લેવી.

– તંત્રી



જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
મનખાદેહ તારો એમ એળે ગયો,
માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.

નરસિંહ મહેતા

તાજેતરમાં જેમને ૧૯૮૯નો શ્રી રણજિતરામ ચંદ્રક એનાયત થયો તે

વિનોદ ભટ્ટ

ગુજરાતી હાસ્ય સાહિત્યની ઉજ્જ્વળ પરંપરામાં શ્રી વિનોદ ભટ્ટ એક વિશિષ્ટ નામ છે. માત્ર ગુજરાતમાં નહિ, ગુજરાતની બહાર મુંબઈમાં અને હિંદીભાષી પ્રદેશોમાં પણ વિનોદલહર પ્રસરી ચૂકી છે.

ઉત્તરાયણના શુભ પર્વે (૧૪-૧-૧૯૩૮) આ અવની પર ઊતરી આવેલા (નાંદોલ ગામ, જિ. અમદાવાદ) વિનોદનું નામકરણ કરનાર એમનાં ને ફોઈબાની દીર્ઘદૃષ્ટિને ધન્યવાદ આપવા જોઈએ. વિનોદે એમના વ્યક્તિત્વથી, વક્તવ્યથી અને લેખનથી સ્વનામ એવું તો સાર્થક કરી બતાવ્યું છે કે, આપણા પ્રમુખ હાસ્યકાર શ્રી જ્યોતીન્દ્ર દવેએ તેની નોંધ લેતાં કહ્યું છે કે, 'ગુજરાતને વિનોદ એ નામનો લેખક ને એ નામનો રસ એક જ વ્યક્તિમાં મળી ગયો છે.'

વિનોદનાં માતા જયાબહેન જશવંતલાલ ભટ્ટ; પિતા જશવંતલાલ ઉર્ફે ભવાનીશંકર લક્ષ્મીશંકર ભટ્ટ. શાળા કોલેજનું શિક્ષણ અમદાવાદમાં.



અર્થશાસ્ત્ર ને રાજ્યશાસ્ત્રના વિષયો સાથે બી.એ. થયેલા, એડવોકેટની ઉપાધિ પામેલા, ટેકસ કન્સલ્ટન્ટના વ્યવસાયમાં રાગે પડેલા વિનોદ ભટ્ટ હાસ્યક્ષેત્રમાં કયાંથી ખેંચાઈ આવ્યા તે એક આશ્ચર્ય છે. લગભગ ત્રણ દાયકા પહેલાં, ઇ.સ. ૧૯૬૨માં 'પહેલું સુખ તે મૂગી નાર' એ નાનકડું પુસ્તક પ્રગટ કરીને હાસ્યક્ષેત્રે છીંડું સોધવાનો તેમણે પ્રયાસ કર્યો; પણ એમનું સદ્ભાગ્ય એવું કે 'છીંડું શોધતાં લાધી પોળ.' – એમ આખું હાસ્યક્ષેત્ર એમને ખેડવા માટે મળી ગયું.

આરંભમાં નાના વિનોદી ટુચકા, પ્રસંગોથી ફેરી કરનારા શ્રી વિનોદ ભટ્ટ આજે તો પેઢી ચલાવતા થઈ ગયા છે. ઇ.સ. ૧૯૬૨થી આજની તારીખ સુધીમાં એમના નામે નહિ નહિ તોયે પચાસ જેટલાં પુસ્તકો બોલે છે. એમનાં પુસ્તકોમાંની હાસ્યની ઊંચી ગુણવત્તાએ એમને અતિવિશાળ વાચકવર્ગમાં તેમજ વિદ્વાનોમાં અને વિવેચકોમાં સુખ્યાત કર્યા છે. 'ઇદમ્ તૃતીયમ્' (૧૯૭૩)થી એમની લાક્ષણિક વિનોદી મુદ્રા ઊપસવા માંડી અને જોતજોતામાં He came, he saw, he conqured. – એમની કલમે એવું તો કામણ કર્યું કે હાસ્ય ક્ષેત્રે એ છવાઈ ગયા.

આપણા ગણનાપાત્ર હાસ્યલેખકોમાં વિનોદનો એક નોખો-અનોખો અવાજ છે. એમણે હાસ્યના પ્રકારો ખેડવામાં જે વૈવિધ્ય અને



બર્મ્યુડા અને પાસેના સમરસેટ ટાપુને જોડતો આ સમરસેટ બ્રિજ દુનિયામાં કદાચ નાનામાં નાનો પુલ હશે. આ ડ્રૉ-બ્રિજની મધ્યમાં દોઢેક ફૂટનો એક ગાળો છે જેના ઉપર એક પાટિયું ઢંકાએલું રહે છે. અહીંના પાણીમાંથી જ્યારે કોઈ સઢવાળી હોડી પસાર થાય ત્યારે આ પુલથી યે ઊંચે જતા એના કુવાથંભ ઉપરના સઢને સંકેલી લઈ જાળવીને તેને પુલ વચ્ચેના ગાળા ઉપરનું પાટિયું ખસેડી લઈ તેમાંથી તેને પસાર કરવો પડે છે.

વૈશિષ્ટ્ય આણ્યું છે તેમાં તેમની અ-પૂર્વતા છે; અને અદ્વિતીયતા પણ છે.

એમણે ટૂંકી કટાક્ષકથાઓનો પ્રકાર 'ઇદમ્ તૃતીયમ્' (૧૯૭૩) અને 'ઇદમ્ ચતુર્થમ્' (૧૯૭૫)માં સામર્થ્યપૂર્વક ખેડ્યો. 'ઇદમ્ તૃતીયમ્'ની એમની ચોટદાર કથાઓને બિરદાવતાં વિવેચક શ્રી યશવંત શુક્લે નોંધેલું કે 'એકશું લાંબું તાણતાં નથી. એ સોંસરા ઊતરે છે અને લક્ષ્યવેધ કરે છે.' 'ઇદમ્ ચતુર્થમ્'માં એક શક્તિશાળી પેરડીકાર તરીકે તે પ્રતીત થાય છે. 'વિનોદની નજરે' એ એમનું ખૂબ ચર્ચાયેલું, પંકાયેલું પુસ્તક છે. એમાં આલેખાયેલાં કેટલાંક વિશિષ્ટ વ્યક્તિઓનાં રેખાચિત્રોએ સાહિત્યજગતમાં ભારે ઊહાપોહ મચાવેલો. પણ એક નીડર, તેજસ્વી અને ઉચ્ચ કોટિના હાસ્યકાર તરીકે એમની કળા એ પુસ્તકમાં ઝળકી ઊઠે છે. રસિક, હળવી, કટાક્ષમય, પ્રસંગોપાત્ત કાવ્યમય અને વિવિધ પ્રકારની શૈલીનો આહ્લાદ એ પુસ્તક જ આપી શકે. આ પુસ્તકે એમને 'કુમાર' ચંદ્રકનું ગૌરવ અપાવ્યું હતું.

વિનોદ ભટ્ટે નિબંધિકાના સ્વરૂપને પણ આસાનીથી મનોરમ રીતે લડાવ્યું છે. એમની સૂક્ષ્મ હાસ્યકાર તરીકેની શક્તિનો પરિચય 'નરો વા કુંજરો વા' (૧૯૮૪) અને 'ભૂલચૂક લેવીદેવી' (૧૯૯૦)માં મળશે. નિંબધિકાઓના ખેડાણમાં પણ એમનું વષિય-રીતિનું વૈવિધ્ય-વૈચિત્ર્ય આસ્વાદ્ય બની રહે છે.

'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો' (૧૯૭૨) એમનું હાસ્યકાર તરીકેનું વળી એક નવું પાસું રજૂ કરે છે. એમની હળવી માર્મિક શૈલી માણવા માટે આ પુસ્તક જોવું પડે.

'અમદાવાદ એટલે અમદાવાદ' (૧૯૮૫)માં આ અમદાવાદી લેખકે આધુનિક અમદાવાદની પ્રકૃતિ અને સંસ્કૃતિની સ-રસ છબિ પ્રસ્તુત કરી છે.

વિનોદ ભટ્ટનાં બધાં પુસ્તકો વિશે લખવાનો અહીં ઉપક્રમ નથી. એમણે હાસ્યકૃતિઓનાં સંખ્યાબંધ સંપાદનો કર્યાં છે; તેમાં હિંદી, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓની નીવડેલી કૃતિઓનાં સંપાદનો એ હાસ્યકાર તરીકેની તેમની કીમતી સેવા છે. ગુજરાતી વાચકને અન્ય ભગિની ભાષાઓમાં હાસ્ય કેવું ખેડાય છે તેનો અંદાજ આપવા માટે આ પુસ્તકો ખાસ ઉપકારક બને તેવાં છે.

હાસ્યકાર વિનોદ ભટ્ટ હાસ્યવિદ છે એની સાક્ષી એમનું હાસ્યવિવેચનનું પુસ્તક 'વિનોદવિમર્શ' (૧૯૮૭) પૂરશે. એમાં હાસ્ય, હાસ્યનાં વિવિધ સ્વરૂપો વગેરેની વિવેચના છે, પણ તેમાં હાસ્યકાર અછતો રહેતો નથી. હાસ્યની સુંદર સમીક્ષા કરતું ગુજરાતી સાહિત્યમાં આ વિરલ પુસ્તક છે.

વિનોદની કલમ અનેક રીતે ફળી છે. એમને અનેક ચંદ્રકો, પારિતોષિકો મળી ચૂક્યાં છે. ઇદમ્ તૃતીયમ્‌ની એમની 'સંદેશ'માં રવિવારે પ્રગટ થતી કટારે એમને વિશાળ પ્રશંસક વર્ગ મેળવી આપ્યો છે.

હાસ્યકાર વિનોદમાં વિનોદી પ્રસંગ – ટુચકા, વિટ, ચબરાકિયાં, પેરડી, શ્લેષ એ ભાથાનાં શસ્ત્રો છે. 'વિટ'ના તો એ સમ્રાટ છે. એમનું હાસ્ય કેટલાંકને ક્યારેક પજવે છે, મૂંઝવે છે, ખીજવે પણ છે, છતાં એ લોકલાડીલા અને સાહિત્યકારોના સ્નેહપાત્ર રહ્યા છે. લેખન અને વકતવ્ય બંને એમને સાધ્ય છે. એમના સંચાલનથી હાસ્યદરબારો, મુશાયરાઓ ગાજી ઊઠે છે.

ગુજરાતની હાસ્યધરા વિનોદથી હરિયાળી છે. મધુસૂદન પારેખ

રણજિતરામ ચંદ્રક-ધારકો

શ્રી ઝવેરચંદ મેઘાણી (૧૯૨૮), શ્રી ગિજુભાઈ બધેકા (૧૯૨૯), શ્રી રવિશંકર રાવળ (૧૯૩૦), શ્રી વિજયરાય વૈદ્ય (૧૯૩૧), શ્રી રમણલાલ દેસાઈ (૧૯૩૨), શ્રી રત્નમણિરાવ જોટે (૧૯૩૩), શ્રી સુન્દરમ્ (૧૯૩૪), શ્રી વિશ્વનાથ ભટ્ટ (૧૯૩૫), શ્રી ચંદ્રવદન મહેતા (૧૯૩૬), શ્રી ચુનીલાલ વ. શાહ (૧૯૩૭), શ્રી કનુ દેસાઈ (૧૯૩૮), શ્રી ઉમાશંકર જોશી (૧૯૩૯), શ્રી ધનસુખલાલ મહેતા (૧૯૪૦), શ્રી જ્યોતીન્દ્ર દવે (૧૯૪૧), શ્રી રસિકલાલ છો. પરીખ (૧૯૪૨), પંડિત ઓમકારનાથજી (૧૯૪૩), શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (૧૯૪૪), શ્રી ગુણવંતરાય આચાર્ય (૧૯૪૫), શ્રી ડોલરરાય માંકડ (૧૯૪૬), શ્રી હરિનારાયણ આચાર્ય (૧૯૪૭), શ્રી બચુભાઈ રાવત (૧૯૪૮), શ્રી સોમાલાલ શાહ (૧૯૪૯), શ્રી પન્નાલાલ પટેલ (૧૯૫૦), શ્રી જયશંકર 'સુંદરી' (૧૯૫૧), શ્રી કેશવરામ શાસ્ત્રી (૧૯૫૨), ડૉ. ભોગીલાલ સાંડેસરા (૧૯૫૩), શ્રી ચંદુલાલ પટેલ (૧૯૫૪), શ્રી અનંતરાય રાવળ (૧૯૫૫), શ્રી રાજેન્દ્ર શાહ (૧૯૫૬), શ્રી ચુનીલાલ મડિયા (૧૯૫૭), ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૯૫૮), શ્રી જયંતિ દલાલ (૧૯૫૯), ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (૧૯૬૦), શ્રી ઇશ્વર પેટલીકર (૧૯૬૧), શ્રી રામસિંહજી રાઠોડ (૧૯૬૨), ડૉ. હરિવલ્લભ ભાયાણી (૧૯૬૩), શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૬૪), શ્રી બાપાલાલ વૈદ્ય (૧૯૬૫), ડૉ. હસમુખ સાંકળિયા (૧૯૬૬), શ્રી ઝીણાભાઈ ર. દેસાઈ 'સ્નેહરશ્મિ' (૧૯૬૭), ડૉ. મંજુલાલ મજમુદાર (૧૯૬૮), શ્રી નિરંજન ભગત (૧૯૬૯), શ્રી શિવકુમાર જોશી (૧૯૭૦), ડૉ. સુરેશ જોશી (૧૯૭૧), શ્રી નટવરલાલ પંડ્યા 'ઉશનસ્' (૧૯૭૨), શ્રી પ્રબોધ પંડિત (૧૯૭૩), શ્રી હીરાબહેન પાઠક (૧૯૭૪), શ્રી રઘુવીર ચૌધરી (૧૯૭૫), શ્રી જયન્ત પાઠક (૧૯૭૬), શ્રી જશવંત ઠાકર (૧૯૭૭), ફાધર વાલેસ (૧૯૭૮), શ્રી મકરન્દ દવે (૧૯૭૯), કુ. ધીરુબહેન પટેલ (૧૯૮૦), શ્રી લાભશંકર ઠાકર (૧૯૮૧), (અંગત માન્યતા અનુસાર એમણે સાભાર અસ્વીકાર કર્યો હતો.) શ્રી હરીન્દ્ર દવે (૧૯૮૨), શ્રી સુરેશ દલાલ (૧૯૮૩), શ્રી ભગવતીકુમાર શર્મા (૧૯૮૪), શ્રી ચન્દ્રકાન્ત શેઠ (૧૯૮૫), શ્રી રમેશ પારેખ (૧૯૮૬), શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર (૧૯૮૭), શ્રી બકુલ ત્રિપાઠી (૧૯૮૮) (આપવો બાકી), શ્રી વિનોદ ભટ્ટ (૧૯૮૯).

❖ મન મોતી ઔર દૂધકા, તીનો એક સ્વભાવ; ❖
❖ ફાટે પીછે ના મિલે, કોટી જતન બનાવ. ❖

અમેરિકાના એક સર્જકની આ વાત છે. જિંદગીના સાઠ વર્ષ તે વટાવી ચૂક્યો હતો. સારું ધન કમાએલો. પોતાના એક નિકટના મિત્રને મુદ્રણયંત્રના વિકાસ માટે તેણે હજારો ડોલરની સહાય કરી. યંત્ર તો કદી અસ્તિત્વમાં આવ્યું જ નહિ, પણ મિત્રને મદદ કરનાર પેલો સર્જક નાદાર બની ગયો. હવે સાઠ વર્ષે શું કરવું ? પણ તે નિરાશ ના થયો. તેણે પુરસ્કાર લઈ પ્રવચન આપવા માંડ્યાં. આખી દુનિયામાં તે ઘૂમી વળ્યો. મુંબઈ અને કલકત્તામાં પણ પ્રવચન આપી ગયો. આ પુરસ્કારમાંથી ફરી એ બે પાંદડે થયો. આ સર્જક તે વિખ્યાત હાસ્યલેખક માર્ક ટ્વેઈન.

*

રશિયા એવો દેશ છે જ્યાં દર હજાર સ્ત્રીઓએ પુરુષોનું પ્રમાણ ઓછું છે. એક ગણતરી પ્રમાણે ત્યાં ૧૧૩૨ સ્ત્રીઓએ ૧૦૦૦ પુરુષો છે.

*

મોતીનાં ઘરેણાંને સુંવાળા ચામડાથી લૂછીને સાફ કરશો તો મોતી છૂટાં નહિ પડે.

*

ભોજન પછી નારંગી કે આમળાં જેવા ખટાશવાળાં ફળ, સફરજન અથવા કાચાં શાકભાજી ખાવાથી દાંતનું આયુષ્ય વધે છે.

*

કેલિફોર્નિયાની ઓવન્સ ખીણમાં સીએરા સોડા સ્ટ્રો નામે છોડ ઊગે છે. આ છોડની ડાળીઓ પોલી હોવાથી તે સોડા પીવાના કામમાં લેવાય છે.

*

ગણીતગમ્મત

ધારો કે તમે ત્રણ આંકડાવાળી એક સંખ્યા લો છો. (દા.ત. ૨૨૫) હવે તેને ઊલટાવો (૫૨૨), અને મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરો (૫૨૨ - ૨૫૫ = ૨૯૭). જે જવાબ આવે તેને ઊલટાવો અને એ બંને સંખ્યાનો સરવાળો કરો (૨૯૭ + ૭૯૨). શો જવાબ આવ્યો ? (૧૦૮૯). ત્રણ આંકડાવાળી કોઈ પણ સંખ્યા ધારીને આ રીતે કરતાં આ જ જવાબ (૧૦૮૯) આવશે.

*

એક ભિખારીને એક શેઠને કહ્યું, 'શેઠ, આ ગરીબને કંઈ મદદ કરો.'

શેઠે કહ્યું, 'આ મોટર સાફ કરી નાખ તો હું તને સહાય કરું.'

ભિખારીએ જવાબ આપ્યો, 'શેઠ, હું આપની પાસે ભીખ માગું છું, કામ નહિ.'

*

તુલસીનાં ચાર-છ પાન અને એક-બે મરી સવારે નરણે કોઠે ચાવીને ખાવાથી શિયાળામાં શરદીથી બચી શકાશે.

*

બેંગ્લોરના ફોટોગ્રાફર અને પત્રકાર શ્રી એસ. સત્યાનારાયણને અત્યાર સુધીમાં ફોટા અને લેખો માટે ૩૭૫થી પણ વધારે વાર સાભાર પરતના પત્રો મળ્યા છે !

*

સુકાઈ ગેયલી બ્રેડ ફેંકી ન દેતાં, તેનો કૂટીને કરેલો ઝીણો ભૂકો કટલેટ, પેટીસ વગેરે બનાવવામાં ખપ લાગશે.

*

જાણો છો કે લખેલા પ્રત્યેક અક્ષરનું વજન .૦૦૦૦૧૨૫ ઔંસ થાય છે ?

*

ચાવી વગરના ઘડિયાળ કરતાં જેને ચાવી આપવાની ન હોય તેવા ઘડિયાળનું વજન ઓછું હોય છે.

*

લંડનના પ્રાણીબાગમાંના એક સાપને કાચની આંખ બેસાડેલી છે.

*

ગાંડાઓ માટેની સૌથી મોટી હૉસ્પિટલ અમેરિકામાં ન્યૂ યૉર્કમાં લૉંગ ટાપુ પર આવેલી છે. આ હૉસ્પિટલમાં બાર હજાર આઠસો પાગલોને સમાવી શકાય છે.

*

દુનિયામાં સૌથી મોટો પુલ આફ્રિકામાં આવેલો 'લોઅર જમ્બેસ' છે. તેની લંબાઈ અગિયાર હજાર ત્રણસો બાવીસ ફુટ છે.

*

જાણો છો કે લોખંડ પર કાટ લાગવાથી તેનું વજન વધે છે ?

*

સૌથી વધુ વસતી કયા વિસ્તારમાં છે તે જાણો છો ? મકાઉમાં દર ચોરસ કિલોમીટરે ૨૮,૩૪૩ માનવી વસે છે.

*

સામાન્ય રીતે વાળંદ તરીકે પુરુષો કામગીરી બજાવે છે; પરન્તુ ફિન્લૅંડમાં આ કામગીરી સ્ત્રીઓ પણ કરે છે.

*

કલાકણિકા : બારમી સદીનું કાચનું એક શોભનયુક્ત જલપાત્ર.





પ્રાચીન ભારતીય નૃત્યની શિલ્પમાં અતિભંગ મુદ્રાનુ એક ઉત્તમ દૃષ્ટાંત